श्री ... सूरि ज्ञानमंदिर
... महावीर जैन आराधना केन्द्र, कोबा
गांधीनगर पिन-382009

શાસન સમ્રાટ વિજયનેમિસૂરિ-જીત-વિદ્યાનંદ પુષ્પાંક ૫ પાંચમું

卐 धर्मः प्रापि मयायतः शिवफलः कल्पद्रुतुल्योऽनघो 卐

सोऽयं श्री गुरु नेमिसूरि भगवान् बोधं विधत्तां मम

प्रकाम स्मृतिरेव मंगलकरी सर्वाघ संहारिणी

ॐ अर्हम्

પૂર્વ પુરૂષ પ્રણીત

# શ્રી પ્રાચીન છંદ સંગ્રહ

પ્રયોજક

શાસન સમ્રાટ્ આચાર્ય મહારાજ શ્રી ૧૦૮ વિજય-
નેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય રત્ન શાન્ત
મૂર્તિ મુનિશ્રી જીતવિજયજીના શિષ્ય રત્ન વિદ્વદ્વર્ય
મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી મહારાજ

વિક્રમ સં. ૨૦૦૨ મૂલ્યમ ૦-૧૨-૦ વીર સં. ૨૪૭૨

卐 श्री तीर्थंकर शासनैक रसिक सद्ब्रह्म सौभाग्यभृत् 卐

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

—: દ્રવ્ય સહાયક તથા પ્રકાશક :—

કીકાભટ્ટની પોલ જૈન ઉપાશ્રયના કાર્યવાહક

**શેઠ પૂંજાભાઈ દીપચંદ તથા શેઠ વીરચંદ મૂલચંદ**

ઠે. કીકાભટ્ટની પોલ મુ. **અમદાવાદ** (ગુજરાત)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ નમોઽર્હતે

# પ્રસ્તાવના

પૂજ્યપાદ મુનિરાજ શ્રી વિદ્યાનંદ વિજયજી મહારાજે સિદ્ધ થએલા કેટલાક પ્રાચીન છંદોનું સંગ્રહ કરી જન-ના હિતાર્થે બાહાર પાડવા પ્રયત્ન કર્યો છે તેથી તેમનુ ાર માનીએ છીએ. મુનિવરો આવી પ્રાચીન વસ્તુઓનુ હ કરી મનુષ્યોના હિતાર્થ માટે પ્રયત્ન કરતા રહે તેજ ારી પ્રાર્થના છે. વિશેષમાં મુનિશ્રીએ પ્રાચીન છંદ સંગ્રહ ા પુસ્તકના ફર્મા તપાસવા મને આપ્યા હતા ફર્માઓ . કેટલાક ઠીકાણે છંદોનું પ્રાસ મલતો નથી અને કેટલીક ણે ભાષામા પણ ફેરફાર જણાય છે પણ મહાપુરૂષોની હોવાથી શબ્દોમાં ફેરફાર કરવુ યોગ્ય લાગતું નથી તેથી ાર કરવામાં આવ્યો નથી, પૂજ્યપાદ મુનિવરો સાથે ારો લાંબા ટાઇમનુ પરિચય હોવાથી આ પુસ્તકની ટુંકમાં ાવના લખવા હું સાહસ કરૂં છું.

શ્રી જિનેન્દ્ર શાસન રસિકપ્રિય બંધુઓ! દરેક કોમાં શું શું વિષય જણાવેલ છે? છંદોના સંગ્રહરૂપ પુસ્તક છપાવાનુ શું કારણુ? સંગ્રહકાર કોણ છે વિગેરે ી બીના ટુંકમાં જણાવા માટે પ્રસ્તાવના ખાસ જરૂરી ય છે. બીજી રીતે એમ પણ કહી શકાય છે કે આખા નો ટુંકસાર જેમા કહ્યો તેજ પ્રસ્તાવના કહેવાય. જે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુસ્તક ઉપર પ્રસ્તાવના લખવાનિ હોય તે પુસ્તકની શરૂઆતમાં દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરવો જોઇએ તેમા ગ્રન્થકારે જણાવેલી બીના તરફ પણ ખાસ લક્ષ્ય દેવું જોઇએ. આજ પદ્ધતિએ લેખક પ્રસ્તાવના લખે છે. બુદ્ધિશાલી વાચક વર્ગને ઉપર જણાવેલી હકીકત ધ્યાનમાંજ હોય છે તેથી તે સરૂઆતમાંજ પુસ્તકની પ્રસ્તાવના વાચીને તેનુ રહસ્ય થોડા ટાઇમમા જાણી શકે છે.

ખાસ યાદ રાખવું જોઇએ કે પ્રસ્તાવના વિનાનો પુસ્તક અધુરો કહી શકાય-આથી રહેલાઈથી સમજી શકાય છે કે દરેક પુસ્તકની શરૂઆતમાં પ્રસ્તાવના હોવીજ જોઇએ. આ નિયમ પ્રમાણે આ પુસ્તકની સરૂઆતમાં પણ પ્રસ્તાવના રૂપે ગ્રન્થને લગતી બીના ટુંકામાં જણાવવી ઉચીત છે.

શ્રી જૈનેન્દ્ર શાસનમા થયેલા ઘણા પ્રાચીન મહાપુરૂષોએ મહા માંગલીક છંદોની પણ અપૂર્વ રચના કરી છે છંદોની રચના કરવાનુ કારણ શું ! તેના ઉત્તરમાં જણાવાનુ કે લઘુમતિવાલા માણસો સહેલાઇથી સમજી શકે તે કારણે છંદની રચના કરવામાં આવિ છે વલી મહા પ્રભાવશાલી શ્રી નવકારમંત્ર-તેમજ અંતરીક્ષપાર્શ્વનાથ સ્તંભન પાર્શ્વનાથ-જીરાવલ્લી પાર્શ્વનાથ-શંખેશ્વર પાર્શ્વનાથ આદિ તીર્થંકરના સ્મરણ માત્રથી અનેકના વિઘ્નો નાશ થયા છે તે શાસ્ત્રથી જાણી શકીએ છીએ માટે હે ભવ્યાત્માઓ ! સવારના ભાગમાં આવા મહા પ્રભાવશાલી તીર્થંકરના સ્મરણથી અનેક વિઘ્નો દુર થાય છે અને અનિકાચીત કર્મોનુ પણ ક્ષય થાય છે તેમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિચારી અહર્નિશ ધ્યાન કરવું તેજ ઉત્તમ છે—આ પુસ્તકમાં આપેલ કેટલાક છંદો પ્રસિદ્ધ થઇ ગયા છે અને કેટલાક અપ્રસિદ્ધ હોવાથી તેનુ લાભ ન મલી તે કારણથી મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મહારાજે પ્રાચીન પત્રમા લખેલ તેના ઉપરથી ઉત્તારો કરીને પ્રસિધિમા લાવ્યા છે તેથી ભવ્ય જીવોએ આ એક પુસ્તકથી લાભ લઇ શકે. છંદના નામ અનુક્રમણિકા ઉપરથી જાણી શકાશે.

આ ગ્રન્થના સંગ્રહકાર કોણ ! સકલ સિદ્ધાન્ત તર્ક; વ્યાકરણાદિ, વિવિધ શાસ્ત્ર, વાચસ્પતિ, ન્યાયપ્રભા, પ્રતિમા માર્તંડાદિ, અનેક ગ્રન્થ પ્રણેતા, તીર્થપ્રભાવક, અમૃતરસમય દ્રષ્ટિથી પરોપકારૈકશીલ સમારાધિત વિદ્યાપીઠાદિ પંચ પ્રસ્થાનમય શ્રી સૂરિમંત્ર, જંગમયુગ પ્રધાન કલ્પ, પ્રૌઢ પ્રભાવશાલિ અનેક તીર્થોદ્ધારક આબાલ્ય બ્રહ્મચારિ, શાસન સમ્રાટ જગદ્ગુરૂ આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્યરત્ન શાન્ત મૂર્તિ, વિનેય ગુણ સંપન્ન મુનિરાજ શ્રીજીત વિજયજી મહારાજના શિષ્ય રત્ન મુનિશ્રી વિદ્યાનંદ વિજયજી છે.

આ બુક છપાવામાં મદદ આપનાર શ્રી કીકાભટ્ટની પોલના ઉપાશ્રયના કાર્યવાહકો તથા બીજા ગ્રહસ્થો તરફથી મદદ મલી છે તે ભાગ્યશાલીઓના નામ આ બુકમાં દાખલ કરવામાં આવ્યા છે મદદ આપનાર ભાગ્યશાલી આત્માઓનું અમો આભાર માનીએ છીએ. અને ભાગ્યશાલીઓ આવા ઉત્તમ પુસ્તક પ્રકાશન માટે હર હમેશ લાભ લેતા રહે તેજ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમારી પ્રાર્થના છે. આ બુકમાં છંદ દોષ-દ્રષ્ટિ દોષ—અથવા પ્રેસ દોષથી કંઇ પણ અશુદ્ધિ, રહેવા પામી હોય તો પુણ્યાત્માઓ જણાવા કૃપા દ્રષ્ટિ કરે જેથી બીજી આવૃતિમાં સુધારો કરવામાં આવશે—અંતે આ બુકના વાંચનથી ભવ્ય જીવો આત્મ શુદ્ધિ મેલવી અવ્યાબાધ મોક્ષનુ સુખ પામે ! એજ હાર્દિક ભાવના.

લી૦
શ્રમણોપાસક
**નથમલ—બનોરિયા**
ઉદયપુર (મેવાડ)

Serving JinShasan
014812
gyanmandir@kobatirth.org

## આ પ્રાચીન છંદ સંગ્રહ પુસ્તક માટે મદદ આપનાર ભાગ્યશાળીઓના નામ.

૪૦૦) શ્રી ડીકાભટ્ટની પોલના ઉપાશ્રયના કાર્યવાહકો તરફથી અમદાવાદ.

૫૦) શેઠ મુલચંદ જેવંતરાજભાઈ હા. મુલતાનમલજી જેઠમલજી ધાણેરાવવાલા (મારવાડ)

૩૧) વોરા રાઘવજી વિઠલજી — માવજીંજવાવાલા.

૨૫) વોરા દેવચંદ રામજી — માવજીંજવાવાલા.

૨૧) વોરા જેચંદ રામજી — માવજીંજવાવાલા.

૨૫) શા. રતિલાલ વસરામજી — સોરઠ રાણપુરવાલા.

૨૫) કોરડિયા કેશવજી શામજી હા. અમૃતલાલ કેશવજીભાઈ સોરઠ રાણપુરવાલા.

૧૧) શા. રાયચંદ વાલજી ખારચીયાવાલા હસ્તે જગુભાઈ

૫૮૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



શ્રી મહાવીર સ્વામિને નમઃ



શ્રી ગૌતમ સ્વામિને નમઃ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વતંત્રસ્વતંત્ર-શાસનસમ્રાટ્-સૂરિચક્રચક્રવર્તિ-જગદ્ગુરૂ તપાગચ્છાધિપતિ
જંગમયુગપ્રધાનકલ્પ તીર્થોદ્ધારક પ્રૌઢપ્રભાવશાલિ ભટ્ટારક

## આચાર્ય મહારાજાધિરાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરઃ



જન્મ સં. ૧૯૨૯ કા. શુ. ૧ મહુવા. દીક્ષા ૧૯૪૫ જેઠ શુ. ૭ ભાવનગર
ગણિપદ ૧૯૬૦ કાર્તિક વદ ૭ વળા (વલ્લભીપુર) પન્યાસપદ ૧૯૬૦
માગ. શુ ૩ વળા (વલ્લભીપુર) આચાર્યપદ ૧૯૬૪ જેઠ શુ. ૫ ભાવનગર.

Mahendra P Press : Ahmedabad.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમણિકા.


| વિષય | કર્તા | પાનું |
|---|---|---|
| ૧ શ્રી નવકાર મંત્રનો છંદ | પ્રિતવિમલજી મા. | ૧ |
| ૨ ,, ,, | લાભકુશલ વાચક મા. | ૨—૪ |
| ૩ શ્રી આદીશ્વર જિન છંદ | લાવણ્યસમયજી મા. | ૪—૮ |
| ૪ શ્રી સંભવ જિન વિજ્ઞપ્તિ છંદ | | ૮–૧૦ |
| ૫ શ્રી શાન્તિનાથ જિન છંદ | ગુણસાગરજી મા. | ૧૦–૧૨ |
| ૬ ,, ,, ,, | ઉદેવાચકજી મા. | ૧૨–૧૩ |
| ૭ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ છંદ | લાવણ્યસમયજી મા. | ૧૪–૧૭ |
| ૮ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ છંદ | ,, ,, | ૧૭–૨૨ |
| ૯ ,, ,, ,, | ભાવવિજય વાચક મા. | ૨૨–૨૯ |
| ૧૦ ,, ,, ,, | આનંદવર્ધનજી મા. | ૩૦–૩૧ |
| ૧૧ શ્રી ગૌડી પાર્શ્વનાથ છંદ | કાંતિવિજયજી મા. | ૩૨–૪૧ |
| ૧૨ ,, ,, ,, | ,, | ૪૨–૪૬ |
| ૧૩ ,, ,, ,, | જીતવિજયજી મા. | ૪૭–૫૧ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | કર્તા | પાનું |
|---|---|---|
| ૧૪ શ્રી ગૌડી પાર્શ્વનાથ છંદ | ઉદયરત્નજી મા. | ૫૧–૫૨ |
| ૧૫ ,, ,, ,, | ,, ,, | ૫૨–૫૩ |
| ૧૬ શ્રી પાર્શ્વનાથ છંદ | લબ્ધિ રૂચી મા. | ૫૩–૫૬ |
| ૧૭ ,, ,, | મોહનસાગર મા. | ૫૬–૫૮ |
| ૧૮ ,, ,, | સમયસુન્દરજી મા. | ૫૮ — |
| ૧૯ શ્રીપાર્શ્વનાથ ૧૦૮ નામનો છંદ | ખુશાલ વિજયજી મા. | ૫૯–૬૩ |
| ૨૦ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ | ઉદયરત્નજી મા. | ૬૩–૬૪ |
| ૨૧ ,, ,, ,, | ,, | ૬૪–૬૫ |
| ૨૨ ,, ,, ,, | જીતવિજયજી મા. | ૬૫–૬૭ |
| ૨૩ ,, ,, ,, | મેઘરાજજી મા. | ૬૮–૬૯ |
| ૨૪ ,, ,, | જસવિજયજી મા. | ૬૯–૭૧ |
| ૨૫ ,, ,, | ,, ,, | ૭૨–૭૩ |
| ૨૬ ,, ,, | નેમવાચકજી મા. | ૭૩–૭૫ |
| ૨૭ શ્રી વીર સ્વામિનો છંદ | પુન્ય ઉદયજી મા. | ૭૫–૭૭ |
| ૨૮ શ્રી ચોવીશ જિનેશ્વર છંદ | નયવિમલજી મા. | ૭૭–૮૩ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | કર્તા | પાનું |
|---|---|---|
| ૨૯ શ્રી જિનેશ્વરના ચોત્રીશ અતિશય છંદ. | મતિલાભ મા. | ૮૩–૮૪ |
| ૩૦ શ્રી પંચ પ્રભુ છંદ | ઉદયવાચકજી મા. | ૮૪–૮૬ |
| ૩૧ શ્રી ગૌતમાષ્ટક છંદ | લાવણ્યસમયજી મા. | ૮૬–૮૭ |
| ૩૨ શ્રી ગૌતમ સ્વામીનો છંદ | જસવિજય મા. | ૮૭–૮૯ |
| ૩૩ ,, ,, | કવિ રૂપચંદ મા. | ૮૯ |
| ૩૪ ત્રેસઠ શલાકાનો છંદ | ,, ,, | ૯૦–૯૧ |
| ૩૫ શ્રી સોલ સતીનો છંદ | ઉદયરત્ન ,, | ૯૨–૯૩ |
| ૩૬ શ્રીમાણિભદ્રનો છંદ | ઉદયકુશલ ,, | ૯૩-૯૭ |
| ૩૭ ,, | શીલકીર્તિ ,, | ૯૭–૯૯ |
| ૩૮ શનિશ્ચરનો છંદ | લલિતસાગર ,, | ૯૯–૧૧૦ |
| ૩૯ ,, ,, | ,, ,, | ૧૧૦–૧૧૩ |
| ૪૦ ,, ,, | ( ) | ૧૧૩–૧૧૫ |
| ૪૧ સરસ્વતી માતાનો છંદ | કવિ–શાન્તિ કુશલ ,, | ૧૧૫–૧૧૯ |
| ૪૨ ,, ,, | ( ) | ૧૧૯–૧૨૩ |
| ૪૩ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ | નય વિજય ,, | ૧૨૩–૧૨૬ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| વિષય | કર્તા | પાનું |
|---|---|---|
| ૪૪ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ | લબ્ધિ રૂચી મા. | ૧૨૬–૧૩૨ |
| ૪૫ ,, ,, ,, | શીલમુનિ ,, | ૧૩૨–૧૩૮ |
| ૪૬ શ્રી પંચાંગુલી દેવી છંદ | (          ) | ૧૩૮–૧૪૧ |
| ૪૭ શ્રાવક કરણી છંદ | જીનહર્ષ મા. | ૧૪૧–૧૪૪ |
| ૪૮ જ્ઞાનબોધનો છંદ | પં. લક્ષ્મીવિજય ,, | ૧૪૪–૧૪૫ |
| ૪૯ તાવનો છંદ | કાન્તિ વિજય ,, | ૧૪૬–૧૪૭ |
| ૫૦ જીવદયાનો છંદ | વિવેકચંદ ,, | ૧૪૮–૧૫૦ |
| ૫૧ દેશાન્તરી છંદ | વિપાસકવિ ,, | ૧૫૧–૧૫૬ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રાચીન છંદ સંગ્રહ

સમર રે જીવ નવકાર નિત્ય સ્નેહશું, અવર કાં આલ-પંપાલ જંખે; વર્ણ અડસઠ નવકારના નવપદ, સંપદા આઠ અરિહંત ભાખે. ॥ ૧ ॥ શત્રુંજય તીર્થ સમ તીર્થનકો ભજંત, વયણ વીતરાગ સમ કોન કહેશે; મંત્ર નવકાર સમ મંત્ર જપો ન કો, આદિને અંત હુવો ન હોશે. ॥ ૨ ॥ આદિ અક્ષર[૧] નવકાર તે નરકના, સાત સાગર ટલે નહીં અધુરી; એક પદ[૨] ઉચ્ચરે દુરિત દુરિયા ટલે, સાગર આયુ પચાસ પૂરી. ॥ ૩ ॥ સયલ પદ સમરતાં પાંચસો સાગરા, સહસ્ત્ર ચઉપન્ન નવકાર વાલી; હર્ષ ધરી એક સો આઠ નવકાર ગણે, પંચ લક્ષ સાગર નરકાયુ ટાલી. ॥ ૪ ॥ લાખ એક જાપ જિન પૂજી પૂરો જપે, પદવી પામે અરિહંત કેરી; અશોક તરૂવર તલે બાર પર્ષદા મલે, ગડગડે ગગન ભેરી ન ફેરી. ॥ ૫ ॥ આઠસો આઠ વલી આઠ સહસાવલી, આઠ લખ્ખાવલી આઠ કોડી; મુક્તિ લલનાવરે પ્રીત વિમલ કહે, આપણા કર્મ આઠે વિછોડી. ॥ ૬ ॥

ઇતિ શ્રી નવકાર મંત્રનો છંદ સંપૂર્ણ.

---

૧ પહેલો એક અક્ષરજ. ૨ આખું પહેલું પદ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી નવકાર મંત્રનો છંદ

## દુહા

વંછિત પુરે વિવિધ પરે, શ્રી જિન શાસન સાર; નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જય જયકાર. ॥ ૧ ॥ અડસઠ અક્ષર અધિક ફલ, નવપદ નવે નિધાન; વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પ્રમેષ્ટિ પ્રધાન. ॥ ૨ ॥ એકજ અક્ષર એક ચિત્ત, સમર્યા સંપત્તિ થાય; સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય ॥ ૩ ॥ સકલ મંત્ર શીર મુકુટ મણિ, સદગુરૂ ભાષિતસાર; સોભવિયાં મન શુદ્ધ શું નવકાર થકી શ્રીપાલ; નરેશર પામ્યો રાજ્ય પ્રસિદ્ધ. ॥ ૪ ॥ શ્મશાન વિસે શિવ નામ કુમરને, સોવન પુરિસો સિધ્ધ, નવલાખ જપંતા નરક નિવારે, પામે ભવનો પાર; સોભવિયા ભકતે ચોકખે ચિતે, નિત્ય જપીએ નવકાર. ॥ ૫ ॥ બાંધી વડશાખા શિંકે બેસી, કીધો કુંડ હુતાશ, તસ્કરને ચિત્તે મંત્ર સમર્પ્યો, ઉડયો તે આકાશ; વિધિ રીતે જપતાં અહિ વિષટાલે, ઢાલે અમૃત ધાર. ॥ ૬ ॥ બીજોરા કારણ રાય મહાબલ, વ્યંતર દુષ્ટ વિરોધ; જેણે નવકારે હત્યા ટાલી, પામ્યો યક્ષ પ્રતિબોધ, નવલાખ જપંતા થાયે જિનવર, ઇસ્યો છે અધિકાર. ॥ ૭ ॥ પલ્લીપતિ શિખ્યો મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધ, પરભવ તે રાજસિંહ પૃથ્વીપતિ, પાંમ્યો પરિગલ રિદ્ધ, એ મંત્ર થકી અમરાપુર પહોતો, ચારૂદત્ત સુવિચાર. ॥ ૮ ॥ સન્યાશી કાશી તપ સાધતો, પંચાગ્નિ પરજાલે; દીઠો શ્રીપાસ કુમારે પન્નગ, અધબલતો તે ટાલે, સંભલાવ્યો શ્રી નવકાર સ્વયંમુખ, ઇન્દ્ર-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભુવન અવતાર. ॥ ૯ ॥ મનશુદ્ધે જપતા મયણસુંદરી, પામી પ્રિય સંયોગ; ઇણે ધ્યાન થકી ટલ્યો કુષ્ટ ઉબરનો, રકત પિતનો રોગ, નિશ્ચે શું જપતા નવ નિધિ થાયે, ધર્મ તણો આધાર. ॥ ૧૦ ॥ ઘટ માંહી કૃષ્ણ ભૂજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત, પરમેષ્ટિ પ્રભાતે હાર પુલનો, વસુધા માહી વિખ્યાત; કમલાવતીએ (કલાવતીએ) પિંગલ કીધો, પાપતણો પરિહાર. ॥ ૧૧ ॥ ગયણાં ગણુ જાતી રાખી અહિને, પાડી લાણુ પ્રહાર, પદપંચ સુણુતા પાંડુ પતિઘર, તે થઇ કુંતાનાર, એ મંત્ર અમુલખ મહિમા મંદિર, ભવદુઃખ ભંજણહાર. ॥ ૧૨ ॥ કંબલ સંબલે કાદવ કાઢયો, શકટ પાંચશે માન, દીધે નવકારે ગયા દેવલોકે, વિલસે અમર વિમાન, એ મંત્ર થકી સંપતિ વસુધા લહી, વિલસે જૈન વિહાર ॥ ૧૩ ॥ આગે ચોવિશી હુઇ અનંતી, હોશે વાર અનંત, નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત, પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યા સંપત્તિ સાર. ॥ ૧૪ ॥ પરમેષ્ટિ સુરપદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર, પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખો, મણિધર ને એકમોર; સદ્‌ગુરૂ સન્મુખ વિધિએ સમરતા, સફલ જનમ સંસાર. ॥ ૧૫ ॥ શુલિકારોપણ તસ્કર કીધો લોહખુરો પરસિદ્ધ, તિહાંશેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની રિધ્ધ, શેઠને ઘર આવિ વિઘ્ન નિવાર્યા, સુરેકરી મનોહાર. ॥ ૧૬ ॥ પંચ પરમેષ્ટિ જ્ઞાનજ પંચહ, પંચદાન ચારિત્ર; પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત, પંચ પ્રમાદ વિષય તજો પંચહ, પાલો પંચાચાર. ॥ ૧૭ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## કલશ—છપ્પય.

નિત્ય જપીએ નવકાર, સાર સંપતિ સુખ દાયક; સિદ્ધ મંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક; શ્રી અરિહંત સુસિદ્ધ, શુધ્ધ આચાર્ય ભણીજે; શ્રી ઉવજ્ઝાય સુસાધુ, પંચ પરમેષ્ટિ થુણીજે; નવકાર સાર સંસાર છે, કુશલ લાભ વાચક કહે એક ચિતે આરાધતા, વિવિધ રીતે વાંછિત લહે. ॥ ૧૮ ॥

॥ ઇતિ નવકાર મંત્રનો છંદ સમાપ્ત. ॥

## શ્રી આદીશ્વર જિન છંદ.

જય જય પઢમ જિણેસર અતિ અલવેસર, આદેસર ત્રીભુવન ધણીએ; સવહું સુખ કારણ સુણુ ભવ તારણ, વિનતડી સેવક તણિએ. ॥ ૧ ॥ આદેસર અરિહંત અવધારો, કૃપા કરી સેવકને તારો; તું ત્રીભુવન પતિ તાત અમારો, ભવસાગર ડુબંતા નિવારો. ॥ ૨ ॥ હું ભમિયો ભવ કોડા કોડી, તાહરી ભગતિ મેં કીધિ થોડી; તત્વ તણી મેં વાત વિખોડી, પાપ તણી મે લક્ષ રાશી જોડી. ॥ ૩ ॥ રલિયો નિગોદ અનંતો કાલ, સુક્ષ્મ બાદર એહજ ઢાલ; તું પ્રભુ જીવ દયા પ્રતિપાલ, કર કર સ્વામી સાલ સંભાલ. ॥ ૪ ॥ પૃથ્વી પાણી તેઉ વાય, સાત સાત લાખ તે કેવાય; વણસઇ દસ લખ બાદર માહે, ચૌદ લાખ અનંતિ કાલે. ॥ ૫ ॥ બીતી ચોરંદ્રિ દો દો લખ, તીર્યંચ પંચેન્દ્રિ ચૌદ લખ ભાખ; સુર નર ગૈયા ચૌ- ચૌ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાખ, ચૌદ લાખ મણુઆ તણિ દાખ. ॥ ૬ ॥ જીવા જોયણ લાખ ચૌરાશી, તે પ્રભુ જાત્ય યોવી પ્રકાસી; મેં જોયુ મન માંઇ વિમાસી, તે મે વાર અનંતિ અભ્યાસી. ॥ ૭ ॥ સ્વામી ચઉદે રાજ સપુર્યા, સુક્ષમ બાદર પુદ્‌ગલ પુર્યા; વાર અનંતિ મે પ્રભુ પુર્યા, કેતા કર્મ અસંભત્ર ચૂર્યા; ॥ ૮ ॥ ફોકટ કીધા મે ભવ ફેરા, ચરણ ન ભેટયા જિનવર કેરા; દીઠા દેવ અનેક અનેરા, કાઇ કાજ ન સિધા મેરા ॥ ૯ ॥ ઇમ ચઉગતી હું રલીયો, તું પ્રભુ મલીયો સદ્‌ગુરૂ સાચો; ભેદ કયો જીનશાસન જાણી, હયડે આણી મુકિત તણો મેં મારગ લીધો. ॥ ૧૦ ॥ દેશ અનારજ હું અવતરીયો, પાપે પીણ્ડ ઘણી પરે ભરીયો; ધર્મ તણો લવલેશ ન ધરીયો, ચોઉગતિ માહે હું દુઃખે ભરીયો. ॥ ૧૧ ॥ દુલહો આ રજદેશ અવાજા, કુલ મોટો મન દુલહો દીવાજા; ઉત્તમ જાત દુલહો જીન રાજા, દુલહો પાચે ઇન્દ્રિય સાજા. ॥ ૧૨ ॥ દુલહો દેહ લઇ નિરોગી, દુલહો ચીરંજીવિનો જોગ; દોહિલો સદ્‌ગુરૂ તણો સંજોગ, દોહિલો ઘરમા લક્ષ્મીનો જોગ. ॥ ૧૩ ॥ દોહિલો સાચો ધર્મ સુણેવો, દોહિલો ધર્મ તણો મન ધરવો; દોહિલો પાપ તણો પરહરવો, દોહિલો ધર્મ શરીરે કરવો. ॥ ૧૪ ॥ સમકિત વિણ હું અતિ રલવલીયો, મુઢપણે મિથ્યા મતિ પડીયો; જીમ યોગી કર મંકડ ચડીયો, કરમ નટાવે તીમ હું નડીયો. ॥ ૧૫ ॥ ધર્મ કરૂં ચીઉ મનમાંઈ, આલસ વૈરી આડો થાએ; પાણી પરો કરી ન સગાય, જન્મ દિવસ એમ એલો જાઇ. ॥ ૧૬ ॥ આરત ન ટલી એકે વાર (ચાર), જન્મ મરણ વીચ

એક લગાર; ભવસાગર હું ભમીયો અપાર, તુજ વિણ સ્વામી કહો કુણ તારે. ॥ ૧૭ ॥ ઘર-ઘરણી ને ભારે જુતો, આગે જન્મ મરણ વીગુતો; મોહ માયા નિંદ્રાભર સુતો, પાપ કરમ કરી કાદવ ખુતો ॥ ૧૮ ॥ બાલપણે ક્રિડા રસ હું તો, યૌવન વય યુવતી મુખ જુતો; વડપણ વ્યાધ ઘણી ભોગવતો, ધર્મ હીન ભવ એમ જોગવતો. ॥ ૧૯ ॥ નવ રસ રાતો મદભર માતો, કરતો ભક્ષ અભક્ષ ઘણા; પાતિક ન વિટાલ્યા અંગ વિટાલ્યા, વચન ન પાલ્યા સ્વામી તણા. ॥ ૨૦ ॥ ત્રસના તરૂણી નવી ઉલાઈ, લાભે લોભે ઘણેરા થાય; સત્ય વચન નર ઘર મન માહે, ખીણ ખીણ કર્મ અધિક બંધાય. ॥ ૨૧ ॥ મહિયલ ડુંગર મેરૂ સમાન, તેથી અધિક આરોગ્યા ધાન; સાયર સલીલ અધિક જે માન, મે પીધા માતાના સ્તન. ॥ ૨૨ ॥ મે માનવ ભવ દેવ પુરાણે, સુખ ભોગવીઆજે મન માને; રંગ રમાડયા છાનેમાને, તોહે પ્રાણી ત્રુપ્તી ન પામે. ॥ ૨૩ ॥ જગ જીવ લોક હો કીમ સંતોષુ, એ કાયા કહો કીણિ પરે પોષુ; જીનપદ નામજી વારે ગોષુ, તપ-જપ કાય તીવારે સોષુ. ॥ ૨૪ ॥ તવ બોલે પ્રાણી મુજ પ્રાઈ, ભુખ-ત્રસ-ભાવઠ ન ખમાઇ; ધર્મ ભણી ધુર વીત ન જાઇ, પરવસ દુઃખ ઘણા સેવાઇ. ॥ ૨૫ ॥ પ્રગટ પ્રેમદા પ્રેમ દેખાડે, મોહ પાસ મુજ ફરી ફરી પાડે; કામ-ક્રોધ મુજથી માન સમાડે, વિનય-વિવેક-વિચાર ન જાણે. ॥ ૨૬ ॥ વિષયા રસ વાયો પર નારા, તેણ કરમે સદ્ગતિ નીવારિ; મે જીન જીવ દયા વિસરી, એમ હું ગયો ઘણા ભવ હારી. ॥ ૨૭ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દાતા ગુણ મુજ મોહન મંડે. કૃપણપણુ મુજ કેડ ન છંડે; આવે મદ મયંગલ મુજ ડંડે, માયા સાયણ દસ વાહીડે. ॥ ૨૮ ॥ કહિ તો કરે પર ધન મુજ લેતા, અણખ (ષ) હુંતી ઘરમે ધન દેતા; કિધા કર્મ જિનેશ્વર જેતા, તું ત્રીભુવન પતિ જાણે તેતા. ॥ ૨૯ ॥ રાજ્ય ઋદ્ધિ રામાસુ રાતો, ધન કણ કંચન યૌવન મદમાતો; ધન ભણી ધાવા ધુર જાતો, અનેક દેશ વિદેશ કમાતો. ॥ ૩૦ ॥ દેશ વિદેશ જઇ ધન લાવ્યા, મોટા મંદિર હાટ કરાવ્યા; ઘરની કારણ ઘાટ ઘડાવ્યા, ધર્મ સ્થાન કે ધનકામ ન આવ્યા. ॥ ૩૧ ॥ વ્યાજ વટંતર ડોઢ સવાઇ, કરતા કિધી કોડ કમાઇ; સાત વિસન સેવ્યા દ્રઢ થઈ, ધર્મ-કર્મ-કાઈઠાં જન આઈ. ॥ ૩૨ ॥ સ્વામી-સગા-સહોદર વંચી, અર્થ અનેક એણી પરે સંચી; ધર્મ ન કિધો મે રોમાંચી, ભાવ સહિત પ્રભુ પાય ન અંચી. ॥ ૩૩ ॥ પ્રગત સાત ક્ષેત્ર ન પોષ્યા, સુકૃત તણા સ્થાન સવિ શોષ્યા; સદ્‌ગુરૂગરૂણી નવી સંતોષ્યા, કહોને સ્વામી હવે કીંમ હોસે. ॥ ૩૪ ॥ લોભ લગે મે પરધન લિધા, સંપત સારૂં દાન ન દિધા; પાપ કર્મ મને જડપી લિધા, સુકૃત અમૃત પર ઘલ નવિ પીધા, ॥ ૩૫ ॥ પચ્ચખાણ પૌષધ અનુસરતા, સામાયિક પડિકમણુ કરતા; સંજમ ધ્યાન ધર્મનો ધરતા, ન રહ્યા મન સવિ નિશ્ચલ ન રતા. ॥ ૩૬ ॥ નાભિ નરેશ્વર નંદન કહીએ, માતા મરૂ દેવા ઉર લહીએ; કિધા કર્મ કહીએ કિમ્ સ્વામી, ધ્યાન તમારો હું શીર નામી. ॥ ૩૭ ॥ જીમ જહલ મોરા ચંદ ચકોરા, દીન કર વંછે કમલ વનં; યોગી સંધ્યાને ઉત્તમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માને, તીમ હું દર્શન આદ્દી જીણુંદ. ॥ ૩૮ ॥ આજ ભયો માનવ ભવ મીઠો, સુભ ચીત્તે આદેશ્વર દીઠો; દુઃખ દારિદ્ર સર્વે જાયે ભાગી, જો આદેશ્વર ચરણે લાગે. ॥ ૩૯ ॥ મુગતમણી મે મચુ લાધુ, આદેશ્વર સુ જો મન બાંધુ; હું અપરાધિ છું પ્રભુ ગાઢો, તોહી બોલ દેઓ મુજ ટાઢો ॥ ૪૦ ॥ છોરૂ હોઇ કછોરૂ કોઇ, માય તાય સાસેવુ તોએ; કોઈ નહિ મૂરખ મુજ સરખો; કાલા વંચન સુણીને હરખો. ॥ ૪૧ ॥ બાલુડો જેમ બોલે વાણી, માય તાય મુજ અમી અસમાણી; તુ ઠાકુંર તુ માયજ બાય, જન્મ-જન્મ મુજ લાગા પાય. ॥ ૪૨ ॥ તેહ તણો ટાલો સંતાપ, જીમ કાંયા અજુઆલુ આપ; ભવોભવના ટાલો સંતાપ, કેવલ જ્ઞાન તણી દ્યો છાપ. ॥ ૪૩ ॥ રાજ ઋદ્ધ નવી માગુ સ્વામી, મુનિ લાવણ્ય સમયે શીર નામી; સેવક માંહે સમોટો થાય, આદેશ્વર અવિચલ પદ આય. ॥ ૪૪ ॥ પનર છાસઠે આદિ જીન તુઠે, વિનતડી સેવક તણીયે; આસોજ માસ દશમી દાહડે, મુનિ લાવણ્ય સમય ભણીયે. ॥ ૪૫ ॥

॥ ઇતિ શ્રી આદીશ્વર જિન છંદ સમાપ્ત. ॥

## શ્રી સંભવ જિન વિજ્ઞપ્તિ છંદ

સુણો સંભવ સ્વામી અરદાસ મોરી, લહી ભાગ્યથી આજમે ભેટ તોરી; મહા પુણ્યના પૂરથી નાથ પાયો, હવે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાટ ભવ દુષ્ટ દુરે ન શાયો; ॥ ૧ ॥ ગયો કાલ બાલપણામાં અનંતો, વસ્યો મોહની આણમા હુ ભમંતો; દેખી મુખ તાહરૂં થયો ઉજમાલ. લહ્યો ધર્મનો આજ તારૂણ્ય કાલ; ॥ ૨ ॥ મિલ્યો ચર્મ આવર્ત મોટો સખાઇ, પડયો પાતલો મોહમાહા દુઃખદાઇ; ગ્રંથિ ભેદની તત્વની દ્રષ્ટિ પાઇ; પ્રભુ ઓલખ્યો તું અમોહી અમાહી; ॥ ૩ ॥ મેટયો આજ મિથ્યાત્વનો અંધકાર, થયો શુદ્ધ સમ્યકત્વનો જ્ઞાતકાર; રહ્યા વેગલા કાઠિયા કર્મ કાઠા, અનંતાનું બંધી સવેદુરનાઠા; ॥ ૪ ॥ હવે ઉલ્લસી આપથી યોગ શકિત, જાગી ચિત્તમા તાહરી જોર ભકિત; ગયો આપ આપે સહુ ભર્મજાલ, ભણ્યો દેવતું એક જગમા દયાલ; ॥ ૫ ॥ થયું સમરસે ચિત્ત શીતલ સુચંગ, ભલી વાસના સેહેજ સંવેગ રંગ; ગયો તાપ નિઃપાપ મારગ નિહાલી, મિલી ચેતના સહચરી મહારસાલી; ॥ ૬ ॥ મિલ્યા સત્ય સંતોષ આદે સુમિત્ર, શુભ ધ્યાન કલ્લોલ વાધ્યા વિચિત્ર; થયો ગોપદ પ્રાય સંસાર સિંધુ, વશ્યો તું મન મંદિરે વિશ્વબંધુ; ॥ ૭ ॥ જીહા ગરૂડ તિંહા નાગનો નહિં પ્રચાર, સમય દાવ આવે તિહામેઘ ધાર; દેખી કેસરી ગજઘટા દૂરે નાસે, તુજ ધ્યાનથી તેમ સંસાર ત્રાસે; ॥ ૮ ॥ પ્રભુ તું મલ્યાથી હવે હું સનાથ, કૃપાનાથ તે જન્મ કીધો કૃતાર્થ; ટલી આપદા સંપદા સર્વ આવી, પ્રભુ તાહરી ભકિત જો ચિત્તભાવી; ॥ ૯ ॥ વિરાજો મહારાજ જો મુજમન, ન માંગુ પછે તેહથી કાંઈ અન્ય; ગ્રહ્યો બાંહિતો છેહ દેવો ન જિહારે, મહાપુરૂષ તે શરણે આવ્યા સુધારે; ॥ ૧૦ ॥ ઘણું શું કહું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વામી સર્વજ્ઞ આગે, તથાપિ પ્રભુને કહું ભક્તિરાગે; એભેદે મિલ્યો ખીરને જિમનીર, જેહથી હંસનુ ચિત્ત સાથે સુધીર; ॥ ૧૧ ॥

॥ ઈતિ શ્રી સંભવજિન વિજ્ઞપ્તિ છંદ સમાપ્ત. ॥

## શ્રી શાન્તિનાથ જિનનો છંદ.

સારદમાયનમું શીરનામી, હું ગાવું ત્રિભુવન કો સ્વામિ શાન્તિ અશાન્તિ જપે સબ્ર કોઈ, તા ઘર શાંન્તિ સદા સુઃખ હોઈ; ॥ ૧ ॥ શાન્તિ જપીને કીજે કામ, સોએ કામ હોએ અભિરામ; શાન્તિ જપી પરદેશ સિધાવે; તે કુશલે કમલા લઇ આવે; ॥ ૨ ॥ ગર્ભ થકી પ્રભુમાર નિવારી, શાન્તિજિ નામ દીઉ માય તારી; જે નર શાન્તિ તણા ગુણગાવે, ઋધ્ધિ અચીન્તી તે નરપાવે; ॥ ૩ ॥ જા નરકુ પ્રભુ શાન્તિ સખાઇ, તા નરકું કહાઆર તમાઇ; જે કછુ વંછે સોએ પુરે, દારિદ્ર દુઃખ મિથ્યામતિ ચૂરે; ॥ ૪ ॥ અલખ નિરંજન જ્યોત પ્રકાશી, ઘટ ઘટ અન્તર અંતર કે પ્રભુ વાસી; શાન્તિ સરૂપ કચો નવિજાએ, કહેતા મુજ મન અવરિજ થાએ; ॥ ૫ ॥ ડારદીઇ સબહી હથિયાર, જીત્યા મોહતણા દલસાર; નારી તજી શીવ સુરંગ રાવે, રાજ તજ્યુ પણ સાહેબ સાચે; ॥ ૬ ॥ મહા બલવંત કહી જે દેવ, કુંજર કુંથુન એક હણેવ; ઋદ્ધિ સહુ પ્રભુપાસ લહી જે; ભિક્ષુ આહારી નામ કહી જે; ॥ ૭ ॥ નેદક પૂજ કહી સમ ભાયક, પણ સેવક કું સદા સુખદાયક;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તજી પરિગ્રહ ભજે જગનાયક, નામ અતીથિ સબહી વિધિ લાયક; ॥ ૮ ॥ શત્રુ મિત્ર સવચિત ગણી જે, નામ દેવ અરિહંત ભણીજે; સયલ જીવ હિતવંત કહી જે, સેવક જાણીને મહાપદદીજે; ॥ ૯ ॥ સાયર જે સાહો એ ગંભીરા, દોષ એક ન માહે શરીરા મેરૂં અચલ જિન અંતરજામી; પણ ન રહે પ્રભુ એકણ ઠામી; ॥ ૧૦ ॥ લોક કહે પ્રભુજી સવ્વ દેખે, પણ સ્વપ્ને કદી ન વિપેખે; રીસવિના બાવિશ પરિસહ, સેના જીતિ તે જગદીશ; ॥ ૧૧ ॥ માન વિના જગઆણ મનાવે, માયા વિના સવ્વ તું મનલાવે; લોભ વિના ગુણરાસ ગ્રહીજે, ભિક્ષુપણ ત્રિગડો સેવિજે; ॥ ૧૨ ॥ નિગ્રંથપણે શીર છત્ર ધરાવે, નામ જતી પણ ચમર ઢલાવે; અભય દાન દાતા સુખકારણ, આગલ ચક્ર ચાલે અરિદારણ; ॥ ૧૩ ॥ શ્રી જિનરાજ દયાલુ ભણીજે, કર્મ સબહીકા મુલ ખણીજે; ચોવિહ સંઘજ તીરથ થાપે, લછ ઘણી દેખે નવિઆવે; ॥ ૧૪ ॥ વિનયવંત ભગવંત કહાવે, ન કિશીકો તું શીષ નમાવે; અકિંચન કો વિરૂધ ધરાવે, પણ સોવન પંકજ પગટાવે; ॥ ૧૫ ॥ તજી આરંભ નિજ આતમ ધ્યાવે, પણ સિવરમણી સુચીત્ત લાવે; રાગ નહિ સેવકકુ તારે, દ્વેષ નહિ નિગુણા સંગવારે; ॥ ૧૬ ॥ તારો મહિમા અદ્ભુત કહીએ, તારા ગુણનો પાર ન લહીએ; તું પ્રભુ સમરથ સાહેબ મેરો, હું મનમોહન સેવક તેરો; ॥ ૧૭ ॥ તું છે ત્રણ લોક પ્રતિપાલક, હું અનાથ ને તું દયાલ; તું સરણાગત રાખત ધીરા, તું પ્રભુતારક છે વડવીરા; ॥ ૧૮ ॥ તુંમ જેસો પ્રભું વડભાગહી પાયો, તો મેરો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાજ ચડયો સવાયો; કરજોડી પ્રભુ વિનવું તો એ, કરો કૃપા જિનવરજીમોએ; ॥ ૧૯ ॥ જન્મ મરણ કા ભય નિવારો, ભવ સાયરથી હેલાવારો; શ્રી હથિણા ઉરમંડણ સોહે, તીહાશ્રી શાન્તિ સદા મનમોહે; ॥ ૨૦ ॥ પદ્મ સાગર ગુરૂરાજ પસાયે, શ્રી ગુણ સાગર કે મન ભાયા; જે નરનારી એક ચિત્તે ગાવે, મન વંછિત ફલ નિશ્ચય પાવે; ॥ ૨૧ ॥

॥ ઇતિશ્રી શાન્તિનાથ જિનનો છંદ સમાપ્ત. ॥

## શ્રી શાન્તિનાથનો છંદ

સમરૂ શાન્તિ જિન શાન્તિ કરં, પરમેશ્વર પારગતં સુતરં; ભવિભાવ ધરી ભવતાપ હરં, નમજો નવદ્ધા નિદ્ધિ દાનપરં. ॥ ૧ ॥ જલ વાસ સુગંધ નૈવેદ ઘૃતં; કુસુમાક્ષત દીપક ફલસુધૃતં અરચા પ્રભુની છે અષ્ટ વિધા, કરિ પાપ પુલાયે થિયા ત્રિવિધા. ॥ ૨ ॥ કુસુમાક્ષત દીપક વાસ વરં, સુધ ધુપ ધરો ભવિ ભકિતવરં; જિન અંગે પંચ વિધા અરચા, દિન રાત્રે મુખે કરવીજ સુચા. ॥ ૩ ॥ જદી માનવ છું જદી લાયક છું, અહમેવ ધરો મન કાયક છું; મદ છાક ચઢી ચખ જુઓ તથા, જિન ભકિત વિના છે સર્વ વૃથા. ॥ ૪ ॥ જિન જાપ જપો ઘન કર્મ ખપો, જિનના ગુણ ગાતે થાય તપો; જિનરાજ અહોનિશી જોવનમે, પરમાદ તજી પરખો મનમે. ॥ ૫ ॥ સુભ ભાવ ધરી ભગવંત ભજો, સુજના સુમના મદ માન તજો; ભવ સિંધુ ઉતારણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાવ સમા, પ્રભુ સેવક થાએ કહી ઉપમા. ॥ ૬ ॥ મન માંઘ રે હું જિન ભકિત કરૂં, ઉપવાસ તણું ફલ થાય ખરૂં; જીવ ઉઠ જદા જિન યાત્રા જવા, ષટ્ ભોજન વર્જ ન પુન્ય થવા. ॥ ૭ ॥ ગમનં પ્રતિ હરખીત ચાલ કહ્યો, તત અઠમનો ફલ આપ લહ્યો પગલા ભરે દેવલ ચિત્ત ધરી, દસ ભાત તજો એમ લાભ કરી. ॥ ૮ ॥ પગ કે તલી જાત બાર તણું, અર્ધ માર્ગે અર્ધજ માસ ભણું; જિન દેવલ દીઠે મ સ લહ્યો, પ્રભુ મંડપ દીઠે છ માસ કહ્યો. ॥ ૯ ॥ પ્રભુ મંડપમા પગલે વરસી, જિન દર્શનથી સતનો તપસી; થએ અર્ચન દેવ જિનેશ્વરનું, ફલ પામે વરસ હજાર તણું. ॥ ૧૦ ॥ કચરો જિન દેવલનો વર જો, ફલની ગણના અધકી અરજો; ગુણની સ્તુતિ ફલ જેહ ઘણું, નવિજાએ અનંતગણુ ભણુ ॥ ૧૧ ॥ ધન લેસ ભણી દિન રાત ધસી, કર ઉદ્યમ તું અતિ દેહ કસી; બહુ લાભ હુવે તિહા કિમ બેસી, નવિ આલસ કીજે પુન્ય હસી. ॥ ૧૨ ॥ એમ શાસ્ત્ર થકી ફલ પૂજનના, નિસુણી પરમાદ તજી સુજના; ત્રિવિધે ત્રણ કાલ જિનેશ્વરને, અરચો સુવધે અપરંપરને. ॥ ૧૩ ॥ પ્રભુ પૂજનથી શીવ લિલ લહી, મનુ જે જગમા ન વિજાય કહી; બુધ ઉત્તમ રત્ન ભણી સ્તવના, ઉપકાર છે ઉદ્દે વાચકના. ॥ ૧૪ ॥ છે ત્રોટક છંદે એ સ્તવના, દુષ ત્રોટક જોટક સોવનના; ચર બોટ કસ્યો છેહે સજના, મુજ ખોટ કિસી છે બહુ ભજના. ॥ ૧૫ ॥

॥ ઇતિ શાન્તિનાથનો છંદ સમાપ્ત ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિન છંદ

જીરાવલા જિન મંડણ પાસ, તુ ત્રિભુવન પતિ લિલ વીલાસ; સુણો વિનતિ છોડે ભવ પાસ, હું છું દેવ તુમારો દાસ ॥ ૧ ॥ ચિહુ ગતિ માહે રહ્યો બહુ કાલ, માનવ ભવ લાધો મુજ ફલીયો; મહી મંડલ ષટ્દર્શન હુઓ, બોલે વચન સવિ જુજુઆ ॥ ૨ ॥ એક કહે ભવ કા નિગમો, નિત ઉઠી નારાયણ નમો; એક ભણે ઇશ્વર દેવતા, મન વંછિત ફલ લહી સેવતા ॥ ૩ ॥ એક ભણે સવિ છંડો દેવ, એકજ સેવો સૂરજ દેવ; એવા બોલ બોલે તે લાક્ષ, એક ભણે જઇ પૂજો યક્ષ ॥ ૪ ॥ જગ માહિ મે જોયા ગણા, તિહા બોલ સઉ થાપે આપણા; ધર્મ તણો હું અરથી થયો, દેવ પરીક્ષા કરવા ગયો ॥ ૫ ॥ પોહચીયો હરિ મંદિર ધસીયો, કોતુક દેખી હઇડે હસીયો; નારિ સરસા દેવ મોરાર, છેટા દીઠા ભવન મોજાર. ॥ ૬ ॥ મુજ મૂરખ મન ચિંતા વસી, દેવ થયા તો નારી કિસી; છેટા દિઠા મલ્યા તિણવાર, હું લાજ્યો નવિ રહીયો લગાર ॥ ૭ ॥ હરિના ભુવન થકી નિકલી, ગયો તે ઇશ્વર દેહ રે વલી; મૂર્તિ વિણ દેવે પરઠવી, એક જલધારા ઉપર હવી. ॥ ૮ ॥ તે ઉપર માંડયો આકાર, તે કહેતા નવિ આવે પાર; તાસ ભગત કહે એહી જ દેવ, પૂજી ધણીએ કીજે સેવ. ॥ ૯ ॥ ચતુરપણે ચિન્ત્યો મે તામ, પાઇ પખી કિમ કરૂં પ્રણામ; અંગ પખે નવિ રંગ લગાર, કંઠ પાખે કિહા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઠવિએ હાર. ।। ૧૦ ।। નાક પખી કિમ કીજે ધૂપ, સોએ દેવનો એસ્યો સ્વરૂપ; અલવેસુ ઇશ્વર પરીહરી, હઇડે વલી વિમાસણ કરી ।। ૧૧ ।। સુરજદેવ એ સહુકો કહે, તે આપદા ઘણેરી સેવે; દિવસ માહે ઉગે–આથમે, જન્મ–મરણ દુઃખ એ મનિગમે. ।। ૧૨ ।। જાષ સેષ દેવિ દેવલા, છેટા દિઠા દેવલ ભલા; હિંસા કરે કરાવે ઘણી, સીઓ લગ કીજે તેહ તણી. ।। ૧૩ ।। દેવ ન દેખુ તેહવો કોઇ, જિન સેવે શીરપુર સુખ હોઇ; મુજ મન માહે ચિન્તા ઘણી, ભેટ થઈ તવ સદ્‌ગુરૂ તણી ।। ૧૪ ।। મે પ્રીચ્છયો જિન શાસન સાર, જિન ચોવિશે મુગતિ દાતાર; પૂર્વ પુન્યે પ્રગટીયો કર્મ, દયા મૂલ પામ્યો જિન ધર્મ ।। ૧૫ ।। મુક્તિ તણો મે લાધો માર્ગ, પામ્યા પાસ તણા મે પાગ; ચિન્તામણી કર ચડીયો આજ, મન વંછિત સવિ સરીયા કાજ ।। ૧૬ ।। તોરા ગુણનો પાર ન લહું, તુજ તોલે બીજો કુણ કહુ; અવર દેવ તુમ અન્તર ઘણો, વિગતે બોલ વિચારી તણો. ।। ૧૭ ।। જેવડો અંતર લુણ કપૂર, તેવડો અંતર ખજુઆ સુર; જેવડો અંતર સરસવ મેર, તેવડો અંતર ઉવટે શેર ।। ૧૮ ।। જેવડો અંતર વ્યંતર ઇન્દ્ર, તેવડો અંતર તારા ચન્દ્ર; જેવડો અંતર ભૂપતિદાસ, લછિ હીણને લીલ વિલાસ ।। ૧૯ ।। જેવડો અંતર સીહ શીયાલ, તેવડો અંતર ગોલ–વિયાલ; જેવડો અંતર મયગલ ઉંટ, તેવડો અંતર પુન્ય વંત ઢુંઢ. ।। ૨૦ ।। જેવડો અંતર બગલા હંસ, તેવડો અંતર કાનડ કંસ; જેવડો અંતર રાવણ–રામ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેવડો અંતર ઠામ કુઠામ. ॥ ૨૧ ॥ જેવડો અંતર બાજર-કુર, તેવડો અંતર કાયર સુર; જેવડો અંતર રાણી-દાસ, તેવડો અંતર દહિને છાશ. ॥ ૨૨ ॥ જેવડો અંતર રાયણ-બોર, તેવડો અંતર માણસ ઢોર; જેવડો અંતર મુરખ જાણ તેવડો અંતર ખરકે કાણ. ॥ ૨૩ ॥ જેવડો અંતર ખા (પા) સર ચીર, તેવડો અંતર જલને ખીર; જેવડો અંતર કોએલ-કાગ, તેવડો અંતર સુકડ-સાગ. ॥ ૨૪ ॥ જેવડો અંતર મણિને કાચ, તેવડો અંતર કુડને સાચ; જાચો હીરોને કાકરો, કસ્તુરીને ખલખોટરો. ॥ ૨૫ ॥ જેવડો અંતર ગુલને ગલી, તેવડો અંતર તરૂવર-શલી; જિમ રયણાયરને છિલરૂં, કામ કુંભ ને કિહા ઠીકરૂં. ॥ ૨૬ ॥ એવડો અંતર અછે અનેક, ધરમી નર મન ધરો વિવેક; ચડતે ઉઠે જિનવર જોય, પડતે અવર દેવપણુ હોય. ॥ ૨૭ ॥ ચિહુંદિસ ચોપટ મલ ચોસાલ, ત્રિભુવન દીપક દેવ દયાલ; તું ભેટીયો અવર દેવને ન નમુ, અમૃત લઇ આછણુ કિમ જમુ. ॥ ૨૮ ॥ પામ્યો કલ્પ વૃક્ષનો સાથ, હવે કેરડે ન ઘાલુ હાથ; તુમ દીઠે જિનવર જગદીશ; અવરદેવ કિમ નમુ શીષ. ॥ ૨૯ ॥ તુમ વિન ભવસાયર રડ-વડીયો, મદ-મછર-માયા નમ્યો; શી વિનતિ કરૂં તુજ બહુ, કહીયા પાખે તું જાણે સહુ. ॥ ૩૦ ॥ નવિ નિશ્ચે નિન્દા પરી-હરૂ, અવર દેવના બોલ્યા ચરી; રોસ મ ધર જો કોઇ લગાર, દેવ ખરો જે મુક્તિ દાતાર. ॥ ૩૧ ॥ વલિ બ્રહ્મા-હરી-ઇશ્વર હોઈ, ષટ્ દર્શન માહેવ બહુ હોઇ; સેવ્યો આપે શીવ સુખ ઠામ, ત્રણ કાલે તસ કરૂ પ્રણામ. ॥ ૩૨ ॥ અમીઅ સરીખો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મીઠો આજ, તું નયણે દીઠો જિનરાજ; **હેલા મુજ** મન વંછિત ફ્ળ્યા, દૂર ગતિના દુઃખ દુરે ટળ્યા. ॥ ૩૩ ॥ તુજ નામે દુઃખ સંકટ ટલે, ભૂત-પ્રેત-વ્યંતર નવિ છલે; નિશ્ચે નાસે વિષમ વિકાર, તુમ નામે નિત જય જયકાર. ॥ ૩૪ ॥ તપગચ્છ નાયક અવિચલ ચંદ, શ્રી લક્ષ્મીસાગર સૂરીંદ; શ્રી સોમદેવ સૂરિ સોહે સાર, શ્રી સોમ દ્વિજ સૂરીશ્વર ગણ ધાર. ॥ ૩૫ ॥ સમય રત્ન જય પંડિતરાય, તે સહુ ગુરૂના પ્રણમી પાય; તુ સાવીયો ત્રિભુવનનો ધણી, પૂરો ઇચ્છા અમ મન તણી. ॥ ૩૬ ॥ ઋદ્ધિ-રમણી નવિ માંગુ રાજ, કૌતક વિદ્યા મંત્ર નવિ કાજ; એકજ આવાગમન નિવાર, દુસ્તર દુઃખસાગર ઉત્તાર. ॥ ૩૭ ॥ હું આવ્યો સરણે તુમ તણે, રાખો મન ઉલટ આપણે; મુનિ લાવણ્ય સમય ઇમ ભણે, તુમ તુઠે નવનિધિ મુજ આંગણે. ॥ ૩૮ ॥

॥ ઇતિ જીરાવલા પાર્શ્વનાથ જિન છંદ સમાપ્ત ॥

## શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ જિન છંદ.

સરસ વચન દ્યો સરસ્વતી માત, બોલીસ આદિ જીસી વિખ્યાત; અંતરીક્ષ ત્રિભુવનનો ધણી, પ્રકટ પ્રતિમા પાસજ તણી. ॥ ૧ ॥ લંકા ધણી જે રાવણરાય, ભગિની પતિ તેહનો કેવાય; ખર-દુષણ નામે ભૂપાલ, અહઃનિશ ધર્મ તણો ઘણો ઢાલ. ॥ ૨ ॥ સદ્‌ગુરૂ વચન સદા મન ધરે, ત્રણ કાલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિન પૂજા કરે; મન આખડી ધરી છે પ્રેમ, જિન પૂજા વિણ જમવા નેમ. ॥ ૩ ॥ એક દીવસ અતિ ઉલટ ધરી, ગજ-રથ પોટયા-પાય કરી; ચડી રેવાડિ સહુ સાચર્યું, સાથે દેરાસર વિસર્યું. ॥ ૪ ॥ દેરાસરીયો ચિત્તવે ઇસું, વિણ દેરાસર કરવું કિસું; રાય તણે મન છે આખડી, જિન પૂજ્યા વિણ નહી સુખ ઘડી. ॥ ૫ ॥ પ્રતિમા વિણ લાગી ચટપટી, ચડયો દિવસ દસ બારે ઘડી; કરી એકઠા વેલુ છાંણ, ભાવે સાખે કિધી ભાણ. ॥ ૬ ॥ એક તુંહિ બીજિ આસની, ને પ્રતિમા પાઇ પાસની; તે કરતા નવિ લાગી વાર, થાપ્પો માહા મંત્ર નવકાર. ॥ ૭ ॥ પંચ પ્રમેષ્ઠિનુ કિધો ધ્યાન, કરી પ્રતિષ્ઠા સોએ પ્રધાન; દેરાસર દેખીને હસે, પ્રતિમા દિઠે મન ઉલ્લસે. ॥ ૮ ॥ આવ્યો રાજા કરી અંઘોલ, બાવના ચંદન કેસર ઘોલ; પૂજી પ્રતીમા લાગ્યો પાય, મન હરખે ખર-દૂષણરાય. ॥ ૯ ॥ એક વેલુને બીજો છાણ. પ્રતિમાનો આકાર પ્રમાણ; પ્રતિમા દેખી હયડુ ઠર્યું, સાથે સઉ ભલુ ભોજન કર્યું. ॥ ૧૦ ॥ તેહીજ વેલા-તેહીજ ઘડી, પ્રતિમા વજ્ર તણી પરે જડી; ધરમી રાજા ચીન્ત્યા કરે, આસાતના રખે કો કરે. ॥ ૧૧ ॥ ખંધે ધરી-ખર-દૂષણ ભૂપ, લેઇ પ્રતિમા મુકી જલ કુંભ; ગયો કાલ જલમા ઘણો, પ્રતિમા પ્રકટી તે પરે સુણો. ॥ ૧૨ ॥ ઇલગપુરી-એલગ દેરાય, કુષ્ટિ છે ભૂપતિનિ કાય; ન્યાયવંત નવિ ડંડે લોક, પૃથ્વી વર તે પુન્યસી લોક. ॥ ૧૩ ॥ રાય તણો મોટો છે રોગ, રયણી ભરી નિદ્રાનો વિયોગ; રોમ-રોમ કિડા નિસરે, નિદ્રા સવી રાણી પરિહરે. ॥ ૧૪ ॥ જે કીડાના જેવા ઠામ, તે તીહા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાછા ઘાલે તામ; તે નવી આવે તેહનો ઠામ, તતક્ષીણ રાય અચેતન જામ. ॥ ૧૫ ॥ રાય રાણી સંકટ ભોગવે, કરમે દીન દોએલા નીગમે; રયણી ભર નવી ચાલે રોગ, દિવસે કીયા દીસે ભોગ. ॥ ૧૬ ॥ એક વાર હય-ગય પરીવર્યા, રમવારે વાડી સંચરીયા; સાથે સમૃધિ છે પરીવાર, પાલા પાયક નલ હું પાર. ॥ ૧૭ ॥ જાતી ભાણ માથાલે થયો, મોટી અટવી માંહે ગયો; થાકો રાજા વડ વીસરામ, દીઠિ છાયા અતિ અભિરામ. ॥ ૧૮ ॥ લાગી ત્રષા નીર મન ધર્યું, પાણી દીઠો ઝાબક ભર્યું; પિધુ પાણી ગલણે ગલી; હાથ-પગ-મુખ ધોયા વલી. ॥ ૧૯ ॥ કરી રેવાડી પાછો વલીયો, હેલુ જઈ પટરાણી મલીયો; પટરાણી રલીયાયત થઇ, થાકો રાજા પોઢયો જઈ. ॥ ૨૦ ॥ આવિ નિદ્રા રયણી પડી, પાસે રેઇ પટરાણી વડી; હાથ-પગ-મુખ નિરખે જામ, તિયા કીડા નવિ દેખે ઠામ. ॥૨૧॥ રાણીને મન કોતક વસ્યું, હીયડે હરખી કારણ કીસું; જાગ્યો રાજા આલસ મોડી, પુછે રાણી બે કર જોડી. ॥ ૨૨ ॥ સ્વામી કાલે રેવાડી કીયા, હાથ-પય-મુખ ધોયા જીહા; તે જલનુ કારણ છે ઘણુ, સ્વામી કાજ સરે આપણુ ॥ ૨૩ ॥ રાજા જંપે રાણી સુણો, અટવી પંથ છે અતિ ઘણું; મે પ્રિછયુ પ્રભુ તેહનો ભેદ, આપણે જાસું વેડવીછેદ. ॥ ૨૪ ॥ રથ જોતરીયા તુરંગમ વેલ, રાય-રાણી ત્યાં ચાલ્યા ગેલ; દિઠુ ઝાબક વડનેરે તીર, જાણે માનસ ભરીયુ નીર. ॥ ૨૫ ॥ હરખે રાણી હયડે રંગ, રાજા અંગ પખાલે ચંગ; ટલીયો કુષ્ટને વાધ્યો વાન, દેહ થઇ સોવન સમાન. ॥ ૨૬ ॥ આવ્યો રાજા ઇલગપુરે,

ઘર ઘર ઓછવ આણંદપુરે; ઘર-ઘરના આવે ભેટણા, દાન અમુલક આપે ઘણા. ॥ ૨૭ ॥ પડહ અમાર તણો નિર્દોષ, રાયરાણી મન થયોરે સંતોષ; ઘર-ઘર તલીયા તોરણ ત્રાટ, કરે વધામણા માણક માટ. ॥ ૨૮ ॥ શુદ્ધ ભૂમિ ઢાલે પલંક, તીહારાજા પોઢયો નિશંક; ચુઆ ચંદન-કુંસુમ કપુર, વાસ્ય અગર મહેકે ભરપુર. ॥ ૨૯ ॥ રયણી ભણી સુપનાંતર લહે, જાણે નર કોઇ આવી કહે; અતિ ઉંચુ કરી અંબ પ્રમાણ, નીલો ઘોડો નીલુ પલાણ. ॥ ૩૦ ॥ નીલો ટોપ નીલોહથી આર, નીલવરણ આવ્યો અસવાર; સાંભલ એલગપુરના ભૂપ, જીહા જલ પીધો તીહા છે કુપ. ॥ ૩૧ ॥ પ્રકટ કરાવે વેલો થઇ, તીહા મારી પ્રતિમા છે સહી; કરે મલોખાની પાલખી, કુંપસાઈ મેલે સનમુખી. ॥ ૩૨ ॥ કાચે તાતણે હાથે ધરી, તીણે આવિસ હુ બેસી કરી; શીખામણ દેઉ છું ઘણી, ઇસ્યું સુપન લેઇ જાગ્યો રાય; પ્રહવિકસે હરખે મન માહે. ॥ ૩૩ ॥ કરી સજાઈ જે જીમ કહી, તવ આવ્યો વડ પાસે વહી; તે જલ મધ્ય ખણાવ્યુ જામ, પ્રકટયો કુંભ અચલ અભિરામ. ॥ ૩૪ ॥ ભરીયુ નીર ગંગજલ જીસ્યું, રાજા હયડું હરખે હસ્યુ; કરી મલોખાની પાલખી, માણક મોતીએ જડી નવ લખી. ॥ ૩૫ ॥ તાંતણે બાધી મેલે જામ, આવી બેઠા ત્રીભૂવન સ્વામ; પાસ પધારીયા કાંઠે કુવે, ઉત્સવ મેરૂ સમાણા હુવા. ॥ ૩૬ ॥ જોતરીયા જોડે વાછડા, ખેચ્યા વીન તે ચાલે ખડા; ગાઇ કામની કરે ટકોર, વાજે ભુંગલ ભેરી ઢોલ. ॥ ૩૭ ॥ પાલખી વેલ તણો આકાર, નવિ ભાજે પરમેશ્વર ભાર; રાજા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મને આવ્યો સંદેહ, કીમ પ્રતિમા આવે છે ઇહ. ॥ ૩૮ ॥ કાટી (ઢી) દ્રપ્રે કર્યો આરંભ, રહિ પ્રતિમા સ્થાનક થીર થંભ; રાજા–લોક ચીન્ત્યા શુ થયો, એ પ્રતીમા થીર સ્થાનક જુવો. ॥ ૩૯ ॥ સૂત્રધાર શલાવટ સાર, તેડી આવ્યા અરથ ભંડાર; આલસ અંગ થકી પરિહરો, વેગે થઇ જિન મંદિર કરો ॥૪૦॥ તવ શિલાવટ રંગ રસાલ, કિધો જૈન પ્રસાદ વિસાલ; ધ્વજા–દંડ–તોરણ સ્થીર સ્તંભ મંડપ મોટા કીધા રંભ. ॥ ૪૧ ॥ પવાસણ કીધુ છે રે જેહ, તીહા પ્રતિમા બેસે નવી તેહ; અંતરીક ઉંચા એ તલે, તલે અસવાર જાઇ નીકલે. ॥ ૪૨ ॥ રાજા–રાણી મનની જોડ, ખરચી દ્રવ્ય તણી બહુ કોડી; સખ્ત ફણામણી બેઠા પાસ, ઇલગરાય મનપુગી આસ. ॥ ૪૩ ॥ પૂજે પ્રભુ ઉભેવે અગર, શ્રીપુર નામે વસ્યો નગર; રાજા રાજ્ય કરે કામની, ઉલગ કરે સદા સ્વામની. ॥ ૪૪ ॥ સેવક રે સદા ધરણિંદ, પદ્માવતી આવે આનંદ; આવ્યા સંઘ ચઉદીશિ તણા, મંડપ ઓત્સવ માંડયા ઘણા. ॥ ૪૫ ॥ લાખીણી પ્રભુ પૂજા કરે, મોટા મુકટ મસ્તકે ધરે; આરતી–દીપક–મંગલ માલ, મંગલ ભેરી જાલક–જમાલ. ॥ ૪૬ ॥ આજ લગે સઉ એમ જ કહે, એકણ દોરે ઉચ્ચી રહે; આગલ તો જાતો અસવાર, જઇએ એલગ રાય અવતાર. ॥ ૪૭ ॥ જીણે જીમ જાણ્યુ તીણે તીલકયુસદી; વાત પરંપરા સહી ગુરૂએ કહી; મુનિ આણંદ બોલે મન રૂલી, નીરતુ જાણે કહે કેવલી. ॥ ૪૮ ॥ અશ્વસેન રાય કુલે અવતંસ, વામા રાણી ઉર લે હંસ; બનારસી નયરી અવતાર, કરજો સ્વામી સેવક સાર. ॥ ૪૯ ॥ પન્દર પંચાસા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વરસ પ્રમાણ, શુદ્ધ વૈશાખ તણો દીન જાણ; ઉલ્લટ આખા-ત્રીજરે ભયો, ગાયો પાસ જિનેશ્વર જયો. ॥ ૫૦ ॥ બોલે કવિતા જોડી હાથ, અંતરીક્ષ પ્રભુ પારસનાથ; હું છું સેવક તારો સ્વામ, હું લીનો તારો જિન નામ. ॥ ૫૧ ॥ ઇમ સ્વામી મહિમા ભંડાર, તું ભવ્ય બોધી બીજ દાતાર; મુનિ–લાવણ્ય સમે ઇમ ભણે, ધન્ય માનવ જે શ્રવણે સુણે. ॥ ૫૨ ॥

॥ ઇતિ અંતરીક્ષ પાર્શ્વનાથ જિન છંદ સમાપ્ત. ॥

---

## શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ જિન છંદ.

સરસ્વતી માત મયા કરી આપો અવિચલ વાણી;
પુરૂષાદાણી પાસ જિન ગાઉ ગુણમણિ ખાણી.— ૧

અદ્ભુત કૌતુક કલિયુગે દીસે એહ અચંભ;
ધરતિથી અધર રહે સદા અંતરીક્ષ થિર સ્થંભ.— ૨

મહિમા મહિ મંડલ સબલ દીપે અનોપમ આજ;
અવર દેવ સૂતા સરવે જાગે તું જિન રાજ.— ૩

એક જીભ કહી કિમ કહું ગુણ અનંત ભગવંત;
કોડી જીભ કરી કો કહે તોહી ન આવે અંત — ૪

તું માતા તુંહિજ પિતા તું ભ્રાતા તું બંધુ દેવ;
મહિર ધરી મુજ ઉપરે કરિ કરણા રસ સિંધુ.— ૫

### છંદ અડયલ

કરિ કરૂણા કરૂણા રસ સાગર ચરણ કરણ પ્રણમે નિતનાગર;
નિરમલ ગુણમણિ ગણવય રાગર સુરગુરૂ અધિક અછે માને આગર.-૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કામ કુંભ જિમ કામિત દાયક પદ પ્રણુમે સુરવર નર નાયક;
મથિત સુદુર્મંથ મનમથ સાયક અષ્ટ કરમ રિપુ દલબલ ઘાયક.–૭

નવ નિધિ ઋદ્ધિ સિદ્ધિ તુમ નામે મન વંછિત સુખ સંપતિ પામે;
જે પ્રભુ પદ પંકજ સિરનામે બહુલા સુર મહિલા તસ કામે.–૮

બહુલ વસે વ્યવહારી વ્રાત વરસિરિપુર વસુધા વિખ્યાત;
તિહારાજે જિનવર જગતાત અંતરીક અનોપમ અવદાત.–૯

## છંદ સારસી

અવદાત જેહનો જગત જાણે ગુણ વખાણે સુરધણી;
પરસાદ પ્રભુને પ્રગટ પરભવ પામિઓ પ્રભુપદ રૂણી !
મહિમા વધારે વિઘન વારે કરે સેવા અતિ ઘણી....;
તુમ નામ લિનો રહે ભીનો અવર દેવહ અવગુણી,–૧૦

નર નાથ કોડી માન મોડી હાથ જોડી હમ કહે;
પ્રભુ નાથ ચરણે જીકે સરણે રહેને પર પદ લહે !
અતિ જેહ ઉત્કટ વિકટ સંકટ નિકટ નાવે તે વલી–;
ભય આઠ મોટા નિપટ ખોટા દૂરથી જાયે ટલી.–૧૧

## છંદ હાટડી

જે રોગ ભયંકર કુષ્ટ ભગંદર દુષ્ટ ક્ષય ન ખસ ખાસ,
અંતર ગલ વલી યમલ જ્વર વિષમ જ્વર જાઈ નાશ;
દીસે અનિમાન્દ્રા વલી વણ ચાઠા નાઠા જાય તેહ...;
તુમ દરિસણ સ્વામિ શીવગતિ ગામિ ચામિ કર સમદેહ.–૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જલનિધિ જલગજે પ્રવહણ ભજે વજે વાય કુવાય,
થરથરિ નિહાધ્રુજે હરિહર પૂજે કીજે કવણ ઉપાય !
મનમાહે કંપે હૈ હૈ જંપે કીણહિકિંપી ન થાય....
દણિ અવસર રાખે કુણ પ્રભુ પાપે પાવે તે સુખથાય.-૧૩

જડપે તસમાલા પાવક ઝાલા કાલા ધુમ કલ્લોલ,
ઉચ્છલતા દેખી જાય ઉવેખી પંથી પડે દંદોલ ?
પંથિજન નાશે ભરિયા સાસે ત્રાસે ધ્રુજે દેહ-
પડિયા તિણે ઠામે પ્રભુને નામે કુશલે પામે ગેહ.-૧૪

ફણી ને આ ટોપે મણિધર કોપે લોપે જેહ વલી લીહ
ધસમસ તો આવે દેખી ધાવે લળકાવે દો જીભ;
બીહેજન જાતા દેખી રાતા લોયણ તસ વિકરાલ-
કીધે ગુણ ગ્યાને પ્રભુને પાને અહી થાઈ વિસરાલ.-૧૫

પાપે પગ ભરતા હીડે ફીરતા કરતા અતિ ઉનમાદ,
ઘોટિ કજિમ છુટે અતિઆ ત્રુટે લુટે નિપટ નિપાદ !
વનમાહે પડિયા ચોરે નડિયા અડવડીઆ આધાર-
ઇણ અવસર રાખે કુણ પ્રભુ પાસે ભાખે વચન ઉદ્ધાર.-૧૬

## છંદ ત્રિભંગી

મયમત મયગલ અતુલ બલધર જાસ દરિશન ભયએ,
કેશરી સીંહ અબીહ અનીહે મેહ સમુવડ ગયએ,
વિકરાલ કરાલ કોપે સીંહ અતિશય નાદ વિમુકકએ-
સુખધામ પ્રભુ તુંમ નામ લેતા તેહ સીંહ ન ઢુકકએ.-૧૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગલલાટ કરતો મદ જરતો કોપ ધરતો ધાવતો,
ભરરોસરાતો અધિકમાતો અતિ ઉજાતો આવએ!
ઘર હાટ ફોડે બંધ ત્રોડે માન મોડે તુ નૃપ તણો-
તુમનામે તે ગજ અજાથાઇ વશ્ય આવે અતિઘણું.-૧૮

રણમાહે સૂરા લડે પૂરા લોહ ચુરા ચુરએ-
ગજ કુંભ ભેદે શીર છેદે વહે લોહી પૂરએ;
દલદેખી કંપે દીન જંપે કરે પ્રબલ પોકારએ-
તુમ સ્વામિ નામે તિણે ઠામે વરે જય જયકારએ.-૧૯

ભય આઠ મોટા દુષ્ટ ખોટા જેમ રોટા ચુરઈ;
અશ્વસેન ઘોટા તુમ પ્રસાદે મન મનોરથ ચુરઈ!
મહિમાહે મહિમા વધે દીન દીન ચન્દ્ર ને સૂર્ય સમો-
જસ જાપ કરતા ધ્યાન ધરતા પાસ જિન વર તે નમો.-૨૦

## છંદ અડયલ

છાયા પડલ જાલ સવીકાપે આંખે તેજ અધિક વલી આપે;
પન્નગ પતિ પ્રભુને પરતાપે અવિચલ રાજ્ય કાજ થીર થાપે.-૨૧

પદ્માવતી પરતો બહુ પૂરે પ્રભુ પ્રસાદ સંકટ સવી ચુરે;
અલવતી અલગી જાયે દૂરે લક્ષ્મી ઘર આવે ભરપૂરે.-૨૨

મહી મંડલ મોટો તુહ દેવ ચોષટ્ ઈન્દ્ર કરે તુજ સેવ;
ત્રીભૂવન તાહરો તેજ વિરાજે જસ પ્રતાપ જગમે ગાજે.-૨૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેતા દેશ કહું વલી નામે પ્રભુની કીર્તિ જિમજિમ ઠામે;
પુર પત્તન સંબાહણ ગામે સુણતા નામ ભવિક સુખપામે.–૨૪

## છંદ નારાચ.

અંગ વંગ કલિંગ કુલધર માલવો મરહદ્દએ;
કાશ્મીર બબર હરમદેસે સવા લાખ સોરઠ એ !
કામરૂ કુંકણ દમણ દેશે જપે સહુકો જાપ એ;
ઇણિદેશ અવિચલ પ્રબલ પ્રતપે પાસ પ્રકટ પ્રતાપ એ.––૨૫

લાટને કરણાટકા હુડ મેદપાટ મેવાતએ–
વલી નાટ ઘાટ વયરાટ વાગડ કચ્છ વચ્છ કુશાતએ ।
સતિ લંગ ગંગ પ્રીરંગ દેસે જપે તારો જાપએ–
ઇણિદેશ અવિચલ પ્રબલ પ્રતપે પાસ પ્રતાપ એ ૨૬

કણવીર કાનમ કલબ કયા બિલ લંબ બંબ વિલંગ એ–
વાલ વો મસધર અને હરમજ પંથગઢ ગુલવંગ એ ।
કંસાણને વિસાણ દિસે જપે તારો જાપએ–
તિણ દેશ અવિચલ પ્રબલ પ્રતપે પાસ પ્રતાપ એ ૨૭

## કવિત

પ્રતપે પ્રબલ પ્રતાપ પાપ સંતાપ નિવારણ–
દશ દિશી દેશ વિદેશ ભ્રમત જવિજન સુખ કારણ ।
રોગ સોગ સવે ટલે મલે મન વંછિત ભોગ એ–
પાર્શ્વનાથ તુમ નામ સયલ સંપતિ સંયોગ હે ।
સગર મૃત્યુ પાતાલમે ત્રિહુભુવને પ્રગટયો સદા–
પાર્શ્વનાથ તુમ પ્રતાપે આવે અવિચલ સંપદા. ૨૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## છંદ હાટકી

અવિચલ પદ આપે સ્થિર કરી થાપે જગ વ્યાપક જિનરાજ;
ઉપદ્રવ સવિજાવે સુરગુણ ગાવે વશ્ય થાયે નર રાજ; ।
દ્વિપે પરદ્વીપે રિપુને જીંપે દીપે જીમ દીનમણી રાજ;
પદ પંકજ દરજે પ્રભુના રીજે સિજે વંછિત કાજ. ૨૯

તુછે મુજ નાયક હું તુજ પાયક લાયક તુજ સમાન;
કુણ છે જગ માહે સાહી બાંહે રાખે આપ સમાન ।
તુંહિજ તે દીસે વિસવા વીસે હિયડુ હી સેહેવ....;
દેખુ હું નયણે જંપુ વયણે નિરમલ તુમ ગુણ દેવ ૩૦

સિન્દુર સુંડાલા મદ મતવાલા દુંદાલા દરબાર;
ઝુલે મન ગમતા રંગે રમતા ઉછાલતા વાર ।
તુરકી તેજાલા આગલપાલા જુજાલા હથિયાર;
જાલીને દોડે હેલા હોડે જોડે બહુ પરિવાર. ૩૧

હયવર પાખરીયા રથ જોતરીયા તરવરિયાતો ષાર;
સોવન ચીનરીયા નેજા ધરીયા પરવરિયા અસવાર; ।
ગજ બેઠા ચાલે રિપુ મન સાલે માલે લક્ષ્મી સારા;
અહવી ઋદ્ધિ પામે પ્રભુના નામે સફલ કરે અવતાર. ૩૨

## દુહા છંદ

અવતાર સાર સંસાર માહે તેહ જનનો જાણઈ;
ધન કમાઇ ધરમ ધાનિક તેહની લક્ષ્મી માનઈ; ।
સુન્દર રૂપ સોહામણો શ્રવક સુણી નર નાર;
કોડે કરજોડી રહે દરશનને દરબાર......... .... ૩૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## છંદ નારાચ

પ્રિયંગુ વન્નનીલ તન્ન દેખી મન્ન મોહ એ;
સનૂર નૂર સૂરથે અધિક જ્યોતિ સોહ એ; ।
અમંદ ચંદ વૃંદ થે કલા કલાપ દિપ્પએ...;
સુરિંદ કોટિ જ્યોતિથે જિણંદ જ્યોતિ જીપ્પએ –૩૪

અનુપ રૂપ દેખતે જિણંદ ચંદ પાસ એ;
પાદાર વિંદ વંદતે કુપાપ વ્યાધ નાશ એ; ।
દારિદ્ર દૂર ચૂરકે તું પુર મોરી આસ એ;
અનાથ નાથ દેઇ હાથ કર સનાથ દાસએ.–૩૫

અમૂલ ફુલ બાનથેક બાન તું ન લગાએ;
સુયોધ બોધ યોધવેરી માનમોડી ભાગ એ; ।
તું દીન સે સુદેહિ બંધુ દેહિ સુખ મગ્ગાએ;
સરન જાણી સ્વામિથે ચરણકું વિલગ્ગએ.–૩૬

સુયોતિ મોતિ યોતિથે સુદંત પંતિ દીપ્પએ;
ગુલાલ લાલ ઉષ્ટથે પ્રવાલ માલ છિપ્પએ; ।
સુસાસ વાસ વાસથે કપૂર પૂર અધિક ભજ્જએ;
ઉલંબ લંબ બાહુથે મૃણાલનાલ લત્થએ; (લદ્ધએ).–૩૭

કમટ હઠ ગંજણો કુકર્મ મર્મ ભંજનો;
નયન યુગ્મ ખંજનો સો જયોપાસ નિરંજનો.–૩૮
પાસ એહ નિજદાસની અવધારી અરદાસ;
નયને દેખાડી દરસ પુરો પૂરણ આસ.–૩૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચક વાચા હે ચીત્તસ્યુ દિનકર દરિશણ દેવ;
ચતુર ચકોરી ચન્દ્ર જિમ હું ચાહું નિત મેવ; ।।
નિશી ભર સુતા નિંદમાં દીઠો દરસન આજ;
પરતિખ દેખાડી દરસ સફલ કરો મુજકાજ.–૪૦

તુમ દરિસન સુખ સંપદા તુમ દરસણ નવનિધ;
તુમ દરસનથી પામીએ સકલ મનોરથ સિધ.–૪૧

## છંદ અડયલ

અંતરીક પ્રભુ અંતરજામી દીજે દરસન શીવગતિ ગામી;
ગુણ કેતા કહિએ શીરનામી કહેતા સરસ્વતી પાર ન પામી.–૪૨

કિયો છંદ મે મંદમતિ સારૂ હિત ધરી ચીત્તમા ધરજો વારૂ;
બાલક ચદવા તદવા બોલે માતાને મન અમૃત તોલે.–૪૩

કિયો કવિત ચીત્તના ઉલ્લાસે સાંભલાસવી આપદ નાશે;
સંપતિ સઘલી આવે પાસે ભાવ વિજય ભગતે એમ ભાખે.–૪૪

## કલશ

કયો છંદ આનંદ વૃંદ મનમાહે આણી, સાંભલતા સુખકંદ
ચંદ જિમ શીતલ વાણી, વિજય દેવગુરૂ રાજ આજ તસ
ગણધર ગાજે, શ્રી વિજે પ્રભ સૂરી નામ કામ સમરૂપ વિરાજે,
ગણધર દોય પ્રણમી કરી થુણયો પાસ અસરણ સરણ
ભાવ વિજય વાચક ભણે જયો દેવ જય જય કરણ.–૪૫

ઇતિશ્રી અંતરીક્ષપાર્શ્વનાથ જિન છંદ સંપૂર્ણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ જિન છંદ

પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું,
ત્રિહુલોકમાં એકલુ સાર દીઠું;
સદા સમરતા સેવતા પાપ નીઠું,
મન માહરે તાહરૂં ધ્યાન બેઠું.–૧

મન તુમ પાસે વસે રાત દીસે,
મુખ પંકજ નિરખવા હંસ હીસે;
ધન્ય તે ઘડી જે ઘડી નયણ દીસે,
ભકિત ભાવે કરી વિનવી જે –૨

અહો એહ સંસાર છે દુઃખ દોરી,
ઇન્દ્ર જાલમાં ચીત્ત લાગ્યુ ઠગોરી;
પ્રભુ માની એ વિનતિ એક મોરી,
મુજ તાર તું તાર બલિહારી તેરી.–૩

સહી સ્વપ્ન જંજાલને સંગ મોહ્યો,
ઘડીયાલમાં કાલ ગમતો ન જોયો;
મુધા એમ સંસારમાં જન્મ ખોયો,
અહો ઘૃત તણે કારણે જલ વલોવ્યો.–૪

એતો ભમરલો કેસુડા ભ્રાંતિ ધાયો,
જઈ શુક તણી ચંચુ માહે ભરાયો;
શુકે જાંબુ જાણી ગલે દુઃખ પાયો,
પ્રભુ લાલચે જીવડો એમ વાહ્યો –૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભમ્યો ભર્મ ભૂલ્યો રમ્યો કર્મ ભારી,
દયા ધર્મની શર્મ મે ના વિચારી;
તારી નમ્ર વાણી પરમ સુખકારી,
ત્રિહુ લોકના નાથ મે નવિ સંભારી.-૬

વિષય વેલડી શેલડી કરી અજાણી,
ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી;
એહવો ભલો ભુંડો નિજ દાસ જાણી,
પ્રભુ રાખીએ બાંહિની છાંય પ્રાણી.-૭

મોરા વિવિધ અપરાધની કોટિ સહીએ,
પ્રભુ સરણે આવ્યા તણી લાજ વહીએ;
વળી ઘણી ઘણી વિનતિ એમ કરીએ,
મુજ માનસ સરે પરમ હંસ રહીએ.-૮

## કલશ.

એમ મૂર્તિ પાર્શ્વ સ્વામી, મુક્તિ ગામી ધ્યાઇએ;
અતિ ભક્તિ ભાવે વિપત્તિ જાવે, પરમ સંપત્તિ પાઇએ. ૧
પ્રભુ મહીમા સાગર ગુણ વૈરાગર, પાસ અંતરીક્ષ જે સ્તવે;
તસ સકલ મંગલ જય જયારવ; આનંદ વર્ધન વિનવે.-૯

ઇતિ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ જિન છંદ સંપૂર્ણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી ગૌડી પાર્શ્વનાથ જિન છંદ

## દુહા

સુવચન દે મુજ સારદા સામિણિ તું સમરથ;
ગૌડીરા ગુણ ગાવતા ઉપજે સરસ અરથ.– ૧

કલ્પ વેલી કવિયા તણી આઈ વચન અમોઘ;
થલ દેખાડે તિણ થકી ઉમટે રસ રાઓઘ.– ૨

ગૌડી ગુણ ગાઢો ગુહિર ભાંજે ભવ ભવ ભીડ;
સહાય દિયે સમર્યાં સબલ પ્રગટ વિદારે પીડ.– ૩

ચાવો તું ચિહુ ચકકમે ભોગ લિયણ ભલી ભાતી;
આરાધ્યો અહનિશ અતુલ ખરી પૂરવે ખાંતી.– ૪

ખલાં નિદ્દલિખા સ્વર કરે અરિયણ દિયે ઉવટ્ટ;
સંભાલણ સેવક તણો પારસનાથ પ્રગટ્ટ.– ૫

## છંદ નારાચ

નિહાલી ભાલ અઠમે મયંકલાજી અત્થમે,
સુરૂપ મેણ લજીઓ હુઓ અનંગ સત્થમે;
સરોજ નૈણ સોહચાહિ હુએ નીર સાયકં,
પ્રભાતિ ભક્તિ જુત્તિ નિત્ય પૂજી પાસ નાયકં.– ૬

પ્રવિત્ત કંત્તિ કીર્તિ દિત્તિ સત્તિ જુત્તિ સોહએ,
અપાર સાર રૂપ ભાર આર પાર એ મોહએ;
કલત્ર સુત પુત્ર વિત્ત તત્ર મતિ...દાયકં,
પ્રભાતિ ભકિત જુતિ નિત્ય પુજી પાસ નાયકં.– ૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેક થોક થોક લોક ધોક ધસિઆ વચ્ચે,
કરે સનાથ હાથ જોડી નાથ ગીત ગાવચ્ચે;
વચ્ચે સંગીત બદ્ધ સુદ્ધ તાલ માન લાયકં,
પ્રભાતિ ભકિત જુતિ નિત્ય પૂજી પાસ નાયકં;– ૮

મિલાઈ તાનતાલ મેલિ ધુમિ ઘોર મદ્દલા,
બજે સુગંધ જોર નાદ વાદ મંડિ વદ્દલા;
ઉડે રંગ અંગ અંગ રાગ રંગ ગાયકં,
પ્રભાતિ ભકિત જુતિ નિત્ય પૂજી પાસ નાયકં.– ૯

કુમકકમાં અરગ્ગજા અબીર કસ્સતૂરએ,
મહમ્મહે કપૂર પૂર અંગ ધૂપ પૂરએ....;
વિરાજમાણ સુબ્વિ હાંણ સાહિબી સુહાયકં,
પ્રભાતિ ભકિત જુત્તિ નિત્ય પૂજી પાસ નાયકં. ૧૦

## દુહા

રોગ વિડારણ રસ હિઅણ થિરથપ્પણ જસ થાપ;
સમર્યો ગોડી સાહિબો આવે નિત્ય આપો આપ.–૧૧

## છંદ આર્ધનારાચ

અભંગ રંગ અંગ ચંગ સાર સંગ અપ્પયએ,
સુવાસ શ્વાસ સુવિલાસ દેય કંઠ કીરિ કપ્પયએ;
દિયે દિવાણ માણ તાસ આણ ભાસ દિપ્પયએ,
જયંત પાસ નામ જાપ જગ્ગ અગ્ગ જિપ્પયએ.–૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વહંતિ જે મદ પ્રવાહ ઘોરિ નેણ ઘુમ્મએ,
ખલ ખલંત સિખ લાભ લક્ક ચક્ક ભમ્મએ;
ઈસ્યા અનેક અંગણે ગયંદ વૃંદ ગાજએ,
પ્રસન્ન ગૌડીરે પસાય દરિદ્ર દૂરી ભજ્જએ-૧૩

ઘમ ઘમંત ઘઘરે કઠઠિ પાખરે કસ્યા,
પડે તિનાલ તાલ પટ્ટ ધ્રૂજવે ધરા ધસ્ય;
ખમે નવાય રજ્જુ ખેધ ખુદ સીકરે ખરા,
દિયે ઈસ્યા ખગસ્સિ દેવવાજી બાહુ વેગરા.-૧૪

ધમક્ક પાષ રાધણી ધરા ધમક્ક ધૂજણા,
થકેનથી ગયો ગધક્ક થપ્ય ટાપ થપ્પણા;
સુવન્ન સાકતી સંગ્રામ પાડે દેત પારએ,
દિયે ધવલ્લ ધીઅ દોરિ ઘોડલા ઘુમારએ.-૧૫

ખલેન વિમ્મરા ખટક્કિ હેમ રાન હટ્ટએ,
સુવન્ન ઘટ્ટ સોહતા થપ્પા સતંગ થટ્ટએ;
હરાઇ દેવ જાણુ હેરિ ઉપ હેમ આકડા,
દરિદ્ર ફેડી દિયે દેવ વારૂ રત્થ વાકડા.-૧૬

મુહે નરાડિ સમ્મુહા વહે નવિમ્મુહા મુદા,
સુસામિ ધ્રમ્મ સાચવે પુલે નહી પરંમુદા;
ધમક્ક ધીર ધીગડા મરોડ તામ રટ્ટએ,
અંગ જણો દિયે અગંજ ગંજણા ગરટ્ટએ.-૧૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવીણ વાણ કંઠ પીણ કુચ્ચ ઉચ્ચ કુંભએ,
વિલાસીની સુહાસ વાસ રંગ રૂપ રંભએ;
કલ્લોલ લોલ કામિણી કલા કલાપ કેલવે,
જીણંદ પૂજ્યો જીણે તે ભોગીયા ભવે ભવે.–૧૮

## દુહા.

ઇલત લઇચ્યો ન દેખિયો દુઠા પાડણ દ્રાહ;
દુઃખ કપ્પણ દાલિદ દલણ અખણ સુખ અથાહ.–૧૯

## છંદ.

ચડો ( વડો ) દિવાણ વાહરૂ અજગ્ગ આણ જગ્ગવે,
પયંડ દાણ વાપ છડિ ભીડ પાડિ ભગ્ગવે;
સથાણ થાહરો સરૂપ થાપયો જહે થલા,
પ્રગટ્ટ મલ્લ ગૌડિ પાસ પૂરિ સુખ પ્રગ્ઘલા.–૨૦

અરત્થહીનને અરત્થ સત્તહીણ સત્તદે,
કુરૂપને સુરૂપ કંત કાલિમાન દે કદે.......;
અકંઠને દિયે તુ કંઠિ કંઠ મીઠ કોકિલા,
પ્રગટ્ટ મલ્લ ગૌડી પાસ ચૂરિ સુખ પ્રગ્ઘલા.–૨૧

નિહાલતો નગ અનેક દૂરિ કયા દુભાગિયા,
છડા કહે છુડાઇ દુઃખ લાર આપ લાગિયા;
જલે થલે કરે જતન્ન હથ સાહિ હે કલા,
પ્રગટ્ટ મલ્લ ગૌડી પાસ પૂરિ સુખ પ્રગ્ઘલા.–૨૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થિરક્ક તાર હેથ ડંગ થાકિયા થડે થડે,
પયોરિયા ત્રિવંક પાય પાડિયા પુડે પુડે;
કરે ન હોડી તો કદા પિતોડિ ભાગિયા તલા,
પ્રગટ્ટ મલ્લ ગૌડી પાસ પૂરિ સુખ પ્રગ્ઘલા.-૨૩

જીકે દિખા (ષા)ય આપ જોર દુમ્મણાદગ્ગાદીયે,
પરાણ પીડિ પાર કિલ તાડિ લિખ મીલીયે;
રહે સદા અબીહ રંગ બાલિએ હડાબલા,
પ્રગટ્ટ મલ્લ ગૌડી પાસ પૂરિ સુખ પ્રગ્ઘલા.-૨૪

પીશાચરૂપ ખાયે પાપ ચડિયા ચમૂતરે,
લગાય આલ લોકને ભલાઇ યાનકા ભરે;
ભષેજ પીઠ મંસ ભૂષગાલિ તે દુરાગલા,
પ્રગટ્ટ મલ્લ ગૌડી પાસ પૂરિ સુખ પ્રગ્ઘલા.-૨૫

વિસાલ કીર્તિ વેલવોમ અંગણે ન વીસમે,
અનંત કંતિ ઓપ અંગ અંકથીન અત્થમે;
જપે સદાઇ તુંજ જાપ માન પાય અધિક ઘણા,
પ્રગટ્ટ મલ્લ ગૌડી પાસ પૂરિ સુખ પ્રગ્ઘલા -૨૬

## દુહા

કરિ-હરિ-દવ-અહિ સુધ જલધિ રોગ બંધ ભય અટ્ઠ;
ધીંગ ધવલ સમરંતએ, દૂર પણઠે દુટ્ઠએ.-૨૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## છંદ ભૂજંગી

ચ્છાચ્છકોપટા છૂટ છાકયો છમુકે ધરાલી ધરા પાય ભારેં ધ્રસુક્કે;
રહેરોસરાતો વને આઇ રૂકકે જડે જાખરે ખાખરે જાજી જુકકે.–૨૮

મચ્યો સાર સાસાર સિક્કાર મુક્કે ફીરાવે ભરી સુઢી પુસાર પુક્કે;
ચિંતે સામિરો નામ જેને વચુકે સહીતા સદંતાલ સામો ન ઢુકકે.–૨૯

હસ્તિભયં નગા હુંતદા ઢાલ ઉઠે નખાલો,
મહી પુચ્છા આચ્છોટ દેમત્તવાલો; ।
ફુરક્કાચતો મૂંઉપ્ફાલ ફાલો,
ચલે ઉચ્ચલે ગાજરો દેખી ચાલો;–૩૦

ડગે ડાકતો જાડ જુડ ડરાલો પુલે ઉવટે વાછડે પંથ વાલો;
ચિતસ્યા તણો પાસરોજાસ ચાલો,
સદાસીહતા મુખહોવે શિયાલો.–૩૧

સીહ ભયંજપાવંન્ન કંતારમે આગિજાગે,
દહે ભાષરા ખાખરા મુલ દાગે;
ભડકકેસસા સ્યાલ પંખાલ ભાગે,
મહાવન્નમાહિ મુજિયા માર્ગ માગે.–૩૨

વહે આગિ ખુગાહ જ્યો લીધ વાગે,
નિવેડા ઉતે ઇત્ત દીસે ન આગે;
રટે નામ મંત્ર દયા ભક્તિ રાગે,
બુજે દાવ તત્કાલ વેલા ન લાગે–૩૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગ્નિભયં ફણી ખીજી ચ્યોરક્ત લોચન ફટ્ટે,
હલા હલ્લી હક્કર પાછો ન હટ્ટે;
વરંવીરક મુચ્છાલ પુછ પચ્છટ્ટે,
ચહેચા ખીવા રકત દોજીહ ચટ્ટે.–૩૪

દહે રૂખ પુંકે ઇખિક્કે દપટ્ટે,
મહાકાલ રૂપી ભયાપો મરટ્ટે;
નમો નાથથી નાગ નાવે નિકટ્ટે,
પટ્ટુ ફુલમાલા થઇ તે પ્રગટ્ટે–૩૫

## સર્પ ભયં ૪

અસ્યા રાય રાણા ભિડૈવા અટાલા,
દુકે રોસ રાતા ન હઠે હવાલા;
નખા ચખ્ખથી પાખસ્યા નાગ કાલા,
વહે વાદલા જાણી ભાદ્રવવાલા.–૩૬

રસી જંગરા કુદી ખુદી રૂહાલા કઠથા કુરલ્લે કલજા કરાલા;
પુડે આપડે જાપડે ખગ્ગપાલા વજે તૂરસિંધુ સરે વેઢિયાલા.–૩૭

જુમગ્ગી પડે જંગ રંગે જુજુલા નિરેસ્તઆ પૂરિયા નદ્દનાલા;
તરે તાગુઆ આગુઆ તેગ વાલા પડે નાલિ ગોલા ધમકે પતાલા.–૩૮

ધૂચે ધૂપડો અંતરે ધૂમ્મરાલા ફીરે સત્તિર ત્તાપિયે દેય ફાલા;
ઘસે સાકડે તાહિરા ઉપરાલા મહા ભાડી બોડાયદે જીતમાલા.–૩૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સંગ્રામ ભયં ૫

નરા કેઇ વ્યાપારીયા બેસે નાદે,
સકોસાથ સાજે વિદેશે સિધાવે;
અગાધે જલે તે તરિ વેગિ આવે,
થરે મંડલા ઘુંમણી વાય થાવે.-૪૦

હિલોલે કલોલા સમુદ્રે નમાવે,
કટક્કી ઘટાઘોર નાખે કુદાવે;
ફુત્તા થંભ ઉફ્ફાલિયા નીર કાવે,
ફસ્યા લોક ભીડિ નહિ જોર ફાવે.-૪૧

ઘકા ઘડિયા ફાલના સર્વ ધાવે,
ખરે કષ્ટ પીડયા ન પીવે ન ખાવે
ગુણી પાસરા આસરા ગીત ગાવે,
પયોનિધિનો તે સુખે પાર પાવે.-૪૨

## સમુદ્ર ભયં ૬

ખસા ગુલ્મ પીહા નહા દાહ ખાસા,
હિચા સોડિકા ન સૂરાકુ ઘાસા;
ખઇ ખેન પાદા ભૂમિ શૂલ પાસા,
જરી જામરા જીંજીણી રોમ ધાસા.-૪૩

ગડા ગુંબડા વાલ કાદદ્રુવાસા,
વિમચ્ચી પ્રેમ હા મ (ષ) ાસા;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હિંડકી ઘડકી ગંભીરા હરાસા,
ગુલી ડમ્મરૂ વિમ્મરૂ જાનુ આવા.—૪૪

ફીડા પીનસા કોઢવ્યા ઉવિકાસા,
સસા પાનમી ઘુઘતા ઉંઘનાસા;
ભગંદર ઝલોદર કઢોદ્ર પ્રકાસા,
સફૂંદ જ્વરા કંઠમાલા નિવાસા.- ૪૫

ટલેરોગ ઇત્યાદિ દુષ્ટા દુરાશી,
મિટે આધી વ્યાધિ રહે દેહ ખાસી;
જપે પાસજી પાસજી એક સાસા,
તિણારી પ્રભુ પૂરવિ આપ આસા.—૪૬

## રોગ ભયં ૭

ચઢયા દૂઢરે હાથ કોઇકિવારે,
પડયા બંધિ ખાને સાદઈ પુકારે;
હજુરી મજુરા હણે વાહ કારે,
મચ્યા પાપરામાર આપે મતારો.—૪૭

કિતાઇ કલેવાસ ઉભા કિનારે,
દિયે કોરડા બાધિ કુટે દુમારે;
કરે દંડ મોટા ડરાવી કટારે,
અઠે છૂટવી વાત દીસે ન આરે.—૪૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિંતે બાપડો દેવ કેતા ચીતારે,
સુરા સેવ પાતી નહી કો સીકારે;
ઘણો નાથ બાજી રહી હાથ થારે,
ઉહાધ્યાઈઓ પાર તૂં હી ઉત્તારે.—૪૯

## રાજ ભયં ૮

જના જે સદાઈ જપે નામ ગૌડી,
ખપે આઠ ભે કાયની જાય ખોડી;
રહે રાય રાણા સવે હાથ જોડી,
કહે સંગ છન્ડે ન સંપત્તિ કોડી—૫૦

## કલશ.

પૂજો પરતિખ પાસ પાપ રજંપૂર પખાલણ,
અકલ અનઘ અવિનાશ સેવકાં સબલ સંભાલણ;
કરે કોડ કલ્યાણ દુઃખ દારિદ્રહ કપ્પણ,
અથક્ક આદરી આણ સુખ ભરતા સસમપ્પણ;
પારકરો પરતા પ્રબલ રોગ શોગ સંકટ હરન;
પ્રેમ વિજય પ્રભુતા દીયણ કાંતિ વિજય જય જયકરણ.—૫૧

ઇતિ શ્રી ગૌડી પાર્શ્વનાથ જિન છંદ સંપૂર્ણ.

# શ્રી ગૌડી પાર્શ્વનાથ જિન છંદ.

શ્રી સ્થલપતિ સ્થલ દેશે વસીયો સયલ મનોરથ કસણે કસીયો;
તસગુણ મણિ વિણે વાધસીયો, ભકિત અમૃતનો હું થયો રસીયો.–૧

ધીંગ ધવલ ગોડી ગુણ ગાટો, અલગ ઉવેલે અરીયણ આંટો;
દે દુરજનને વયણે દીઠો, કોઇ ન લોપે કેહનો કાંઠો.–૨

તુજ સેવે સૂર હરિ હર સરીખા, બ્રહ્માદિક તુઝ આંગે વિલખા;
ભગતિ કોડની ભાંજે તરષા, નમો નમો પુરૂષોત્તમ પુરૂષા.–૩

એકલ્લ મલ્લ અબીહઅગંજણ, નવલ રૂપ ભવ ભીડ વિભંજન;
પૂર મનોરથ જગ ના મંડણ, નમો નમો જિણ રાય નીરંજણ.–૪

કીરત તુંજ પસરી બ્રહ્માંડે, ગુણ માલા વાસી નવ ખંડે;
નીબલ અશ્રુ (શુ) ર મુંકયા તે ડંડે, ભીડ પડે આવે તું પીંડે.–૫

## છંદ જાતિ.

આવે આવે હો તું આપે ભીર વિંટીયો બાવન વીર;
નીલડે ચડે કે કાણ પાખ (ષ) રે ચડયો દીવાણ. ૬

ભાખ (ષ) રાસ માથ સાથ દોડ વીર જોડ હાથ;
ઘૂઘરારા ઘૂમરોલ રમક તુમ કલોલ......... ૭

ધારે છત્ર છત્રપતિ ચામરાણિ લુત્તિ દુત્તિ;
સજન તન સિંણગાર ધૂપે ધૂખે ધૂ ધૂકાર. ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિગતિ બની ડહક તંબીયા વાજેંત્ર હક;
સુધારી સૂધિ મહક્ક મો ત્તીયાંલ ચિલ હકક. ૯

ક્ષેત્રપાલ ખરી (ષરી) ખાંતી (ષાંતી) દોલત વધિંવ દંત;
દોડતા જલેંબ માહે ગીર કસ્સ પઠે આહે. ૧૦

ચોસઠ સગતિરત્તી વાગણા લીયંતિ;
સતિ સરસ્વતી ગુણ થોક જિતરા ભણે શ્લોક. ૧૧

રંભ કરે નાટારંભ કઈ ગુણ કવે બંભ;
ચોરી કરે મહાદેવ રૂપતવે કામદેવ. ૧૨

આપેલી ઈખિ ગઢા ભગાહિ મે ગ્રહ્યો ભૂયાલ;
તરકસ્સ પૂસ્યો પાછે આછે-આછે આછે-આછે. ૧૩

ડમરે કરે વિવાહ ભારથી રથી સબાંહે;
ઇણે રૂપે ચઢયો નાહ, વાહ-વાહ-વાહ વાહ. ૧૪

ચટપટ ચાવે ચોટ હાંણવાને દેતો દોટ;
ધમકિ ધરા ધંધોલ ખેધે ખલ ખોલ ખોલ. ૧૫

આસરાને કેરે અંધ કંટકારા ભાજે કંધ;
ચૂગલ કરે ચપટ દોષી કરે દહ ચટ્ટ. ૧૬

તુંનડાપ છીડે ઇત્થ પિશુણા રાતોડી પિચ્છ;
ડાકણારા ફોડે ડાક ભૂત પ્રેત માને હાક. ૧૭

ઉટગારા ભાજે અંગ નવ ખન્ડે માંગે માંગ;
અહમત્ત ભસ્યો છાક દાખીણ વડો દિમાક. ૧૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂરે તું સકલ સિદ્ધિ નવનિધિ ઋધિ વૃદ્ધિ;
વખાણુ કેતિ કરાઈ ભાઈ ભાઈ ભાઇ ભાઇ. ૧૯

નીસાણે દીવાઇ ઠોર સાધે વેસ ઠોર ઠોર;
ખેલતો મુલક લખ આવડીયા કરે પક્ષ. ૨૦

તે લિંગ ફિરંગ અંગ રમે તું અનંગ રંગ;
ચીત્તમાહે ચીનદેસ તિહા તો વધારે સેસ. ૨૧

ભોટ મહા ભોટ લાટ સુખડીયા દેવે માટ;
પાર કર મર હટ્ટ... .... પૂજાએ તું પરગટ્ટ. ૨૨

કાશમિર ગુજરાત માનિજે ચૌરાશી નાત;
મારવાડ-ગોડવાડ તિહા રીદયે રૂહાડી; ૨૩

મેદ પાટ મલ્લવાર પૂજા લીજે વારંવાર;
સોરઠ-કુંકણ બંગ માન્યો દિયે ઉચ્છરંગ. ૨૪

છત્તિસ હજાર દેશ ખેલે નવે નવે વેસ;
અકલ અનાદિ અંત સેવકારી સાઝે ચીત્ત. ૨૫

ભાવઠ વિલૂર નાંખ (ષ) રાખ દેવ રાખી રાખી;
નાથ અમીણો કહાવે આવે બંધુ આવે-આવે. ૨૬

રોગ સોગ ભીડ ભાડ જાગી વીર જાગી જાગી;
પારથીયા સુણી બોલ બોલિ નાથ બોલ બોલ. ૨૭

દુહા કરી હરિ દેવ....અહિ સુધ જલધિ રોગ;
બંધ ભય અવ ધિગ ધવલ સમરંણઠયે દૂરપણઠે દ્ગઠ. ૨૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તંગ અંગ માતે ભૃંગ લોકચો લરે પટા.......;
છકચો દર પી આવે જાણે પાસ સી ઘટા. ૨૯

ગસદ દુધ ધસ્યો રૂઠિયા પાએણુસ કટા;
ગિડંદ ગોડી નામથી તે પુઠિ દે ચટ પટા. ૩૦

દિઅંતિ ફાલ વિધૂરાલ ધરા પુછ આ છડઈ;
સુતિ નખ મુખથી ગયંદ મોતિયા ઝડી,
કઠોર ચખફાડિ મુખ આઇ એકલાં અડે;
ગિડંદ ગોડિ નામથી મૃગદ ત્તેન આભડે. ૩૧

ઝડ પઝાડ લે ઝપેટ ઝાલીકંગી લુઝવે;
ધૂખંત ધૂમ ધૂમરાલ મૃગાલ બાલ મુંઝવે,
ઉડંતિ ગીધ પક્ષી મુધપંથી યાઉલુ જવે;
ગિડંદ ગોડિ નામ તેહ દાવ છુ ઝવે (ફવે) ૩૨

વિશાલ કુંક બાલિરૂ ખઠમે અંગ કાલિકા;
સુરત ક્ષત રીસયોન વલ્લનાગ કાલિકા–
ફણાલ સામુહો ધકે ચલે દુજિંહ નાલિકા;
ગિડંદ ગોડી નામ મંત્ર નાગ પુલિ માલિકા. ૩૩

ખડગ કેઇ ચાલવે ત્રિશૂલ સેલકે ગ્રહે;
વડાલ નાલિરિ ધડકક કાયરાંદિ સાવહે;
લડે મુયાલ ચાલિ બંધ લોહિયા નદી વહે–
ગિડંદ ગોડી નામથી સંગ્રામ જીતતી લહે. ૩૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિહાજ બેસિ દીપ દેસિ કેઇ લોક સંચરે;
હિલોલયો સમેદ વાય નીર તીર ઉભરે,
કડકડં તરાઉ બંધ ડોલયા ખરા ખરે;
ગિડંદ ગોડી નામથી સમુદ્ર પાર ઉત્તરે. ૩૫

હરસ સાસ–સીસ પીડ ગુંબડા ગડાવલઈ-
ભગંદરા સફદરા પ્રમેહ પત્થરી ગલે;
જલોદરા કઠોદરા જ્વરાદિ કોઢ ઉચલે-
ગિડંદ ગોડી નામથી રોગ વેગલા ટલે. ૩૬

જડે વિ દુઠ કંઠ તો કિ પાઇ બેડિ યા ઠવે-
દિયંતિ માર કોરડા કુવેણ બોલ દુહવે ।
સહંત બંદિખાન પીડ બાપડા પડયા ઠવે-
ગિડંદ ગોડી તેહ આપ રાજ બંધ છોડવે. ૩૭

## કલશ.

પરતા પૂરણ પાસ દાસ નિજપાલે જુગતે-
ગુણતા જસ ગુણ પાઠ આઠ ભય ભેદે વિગતે ।
મુગતિ રૂપ મન માણ આણ આપ રૂચિ ઉગતે-
વખાણ્યો ગુણ પ્રગુણ સુગુણ રૂપરી ભગતિ. ૩૮

પ્રેમ ધરણ જગ જસ ભરણ સરસ ઋદ્ધિ દાઈ;
સબલ કાંતિ વિજય સુખ કરણ નમો નમો ગોડી ધવલ ૩૯

ઇતિ શ્રી ગૌડી પાર્શ્વનાથ જિન છંદ સંપૂર્ણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી ગૌડી પાર્શ્વનાથ જિન છંદ.

કાર રૂપ પરમેસરા શ્રી ગૌડી પ્રભુ પાસ;
પરમ કૃપાલ દયાલ મુઝ દ્યો તુઝ ચરણે વાસ.–૧

અકલ નિરંજન જ્યોતિમય ચીદાનંદ ભગવાન;
પરમ પુરૂષ તુહી જગતમે અવરન તોહી સમાન.–૨

કરી પ્રણામ તુજ વિનવુ જય જય જય જગદીશ;
પરમ કૃપા કરી દીજીએ સૂત સંપત્તિ સુજગીશ.–૩

મુજ મન તુઝ મન ફુલમે રહ્યો જોર લપટાય;
સમર સમરિ ગુન માલિકા પરમાનંદ મય થાય.–૪

દુઃખ નાશે તુમ નામથી જીમ તમ જુ (કુ) ગતે તાણ;
સૂત દ્યો મુજ હિત સુખકરા સેવક અપનો જાણ.–૫

## છંદ ભૂજંગી.

જાણી આપણો દાસ સંભાલ કીજે,
ધરી ચીત્તમા આશ પૂરી જે;
ઘણુ શું કહુ પાસજી તોહી આગે,
મહ્યો એક તુહિ મેહિ ભાગે –૬

પ્રભુ રૂપ તારૂ થયો આદર્શ માહી,
દેખી ચીત્ત વ્યામોહ પામે ઉછાહી;
પ્રભુ શ્વાસનો ગંધ વર્ણ્યો ન જાવે,
જેથી પદ્મમાલા તિરસ્કાર પાવે.–૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગૌડી નામથી પાપ દૂરે પલાવે,
ગૌડી નામથી કષ્ટ સંતાપ જાવે;
ગૌડી નામથી સુખ સન્તોષ પાવે,
ગૌડી નામથી ઋદ્ધિને સિદ્ધિ આવે -૮

ગૌડી નામથી દુઃખડા જાય નાશે,
ગૌડી દેખતા નયન હોવે વિકાસે;
ગૌડી પૂજતા દૂરિ દોહગ્ગ જાવે,
ગૌડી ધ્યાનથી ભક્તએ મુકિત પાવે.-૯

મહા રોગ જે કુષ્ટને દુષ્ટ પીડા,
ગડા ગુમડા ક્ષયને તાવ ચીડા;
ગૌડી નામથી રોગ તે સર્વે જાવે,
શરીરે સુખ આનંદ પાવે.-૧૦

મહાવાય વાતે પાયો ધિમજારે,
ઘણુ ઉચ્છલે લ્લોલ વારે;
રહ્યા જે જાના વાહસે સામી નામે,
સહુ પોહચે આપણે વેગ ધામે.-૧૧

ઘણું ચડવાતે કરી જોર રાચે,
ચિહુ ઉર વહ્નિ તણા જાલ માચે;
ભયભીત પામ્યા જનાને ઉભઇ,
ગોડી નામનીરે કરીને ઉલ્લાઈ.-૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફણા ટોપ ઉચ્છાલતો નાગ આવે,
ફું ફુંકાર કરતો બીહાવે;
કરી રાતડા નયણસ્યુ દુષ્ટ ધાવે,
ગૌડી નામ જપે કરી દૂર જાવે.-૧૩

કરી સાથ ભેલા મિલે ચૌર ધાડી,
ગ્રહે માલ જાજા જાઇ વાટ પીડી;
પુહચે તિહા ચૌરથી ગેહખે (ષે) મે,
મેલે જાઇ વાલા તણે સંગ પ્રેમે.-૧૪

અરીજેહ દુઠા દીઈ દુઃખ આવી,
ધરે દ્રોહ માઠા બુરી બુદ્ધિ લાવી;
તિહા સઉમા જયતન સાણવાઇ,
ગૌડી નામથી ઋદ્ધિ પામે સવાઇ.-૧૫

કરાલા મહા દુષ્ટ જે મુજ દોષી,
કરો તેહનો વેગ સિંહાર સોખી;
કરૂં છું પ્રભુ વિનતિ નાથ જાણી,
ગ્રહ્યો સંગ તારો ખરો મન્યમાની.-૧૬

ચલે પુછ ઉછાલતો દીન રાતે,
કરી કુંભ ભેદી રહે નયન રાતે;
ઇસ્યો સીંહ આવંત દેખીને કંપે,
ભલી ભગતસ્યુ જે પ્રભુ નામ જપે.-૧૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી સેડ ઉંચી કપોલે જરતો,
મદોનમત્ત માતંગ આવે ધસંતો;
વિલોકી જે નરા પ્રભુ નામ ધારે,
તદા પાસજી તેહ દૂરે નિવારે.-૧૮

એસી અષ્ટ પીડા પ્રભુ પાસ ગોડી કરે,
સર્વ દૂરે ઇહા આય દોડી;
સ્કંધસ્યુ ચિત્ત માંસા ચલુ ધ્યાન તોરૂ,
પ્રભુ પાય મોહી રહ્યું મન મોરૂ.-૧૯

તુહિ મુજમાતા તુહિ મુજ તાતા,
તુહિ એક ત્રાતા તુહિ સુખ દાતા;
તુહિ એક આધાર છે નાથ મોરે,
દુજો કોઈ નહી અછે તુજ તોલે.-૨૦

વડ ઉબરા ઠાકરા તુજ સેવે,
વડા સિદ્ધ જોગેન્દ્ર સિધ દેવે;
વડા રાઉ રાણા નમે હાથ જોડી.
દીઇ ભગતને ઋદ્ધની કોડ કોડી.-૨૧

તુહિ પાસ ગૌડી ઘણિ કષ્ટ ચૂરે,
તુહિ આસ કીધા થકી આસ પૂરે;
વસે કોડ તેત્રીશ જે જગદેવા,
કરે સેવ તે તાહરી પાય સેવા.-૨૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## કલશ.

તુજ વિનવુ હું જગમાહી સંકટ ચૂરણ કોઈ;
જે વલગા તુમ બાહિ તસ ઘર નવનિધિ હોઇ.—૨૩

શ્રી ગોડી પ્રભુરાયા દેવ સર્વેમા દીપે;
જે પ્રણમે તુજ પાય તે સવિ અરિને જીતે—(જીપો)—૨૪

સરણ હજો ભવ ભવ લગે દેજો સુખ સંપતિ સદા;
શ્રી જીનચંદ ઉવઝાયનો જત કહે હરખે મુદા.—૨૫

ઇતિ શ્રી ગોડી પાર્શ્વનાથ જિન છંદ સંપૂર્ણ.

## ગોડી પાર્શ્વનાથજીનો છંદ

ધવલધિંગ ગોડી, ધણી સેવકજિન સાધાર; પંચમે આરે-પેખીઇ સાહેબ તું શીરસાર; ॥ ૧ ॥ તજો માન-માયા ભજો ભાવ આણી, વામાનંદને સેવીઇ સાર જાણી; જુઓ નાગને નાગણી એક ધ્યાને, પામ્યા ઇન્દ્રની સંપદા બો-ધદાને; ॥ ૨ ॥ વસ્યા પાટણે કાલ કે તુ ધરામાં, પધારા પછે પ્રેમ સું પારકરામાં; થલામાવલી વાસ કીધો વિચારી, પૂરે લોકની આશત્રિલોકય ધારી; ॥ ૩ ॥ ધરી હાથમાલા લક બાણ રંગે, બીડિ ગાતડી રાતડી નીલ અંગે; ચડી નીલડે

તેજીઇ વિઘન વારે, આવે વાહરે પંથ ભુલા સુધારે; ॥ ૪ ॥ જેહને ગોડી પાસ તણો રૂપ જોયો, તેહને કર્મના બંધનો જોર ખોયો; જેહણે ગોડી પાસ તણા પાય પૂજ્યા, શત્રુ સર્વદા તેહના દૂર ધ્રૂજ્યા; ॥ ૫ ॥ સર્વ દેવ દેવી થયા આજ છોટા, પ્રભુપાસજીનાએ પ્રાક્રમ મોટા; ગોડી આષ જોડી નવેખંડ ગાજે, જેહથી શાકણી--ડાકણી દૂર ભાગે; ॥ ૬ ॥ પૂરે કામના પાસ ગોડી પ્રસિદ્ધા, હેલે મોહરાજા જેણે જોર કીધો; માહા દુષ્ટ દુર્દાન્ત જે ભૂત ભુંડા, પ્રભુ નામથી પામે સર્વે ત્રાસ કુંડા; ॥ ૭ ॥ જરા જન્મના રોગના મૂલ કાપે, આરાધ્યો, સદા સંપદા સુખ આપે, ઉદેરતન ભાખે નમો પાસ ગોડી, નાખો નાથજી દુઃખની જાલ તોડી; ॥ ૮ ॥

॥ ઇતિ-ગોડી પાર્શ્વનાથજીનો છંદ સમાપ્ત. ॥

## શ્રી ગૌડી પાર્શ્વનાથ જિન છંદ.

શ્રી જિનમુખ પંકવાસવતી, સમરિ શ્રુત દેવી ઉલસતી; ઉપદેશ કહું તે ભાવ સુણો, પરભાતે ગોડી પાસ થુણો. ॥ ૧ ॥ સ્થાનિક જે વીસ કહ્યા જિનના, તે તત્ત્વ કહી જે પ્રવચનના; તે માહે ધૂરલો એહ ભણો, ॥ પરભાતે ॥ ૨ ॥ ત્રણ વર્ગ કહ્યા છે જે નરને, તેહનો સાધક નગણે સુર ને તે વર્ગ તણોએ બીજ ભણો ॥ પરભાતે. ॥ ૩ ॥ ચક્રિ પ્રમુખે જે રિદ્ધ લહી, જિન ધરમ થકી તે સર્વ કહ્યો; તે માટે મંગલ-એણ ગણો ॥ પરભાતે. ॥ ૪ ॥ આપદ ચિત્તથી દૂર ટલે, વલિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ાધલી સંપદ આવી મલે; મહિમા પણ હોવે સહસ ગણો
। પરભાતે. ॥ ૫ ॥ પેહલુ પાવન તુમે ચિત્ત કરો, ઉપસમ
ામુહા ગુણ રંગ ધરો; ક્રોધાદિક વૈરી દૂર હણો ॥ પરભાતે.
। ૬ ॥ શ્રી વિજયદેવ સૂરીશ્વર ગચ્છ ધણી, વિજય સિહ
ાુનીશ્વર રિદ્ધિ ઘણી; ભણે ઉદય સુ સેવક તાસ તણો, પરભાતે
ાૌડી પાસ થુણો. ॥ ૭ ॥

॥ ઇતિ ગૌડી પાર્શ્વનાથ જિન છંદ સમાપ્ત. ॥

## શ્રી પાર્શ્વનાથ જિન છંદ.

જય જય જગનાયક પાર્શ્વ જિનં, પ્રણતાખિલ માનવ ાેવ ગનં; જિન શાસન મંડન સ્વામી જયો, તુમ દરિસણ દેખી આનંદ ભયો. ॥ ૧ ॥ અશ્વસેન કુલં વર ભાનુ નિભં, નવ ાુસ્ત શરીર હરિત પ્રતિભં; ધરણિંદ સુસેવિત પાદ યુગં, ભર ાાસુર કાંતિ સદા સુભગં. ॥ ૨ ॥ નિજ રૂપ વિનિર્જિત રંભ-પતિં, વદનો ધ્રુતિ શારદ સૌમ તતિં; નયનાં બુજ દીપ્તિ વેશાલતરા, તિલ કુસુમ સન્નિભ નાસા પ્રવરા. ॥ ૩ ॥ રસના મૃત કંદ સમાન સદા, દશનાવલિ અનારકલી સુખદા; અધરા ાુણ વિદ્રુમ રંગ ધનં, જય સંખ પુરાભિધ પાશ્ર્વ જિનં ॥ ૪ ॥ અતિ ચારૂ મુકૂટ મસ્તક દીપે, કાને કુંડલ રવિ શશી ઝીંપે; તુમ મહિમા મહિ મંડલ ગાજે, નિત્ય પંચ શબ્દ વાજા વાજે. ॥ ૫ ॥ સુર કિન્નર વિદ્યાધર આવે, નર નારી તોરા ગુણ ગાવે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુજ સેવે ચોસઠ ઈન્દ્ર સદા, તુજ નામે નાવે કષ્ટ કદા. ॥ ૬ ॥ જે સેવે તુજને ભાવ ઘણે, નવનિધિ થાયે ઘર તેહ તણે; અડ-વડિયાં તું આધાર કહ્યો, સમરથ સાહિબ મે આજ લહ્યો. ॥ ૭ ॥ દુખીયાને સુખડા તું દાખે, અશરણને શરણે તું રાખે; તુજ નામે સંકટ વિકટ ટલે, વીછડીયા વાલા આવિ મલે. ॥ ૮ ॥ નટ વિટ લંપટ દૂરે નાસે, તુજ નામે ચોર ચરડ ત્રાસે; રણ રાઉલ જય તુજ નામ થકી, સઘલે આગલ તુજ સેવ થકી ॥ ૯ ॥ યક્ષ રાક્ષસ કિન્નર સવિ ફિરગા, કરી કેસરી દાવાનલ વિહગા; વધ બંધન ભય સઘલા જાયે, જે એક મના મુજને ધ્યાયે ॥ ૧૦ ॥ ભૂત–પ્રેત–પિશાચ છલી ન શકે, જગદીશ તવાભિધ જાય થકે; મહોટા જોટિંગ રહે દૂરે, દૈત્યાદિકના તું મદ ચૂરે. ॥ ૧૧ ॥ ડાયણી–સાયણી–જાએ હટકી, ભગવંત થાય તુજ ભજન થકી; કપટી તુજ નામ લીયા કંપે, દુર્જન મુખથી જી–જી જંપે. ॥ ૧૨ ॥ માનિ મછરાલા મુહમોડે, તે પણ આગલથી કર જોડે; દુર્મુખ દુષ્ટાદિક તુંહી દમે, તુજ જાપે મહોટા મ્લેચ્છ નમે. ॥ ૧૩ ॥ તુજ નામે માને નૃપ સબલા, તુજ જશ ઉજ્જવલ જેમ ચન્દ્રકલા; તુજ નામે પામે ઋદ્ધિ ઘણી, જય જય જગદીશ્વર ત્રિજગ ધણી. ॥ ૧૪ ॥ ચિન્તા-મણિ કામગવી પામે, હય ગય રથ પાયક તુજ નામે; જન પદ ઠકુરાંઈ તું આપે, દુર્જન જનના દારિદ્ર કાપે. ॥ ૧૫ ॥ નિર્ધનને તું ધનવંત કરે, તુઠો કોઠાર ભંડાર ભરે; ઘર પુત્ર કલત્ર પરિવાર ઘણો, તે સહુ મહિમા તુમ નામ તણો. ॥ ૧૬ ॥ મણિ માણક મોતી રત્ન જડયા; સોવન ભૂષણ બહુ સુઘડ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘડયા; વલી પેહેરણ નવરંગ વેશ ઘણા, તુમ નામે નવિ રહે કાંઇ મણા. ॥ ૧૭ ॥ વૈરી વિરૂઓ નવિ તાકિ સકે, વલી ચાડ ચૂગલ મનથી ચમકે; છલ છિદ્ર કદા કેહનો ન લગે, જિનરાજ સદા તુજ જ્યોતિ જગે; ॥ ૧૮ ॥ ઠગ ઠાકુર સવિ થર હર કંપે, પાખંડી પણ કો નવિ ફરકે; લુંટાદિક સહુ નાસી જાએ, મારગ તુજ જપતા જય થાએ; ॥ ૧૯ ॥ જડ મૂરખ જે મતિ હીન વલી, અજ્ઞાન તિમિર તસુ જાય ટલી; તુજ સમરણથી ડાહ્મા થાયે, પંડિત પદપામી પૂજાયે; ॥ ૨૦ ॥ ખસ-ખાંશિ ખયન--પીડા નાસે, દુર્બલ મુખ દીનપણું ત્રાસે; ગડ-ગુંબડ-કુષ્ટ જિકે સબલા તુજ ઝાપે રોગ સમે સઘલા. ॥ ૨૧ ॥ ગહિલા ગૂંગા વહિ રાય જિકે, તુજ ધ્યાને ગત દુઃખ થાય તીકે; તનુ કાન્તિ કલા સુવિશેષ વધે, તુજ સમરણ શું નવનિધિ સઘે. ॥ ૨૨ ॥ કરિ કેસરી અહિ રણ બંધ સયા, જલ જલણ જલોદર અષ્ટ ભયા; રાંગણ પમુંહા સવ જાય ટલી, તુજ નામે પામે રંગ રલી. ॥ ૨૩ ॥ ૐ હ્રીં અર્હં શ્રી પાશ્ર્વ નમો, નમિઊણ જપંતા દુષ્ટ દમો; ચિન્તામણિ મંત્ર જિકે ધ્યાયે, તિણ ઘર દિન દિન દોલત થાયે. ॥ ૨૪ ॥ ત્રિકરણ શુદ્ધ જે આરાધે, તસ જશ કીર્તિ જગમા વાધે; વલી કામિત કામ સવે સાધે, સમહિત ચિંતામણિ તુજ લાધે. ॥ ૨૫ ॥ મદ-મચ્છર મનથી દૂર તજે, ભગવંત ભલી પરે જેહ ભજે; તસઘર કમલા કલ્લોલ કરે, વલી રાજ્ય રમણી બહુ લીલ વરે. ॥ ૨૬ ॥ ભય વારક તારક તું ત્રાતા, સર્જન મન ગતિ મતિનો દાતા; માત તાત સહોદર તું સ્વામી, શીવદાયક નાયક હિતકામી. ॥ ૨૭ ॥ કરૂણા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર ઠાકુર તું મ્હારો, નિશિ વાસર નામ જપુ તાહરો; સેવક શુ પરમ કૃપા કરજો, વાલેસર વંછિત ફલ દેજો. ॥ ૨૮ ॥ જિન રાજ સદા તું જયકારી, તુજ મૂર્તિ અતિ મેહન ગારી; ગુજર જનપદ માહે રાજે, ત્રિભુવન ઠકુરાઈ તુજ છાજે. ॥ ૨૯ ॥ ઈમિ ભાવ ભલે જિનવર ગાયો, વામાસુત દેખી બહુ સુખ પાયો; રવિ મુનિ શશિ સંવચ્છર રંગે; જયદેવ સુરમા સુખ સંગે ॥૩૦॥ જય શંખપુરાભિધ પાર્શ્વ પ્રભો, સકલાર્થ સમી હિત દેહિ વિભો; બુધ હર્ષ રૂચિ વિજયાય મુદા, તપ લબ્ધિ રૂચિ સુખદાય સદા. ॥ ૩૧ ॥

## કલશ.

ઈત્થં સ્તુતઃ સકલ કામિત સિધ્ધિ દાતા યક્ષાધિરાજ નત શંખપુરાધિ રાજઃ ॥ સ્વસ્તિ શ્રી હર્ષ રૂચિ પંકજસુ પ્રસાદાત્ । શિષ્યેણ લબ્ધરૂચિનેતિ મુદા પ્રસન્નઃ ॥ ૩૨ ॥

॥ ઈતિ પાર્શ્વનાથ જિન છંદ સમાપ્ત ॥

## પાર્શ્વનાથજીનો છંદ

સકલ પાસ સંભારૂં નામ, જિમ મન વંછિત સિઝે કામ; ગોડી પાસ ચુલેરો શામલો, શંખેશ્વર સ્થંભણ ગુણનીલો ॥ ૧ ॥ દક્ષીણમાં કલિકુંડ અંતરિક્ષ, અમીઝરો ફલવધિં પ્રત્યક્ષ; નવ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લખો હજારો ઘણી, લોડણ પુરે ઇચ્છા ઘણી; ॥ ૨ ॥ જેસલ મેર સ્વામી ભીનમાલ, નવખંડો ઘોઘે રખવાલ; મંડોવર ઘાણે વંદીએ, જિરાવલો દાદો આનંદીએ; ॥ ૩ ॥ નવપલ્લવને કુંકુમરોલ, ચિંતામણી વંદતા કલ્લોલ; બંબપરો તે સુખસાગરૂં, મનમોહન પ્રભુ ગુણ આગરૂં; ॥ ૪ ॥ સોમનાથ ભેટવા જાઉં, કાપડ હેરો કરે કલ્યાણ; સાનિવાડ નાગોરે જાણ, ગાડરીયો તે પાસ વખાણ; ॥ ૫ ॥ ગંગાણીને બાહડમેર, રાવણ ટાલે ભવનો ફેર; સેરીસો સ્વામી મોહરપાસ, મોક્ષ કલેરો પૂરે આસ; ॥ ૬ ॥ બાલીધર નાકોડો ધણી, ડોસો કરસે વાર આપણી; સીસોદીયો નારંગો કહ્યો, અલપસ કોમલ મનમા રહ્યો; ॥ ૭ ॥ કોકો પાસ પ્રભુ પંચાસરો, વરકાણો સહસ ફણો આદર્યો; વિજય ચિંતામણી જિનવર પાસ, ગોડી જીતાંણે નીલ વિનાશ; ॥ ૮ ॥ રોદ્રાણી ને પાસ જોટ્ટાંગ, વદ્રાજાલ રહે ઉત્તંગ; અયમ તો પરો છેવટણ ભલો, અછછત્તો ભાભો સામલો; ॥ ૯ ॥ વાસ કંબલ હીજો નવરંગ, વેલુકો નવસારા ચંગ; કમોયો ચોપટ મલ સાંમ, આણંદાઓ કલારો લો નામ; ॥ ૧૦ ॥ નાગ દ્રોહ ને કામ કપાસ, વલી કંસારા પૂરે આસ; ભીડભંજન ને ઘૃત કલ્લોલ, વિઘન હરો થાપે નિજ બોલ; ॥ ૧૧ ॥ ભુઅડ પાસને કાસી ધણી, સોમનાથ આસ્યા પૂરે ઘણી; શ્રી શેત્રુંજોને ગિરનાર, સમેત શિખર માણક સંભાર; ॥ ૧૨ ॥ મુકતા ગીરિમાં ગોમટ સ્વામ, રાણક પુરે ઇલોરે ગામ; તારંગે જાદવ જુહાર, બંભણવાડ નવપલ્લવ વિહાર ॥ ૧૩ ॥ ઇમ અનેક ઠામ છે તારો વાસ, જુહારે તેહની પૂરે આસ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભાતે ઉઠી પાર્શ્વનાથ જપે, અલિય વિઘન તસ દુરે ખપે;
॥ ૧૪ ॥ તું જગદીશ મોટો દયાલ, સેવકનો છે તું પ્રતિપાલ;
અચલગચ્છપતિ સૂરિ કલ્યાણ, મોહન સાગર વંદે સુજાણ; ॥ ૧૫ ॥

॥ ઇતિ પાર્શ્વનાથજીનો છંદ સમાપ્ત ॥

## શ્રી પારસનાથજીનો છંદ

આપણ ઘર બેઠા લીલ કરો, નિજપુત્ર કલત્ર શુ પ્રેમ ધરો; તેમ દેશાંતર કાંઈ દોડો, નિત્ય પાસ જપોશ્રી જિન રૂડો ॥ ૧ ॥ મનોવાંછિત સઘલા કાજ સરે, શીર ઉપર ચામર છત્ર ધરે; કલમલ ચાલે આગલ ઘોડો, નિત્ય૦ ॥ ૨ ॥ ભૂતને પ્રેત પિશાચવલી, સાયણી ને દાયણી જાય ટલી; છલ છિદ્ર ન કોઈ લાગે જુડો; નિત્ય ॥ ૩ ॥ એકાંતર તાવસીયો દાહ, ઔષધવિણ જાયે ખણમાંહ; નવિ દુઃખે માથુ પગ ગુડો; નિત્ય૦ ॥ ૪ ॥ કંઠ માલા ગલ ગુંબડ સબલા, તસ ઉદર રોગ ટલે સઘલા; પીંડા ન કરે ફિન મલ ફોડો; નિત્ય૦ ॥ ૫ ॥ જાગતો તીર્થંકર પાસ બહુ, એમ જાણે સઘલો જગત સહુ; તતક્ષણ અશુભ કર્મ તોડો; નિત્ય૦ ॥ ૬ ॥ પાસ વણારસિ પુરી નગરી, તિહા ઉદયો જિનવર ઉદય કરી; સમય સુંદર કહે કર જોડી; નિત્ય૦ ॥ ૭ ॥

॥ ઇતિ પારસનાથજીનો છંદ સમાપ્ત ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી પાર્શ્વનાથના ૧૦૮ નામનો છંદ

રાગ-પ્રભાતી કડખો.

—:૦:—

પાસ જીનરાજ સુણી આજ શંખેશ્વરા,
પરમ પરમેશ્વરા વિશ્વ વ્યાપ્યો;
ભીડ ભાગી જરા જાદવાની જઇ,
થીર થઇ શંખપુરી નામ થાપ્યો–પાસ.–૧

સાર કરી સારી મનોહારી મહારાજ તું,
માની મુજ વિનતિ મન માચી;
અવર દેવા તણી આશી કુણ કામની,
સ્વામિની સેવના એક સાચી.–પાસ.–૨

તુંહી અરિહંત ભગવંત ભવ તારણો,
વારણો દુઃખ ભય વિષમ વાટે;
તુંહી સુખ કારણો સારણો કાજ સૌ,
તુંહી મનોહારણો સાચ માટે.–પાસ.–૩

અંતરીક અમીઝરા પાસ પંચાસરા,
ભોયડા પાસ ભાભા ભટેવા;
વિજય ચિંતામણી સોમ ચિંતામણી,
સ્વામી શ્રી પાસ તણી કરીએ ચરણ સેવા.–પાસ.–૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફલ વર્ધી પાસ મન્મોહના મગસીયા,
તારસલ્લા નમું નાહી તોટા;
એક બન્નેચા પ્રભુ આસ ગુણ અરજીયા,
બંભણ થંભણ પાસ મોટા.—પાસ.—પ

ગેબી ગોડી પ્રભુ નીલકંઠા નમું,
હલધરા સામલા પાસ પ્યારા;
સુરસરા કંકણા પાસ દાદાવલી,
સુરજ મંડન નમુ ચરણ તારા.—પાસ.—૬

જગત વલ્લભ કલિ કુંડ ચિંનામણી,
લોઢણ સેરીસા સ્વામી નમિએ;
નાકોડા ઉન્હાવલા કલીયુગા રાવણા,
પોસીના પાસ નમિ દુઃખ દમિએ—પાસ.—૭

સ્વામી માણેક નમું નાથ સીરોડીયા,
નાકુંડા જોર વાડી જગેસા;
કાપડી દોલતી પ્રમશીયા મુજપરા,
ગાડરીયા પ્રભુ ગુણ ગરેસા.—પાસ—૮

હમીર પરે પાસ પ્રણમુંવલી નવલખા,
ભીડભંજન પાસ ભીડ ભાગે;
દુઃખ ભંજન પ્રભુ ડોકરીયા નમું,
પાસ જીરાઉલા જગત જાગે.—પાસ.—૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવંતી ઉજ્જેણીયે સહસફણી સાહેબા,
મહીમા વાદે કોકો કડેરા;
નારંગા ચંચુચલા ચવલેસરા,
તીવરી ફલ વહાર નાગેન્દ્ર નેડા.–પાસ.–૧૦

પાસ કલ્યાણ ગંગાણી પ્રણમીયે,
પલ્લવહાર નાગેન્દ્ર નાથા;
કુર્કુટેસરા પાસ છત્રા બહી,
કમઠ દેવે નમ્યા સહુ સાથા.–પાસ –૧૧

તીમરી ગોગો પ્રભુ દુધીયા વલ્લભા,
સંખલ ઘત કલ્લોલ બુઢા;
ધીંગડમલ પ્રભુ પાસ ઝોટીંગજી,
જાસ મહિમા નહી જગત ગુઢા.–પાસ –૧૨

ચોરવાડી જિન રાજ ઉંડામણી,
પાસ અજાહરા નેવ નંગા;
કાપરડા વજેઓ પ્રભુ છે છલી,
સુખ સાગર તણા કરિયે સંગા.–પાસ.–૧૩

વીજુલા કર કંકુ મંડલીકાવલી,
મહુરીયા ફલોધી અણીંદા;
અઉઆ કુલપાક કંસારીયા ઉંબરા,
અણીયાલા પાસ પ્રણમુ આનંદા.–પાસ –૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવસારી નવ પલ્લવા પાસજી,
શ્રી મહાદેવ વરકાણ વાસી;
પરોકલા ટાંકલા નવખંડા નમો,
ભવ તણી જાય જેથી ઉદાસી.-પાસ.-૧૫

મન વાંછિત પ્રભુ પાસજીને નમું,
વલી નમું નાથ સાચા નગીના;
દુઃખ દોહગ તજી સાધુ મારગ ભજી,
કરમના કેસરીથી ના બીહના.-પાસ.-૧૬

અશ્વસેન નંદ કુલચંદ પ્રભુ અલવરા,
બીંબડા પાસ કલ્યાણ રાયા;
હોય કલ્યાણ જસ નામથી જય હવે,
જનની વામા ના જેહ જાયા;-પાસ.-૧૭

એક સત આઠ પ્રભુ પાસ નામે થુણ્યો,
સુખ સંપતિ લહો સર્વ વાતે;
ઋદ્ધિ જસ સંપદા સુખ શરીરે સદા,
નહી મણા માહરે કોઇ વાતે.-પાસ.-૧૮

સાચ જાણી સ્તવ્યો મન્ન માહરે ગમ્યો,
પાસ રૂદયે રમ્યો પરમ પ્રીતે;
સમીહીત સિદ્ધિ નવ નિધિ પામ્યો સૌ,
મુજ થકી જગતમાં કોન જીતે,-પાસ.-૧૯

કાજ સૌ સારજે શત્રુ સંહારજે,
પાસ શંખેશ્વરા મૌજ પાઉ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિત્ય પ્રભાતે ઉઠી નમુ નાથજી,
તુજ વિના અવર કુણ કાજે ધ્યાઉ.—પાસ.—૨૦

સંવત અઢાર એકાસીયે ફાલ્ગુન માસેયે,
બીજ ઉજ્વલ પખે છંદ કરીયો;
ગૌતમ ગુરૂ તણા વિજય ખુશાલને,
ઉત્તમે સંપદા સુખ વરીયો.—પાસ.—૨૧

ઇતિ શ્રી પાર્શ્વનાથના ૧૦૮ નામનો છંદ સંપૂર્ણ.

## શંખેશ્વર પાર્શ્વનાથજીનો છંદ.

સેવો પાસ શંખેસરો મન શુધ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુધ્ધે; દેવી–દેવલા અન્યને શું નમો છો, અહો ભવ્ય લોકો ભુલા કા ભમો છો. ।। ૧ ।। ત્રિલોકના નાથને શું તજો છો, પડયા પાસમા ભૂતડાને શું ભજો છો; સુર ધેનુ છંડી અજાને અજો છો; મહાપંથ મુકી કુપંથને શું ભજોછો. ।। ૨ ।। તજે કુંણ ચિન્તામણી કાચ માટે, ગૃહે કુંણ રાસભને હસ્તિ સાટે; સુર દ્રુમ ઉપાડી આકજે વાવે, માહા મુઢ તે આકુલા અંત પાવે. ।। ૩ ।। કિંહા કાકરોને કિંહા મેરૂ શ્રૃંગ, કિંહા કેસરી સિંહને કિહા તે કુરંગ; કિંહા વિશ્વનાથ તજો અન્ય દેવા, કરો એક ચીત્તે પ્રભુ પાસ સેવા. ।। ૪ ।। પૂજો દેવ પ્રભાવતી પ્રાણનાથ, સઉ જીવને જે કરે છે સનાથ; મહા તત્વ-જાણી સદા જેહ ધ્યાવે, તેહના દુઃખ દારિદ્ર દુરે પલાવે. ।। ૫ ।। પામી માન પોને વૃથા કા ગમો છો, કુસલે કરી દેહને શુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હમો છો; નહિ મુક્તિ વાસં વિના વિતરાગં, ભજો ભગવંત તજો દ્રષ્ટિ રાગં. ॥ ૬ ॥ ઉદય રત્ન ભાખે સદા હિત આણી, દયા ભાવ કીજે પ્રભુદાસ જાણી; આહરે આજ મોતિઅડે મેહ ટુઠા, પ્રભુ પાસ શંખેસરોજી આપ તુઠયા ॥ ૭ ॥

ઇતિ–શંખેશ્વર પાર્શ્વનાથજીનો છંદ સમાપ્ત.

## શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ જિન છંદ
### (પ્રભાતી)

પાસ સંખેશ્વરા સારકર સેવકા,
દેવ કાં એવડી વાર લાગે;
કોડી કર જોડી દરબાર આગે ખડા,
ઠાકુરા ચાકુરા માન માગે.-૧

પ્રગટ થા પાસજી મેલી પડદો પરો,
મોડ અસુરાણને આપ છોડો;
મુજ [૨] મહિરાણ [૩] મંજુસમા પેસીને,
ખલકના નાથજી બંધ ખોલો.–૨

જગતમા દેવ જગદીશ તું જાગતો,
એમ શું આજ જિનરાજ ઉંઘે;
મોટા દાનેશ્વરી તેહને દાખીએ,
દાન દે જેહ જગ [૪] કાળ મોઘે.–૩

---

[૧] ધરણેન્દ્ર [૨] અંતઃકરણ [૩] પેટી [૪] દુકાલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભીડ પડી [૫] જાદવા જોર લાગી જરા,
તત્ક્ષણ ત્રિકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાળથી પલકમા તે પ્રભુ,
ભકતજન તેહનો ભય નિવાર્યો.-૪

આદી અનાદિ અરિહંત તું એક છે,
દીન દયાલ છે કોણ દૂજો;
ઉદય રતન કહે પ્રગટ પ્રભુ પાસજી.
પામી ભય ભંજનો એહ પૂજો.-૫

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

સાહેબ શ્રી શંખેશ્વર પાસં સેવકની સાંભલ અરદાસં;
વારૂ દ્યો મુઝ વચન વિલાસં, ગુણ ગાઉં તોરા અવિનાસં;-૧

### (છંદ પદ્ધડી)

અવિનાશી આગર સમતા સાગર નાગર નિર્મલ ગંગ;
જિનપદ જિહાં કાશી વલી વણારસી સુવિલાસી સદસંગ;
અશ્વસેન અભંગા રાય અસુરંગા પરસંગા ગુણ જ્ઞાન,
પદમણી પટ્ટરાણી વામા વાણી ગુણખાણી ગજમાન;-૨

---

[૫] યાદવોને [૬] શ્રી કૃષ્ણે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નંદન જસનામી કુઅર કામી શીવગામી શિરદાર,
પ્રભુ પાસ શંખેશ્વર અતિ અલવેસર પરમેસર દાતાર;
તું ત્રિભુવન તારક ભવ દુઃખ વારક સારક સઘલા કાજ,
ઘર મંગલ માલા ઝાકઝમાલા રંગ રસાલા રાજ;–૩

નિલકંત તું નાથ હર્ષિત હાથ સાથ સબલ સખાય,
દેરાસર દીપે જગને જીપે છીપઉ નહિ છતિ કાય;
પરતખ તું પાસા દેહ દિલાસા આસા થે આશીસ,
કરજે ફીરતાર સાંઝ સવારં સંસારં સુજગીશ;–૪

પામી તત્પદવાસ લીલ વિલાસં આવાસં અવનિસ,
પરિગલ ધન પાવે ભકિત સભાવે ગુણ ગાવે નીસ દીસ;
ધરણિધર ધ્યાયો તબ તું આયો ગાયો ગુર્જર દેશ,
મહિમા વઢિયારં પાર અપારં અધિકારં અમરેશ;–૫

નામે તુંઝ નાસિ જાઈ ત્રાસી, ચાવા અરિયણ ચોર,
દંતી જે દુષ્ટં કેસરી કષ્ટં રિષ્ટં રણ બહુ સોર;
ફણીધર ફોકારં હાહાકારં આધારં અરિહંત,
ભય એતા ભજ્જં સામ સકજ્જં શંખેશ્વર ભગવંત;–૬

પાવક પરજોગે સંતતિ સોગે ભોગે જલ ભય હોય,
પ્રભુ પાસ પ્રતાપે જપતા જાપઇં તાપઇં નહિ તસ કોય;
પરિવારે પૂરા પુન્ય પંડુરા સાંમ સનૂરા લોક,
તે પાસ પ્રભાવે સહેજ સ્વભાવે પાવે સઘળા થોક;–૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મન ગમતા મેવા સાહિબ સેવા દેવા દ્યો નિતમેવ,
મહિલા મતિવંતી હેજ હસંતિ ગુણવંતિ ગૃહ હેવ;
વલિ વર્જિજત દૂષણ વસ્ત્ર વિભૂષણ પોષણ શ્રી જિનપાસ,
દેશે પરદેશે નામ નીવેશે સુવિસેસેં જસ વાસ; ૮

સુણીઓ મે સાચો જસું રવિ જાચો કાચો નહિ કમઘાત,
અક્ષર સે ઉજ્જ્વલ સામ સકોમલ સજલ કામ સોહાથ;
તેહની તુ આશા પૂરે પાસા સુવિશ્વાસા શીવ સાથ,
તુઅને જે ધ્યાવે બહુ સુખ પાવે પામે સુખ સનાથ;-૯

(કલશ)

સુવિશ્વાસ તાહરો જગ અસારો, જાણતા છે જિનવરો,
માનતા છે મન્ન મોટો, સ્વામી નામ શંખેશ્વરો;-૧

મુનિ એક સંવત મષ્ટ નંદન માન પોસ સુપાસ એ,
ધન તેરસી સમ અધિક દિન એ, વાર ભાનૂ સુવાસ એ; ૨

બુધ નિત્ય પંડિત જીવ શિષ્ય જીવન તું જય કરો,
પ્રભુ પાસ છંદે પ્રાતઃ પઢતા, નામથી નિત્ય જયંકરો;-૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન છંદ.

સકલ સાર સુરતરૂ જગ જાણું,
સુજસવાસ સકલ પરિમાણું,
સકલ દેવ શીર મુકટ સુચંગં,
નમો નમો જિન પતિ મનરંગં;—૧

જો જનમનરંગં અકલ ભંગં તેજ તુરંગં,
બહુ પુન પ્રસંગં નિત ઉછરંગં;
હરખત અંગં સિસ ભુજંગં,
દે સહુ રંગં સુરપતિ શૃંગં સારંગં; ૨

સારંગા વકત્રં પુન્ય પવિત્રં, રૂચિર ચરિત્રં જિવિત્રં,
તે જોજન મિત્રં પંકજપત્રં, નિર્મલ નેત્રં સાવિત્રં;
જગ જીવન મિત્રં, તરૂસત સત્રં મિત્રામિત્રં માવિત્રં,
વિશ્વત્રયચિત્રં, ચામર છત્રં શીસ ધરિત્રં પાવિત્રં; —૩

પાવિત્રા ભરણં, ત્રિભુવન સરણં મુકટા ભરણં આચરણં;
સુરવર ચિતચરણં, શીવ સુખકરણં, દારિદ્રહરણં, આવરણં;
સુખ સંપત્તિ ભરણં, ભવજલતરણં, અઘસંહરણં, ઉદ્ધરણં,
ગો અમૃતઝરણં, જનમનહરણં, વરણાવરણં, આદરણં —૪

આદરણા પાલં, ઝાકઝમાલં, નિજ ભૂપાલં, અજુઆલં,
અષ્ટમી શશિભાલં, દેવદયાલં, ચેતનચાલં, સુકમાલં;
ત્રિભુવન રખવાલં, કાલ દુકાલં, મહાવિકરાલં ભેટાલં,
શૃંગારરસાલં, મહકેમાલં, હૃદયવિશાલં, ભૂપાલં. —૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (કલસ)

અકલ રૂપ અવતાર સાર શીવ સંપત્તિ કારક,
રોગ શોક સંતાપ દુરિઅ દુઃખદોહગ નિવારક,
ચિહુ દિશી આણુ અખંડ ચંદ તપ તેજ દિણંદહ;
અમર અપછર કોડ ગાવે જસ નામે નરિંદહ,
મુનિ મેઘરાજ ઇમ કહે શ્રી પાર્શ્વનાથ ત્રિભુવન જપો,
શ્રી શંખેશ્વર સુરમણી પાય અધિક મંગલ નીલો. –૬

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

### (દોહા)

શ્રી જિન ત્રિભુવન મંડણો, સ્વામી લીલ વિલાસ;
જાગે જગ મહિમા નીલો, જયો શંખેશ્વર પાસ. –૧

સેવ્યો સુખ સંપત્તિ કરે, પૂજ્યો પૂરે અતિ આશ,
અશ્વસેન કુલ ઉદ્ધરણ, સાધ્યો શીવપુર વાસ. –૨

વાસગ નાગ કુમારનો, પૌમાવૈ........સંયુત્ત;
સપ્તફણો શીર પર ધરે, સુર સેવે નિત્ય પાદ. –૩

સિદ્ધિ વધૂ સંગમ સુજસ, જો કીજે મન આસ;
તો પ્રભુ સમરથ સેવિએ, શ્રી શંખેશ્વર જિન પાસ. –૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(છંદ ચાલ)

સેવો શ્રી જિણંદ પાય, દીઠે દુઃખ દૂર જાય, આણંદ અધિક થાય,
સંપત્તિ મિલે; નયણ નિર્મલ થાય, સેવક વંછિત પાય, અહનિ'
શિ ગુણ ગાય, આરતિ દલે; પ્રભુ તુઠો દીયે શીવ સિદ્ધિ,
માન બહુત યશ રિદ્ધિ; સકલ સંયોગ મિલે, રંગ ભરે; પૂજો શ્રી
જિણંદ પાસ, પૂરે મન કેરી આશ, અગર કપૂર વાસ કુસુમ ભેર.–પ

(દોહા)

સત્તર ભેદ સવિધે કરી, પૂજે સમકિત ધાર;
અંગો પાંગે ઉપદેશીયા, નસણાદિક નિરધાર. –૬

નવો સુજિણંદ અંગ, લુહો આણી ચીર ચંગ, આંગિરસો;
નવરગં, વિવહપરે; કેસર સુખડે કરી કનક કચોલી ભરી,
હિયે ભલો ભાવ ધરી, દાહિણ કરે; અતિ ખાંતે ખપકરી,
વિચિત્ર વિજ્ઞાન કરી, અવિનય દૂર કરી ભક્તિ ભરે,
પૂજો શ્રી જિણંદ પાસ.–૭

(દોહા)

સાચું એ સોહામણો, સ્થંભણ પુર શ્રી પાસ;
મૂર્તિ પ્રેમથી વંદિએ, શ્રી શંખેશ્વર પાસ. –૮

વંદુ શ્રી વિનય પૂરિ, પ્રભાત ઉગતે સૂર, વાજત પરહ ભેરિ,
જલ્લર ઝણે, ગાઓશ્રી ચતુર નર, અભિનવ સુરતરૂં;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભાવતી રાણીવર, આદર ઘણેં, જોડી સુમસ્તકે હાથ,
શીવપૂર શુદ્ધ થાય, પ્રણમું અનાથનાથ, ભંગતિભરે,
પૂજો શ્રી જિણંદ પાસ.–૯

જરા સિંધુ યાદવ પ્રતે, જરા જર્જર કિયજામ;
પાસ શંખેશ્વર પ્રગટિયા, પાય પખાલણ તામ. –૧૦

સદા સુસમર વીર, ન લાગે તો મર તીર જસુ નામે થાયે ધીર;
સુભટ કથા; હિંસે ગજવર ઘાટ, બિરૂદ તે બોલે ભાટ;
સોહંતિ સોવન ઘાટ, કરે તે ઘટા, જેહની પ્રશસ્તિ પાસ,
સંપતિ સુય ધરિ તાસ, વચણુ સુવાસ વાસ; લક્ષ્મી કરે,
પૂજો શ્રી જિણંદ પાસ –૧૧

## (કલશ–છપ્પય)

લક્ષ્મી કરે વિલાસ, આશ સઘલી સંપૂરે, પોમાવે ધરણિંદ, પાસ
સબ સંકટ ચૂરે, કેવલ દંસણ નાણ, સુખવલી ચારે અનંતા;
સબ લહિયે મન શુદ્ધ, જસુ પય સેવ કરંતા; દેવાધિ દેવ સ્વામી
સકલ, પાશ્વર્નાથ હિયે મે ધરે, કવિ કહે ચઉવિહ સંઘને,
સુપ્રસન્ન સ્વામી શંખેશ્વરા.–૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ

શ્રી શંખેશ્વર પ્રણુમી પાય, દરસણ દીઠે નવનિધ થાય;
સેવક જનની પૂરે આસ, જયો જયો શ્રી શંખેશ્વર પાસ -૧

જેહને ધ્યાને સંકટ ટલે, નામ જપંતા લચ્છી મલે;
પૂજા રચતાં અતિ ઉલ્લાસ, જયો જયો શ્રી શંખેશ્વર પાસ.-૨

ભૂત પ્રેત વ્યંતર નવિ છલઇ, દુષ્ટ દેવ તેહના મદ ગલઇ;
તુંમ નામે દુઃખ નાવે પાસ, જયો જયો શ્રી શંખેશ્વર પાસ.-૩

અશ્વસેન રાયા કુલચંદ, વામા રાણી કેરો મહાનંદ;
જન્મ હુવો તવ પોહતી આસ, જયો જયો શ્રી શંખેશ્વર પાસ.-૪

ડાકણ સાકણ ને વ્યંતરી, તુમ નામે સઉ હુવે કિંકરી;
દુષ્ટ શીકોત્તરી પામે તાસ, જયો જયો .... .... -૫

તાવ તે જરો નહિ એકાંતરો, નાસે રોગ જો પાસ ચિત ધરો;
સીસણી આંટીયો નાસે ખાસ, જયો જયો... .... .... -૬

ઋદ્ધિ સિદ્ધિ સંપત્તિ સવિમિલે, પાસ તણા ગુણ હયડે ધરે;
પુત્રાદિની પહોચે સવિ આસ, જયો જયો.... .... ... -૭

મન શુદ્ધે જે અભિગ્રહ કરે. વિઘન તેહના સવિ બેઠા હરે;
સફલ ફલે મન વંછિત તાસ, જયો જયો... ... .... -૮

પદ કમલ સેવે નાગ રાજ, સેવક જનના સારે કાજ;
સાનિધ કરે પદમાવતી તાસ, જયો જયો.... .... .... -૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મસ્તક મુકુટ કુંડલ ને હાર. બાંહિ બહીરખ દીપઈ સાર;
સોહઈ સામી સુખ નિવાસ, જયો-જયો .... .... -૧૦

ચુઆ ચંદન અરચે ગાત્ર, આગલ નાચે અપછર પાત્ર;
મધુરી વાણી ગાવઈ ભાસ, જયો-જયો. .... .... -૧૧

અગર કપૂર ઉવેખે ધૂપ, દેસ દેશના આવઈ ભૂપ;
બઈઠો ગાવે જિનગુણરાસ, જયો.-જયો. ... .... -૧૨

તાલ મૃદંગ વીણા અતિસાર, નાટક વાચૈ અતિ ઉદાર:
અબિલ ગુલાબ ઉછાલે વાસ, જયો.-જયો. ... .... -૧૩

ઠામ ઠામ જે પાડે વાટ, ઉભો દીસે રૂંધી ઘાટ;
દુષ્ટ ચોર તે થાઇ દાસ. જયો.-જયો. .... ... .... -૧૪

શ્રી સ્તવીઓ જિન ગુણ રાય, જસ સૌભાગ તણો સુપસાય;
ભવ ભવ દેજ્યો તુમ પય વાસ, જયો-જયો. .... -૧૫

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

સેવો સેવો રે સજન જન પાસજી,
મોહે મન શંખેશ્વર પૂર ધન તિહા જિનરાજ રે;
પૂજો પૂજો રે ઉઠી પ્રભાત ફૂલ કેરી બહુજાત,
પૂજા કીજે ભાત ભાત તિહાજિન અંગરાજ રે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગાવો ગાવો રે ચતુર મુખ આંખ થાપી,
જિન મુખ દેખે બહુ સુખ સુખપાત્ર જિણંદરે;
અશ્વસેન કેરો નંદ વામાઇં જયો જિણંદ,
લાભ વૃદ્ધ સુખકંદ નાથ સેવે સુરંદરે -૧

બાવના ચંદન સાર ઘસી માહેં ઘનસાર,
શ્રી ખંડ સફાર જોઈ લીજેં સાર રે;
વર કેસર રંગ રસાલ મૃગમદ ઘનસાર,
માહે હિંગલો વિસાલ પૂજો સુખકારી રે;
વર કુંદ રૂક સાર તરૂક ધુપ અપાર,
અગરવતી વિસ્તાર ધુપ ઉખેવીઈ રે;
શંખેશ્વર પુર ધણી આસા પૂરે મન તણી,
લાભ વૃદ્ધ દીઇ ઘણી નાથ સેવીઇ રે -૨

કુમત કમઠ શઠ તેહનો ટાલીઓ હઠ,
ઉપસમ કેરો ઘટ તે એહ પાસરે;
લોચન સુધાઇ આપ સવી ટાલે તેહનો તાપ,
વિગત સંતાપ બાપ જગ પાસ રે;
નોકાર સુણાઇ હવે તેહને કીધો ધરણેંદ દેવ,
સુરનર કીધો સેવ ધન ધન ગાઇજે રે;
સકલ મલ્યા જે લોક પાસ પૂજેં બહુ થોક,
વાલો જિન સુર લોક પ્રેમ વૃદ્ધ પાઇજે રે. -૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એલગપુરનો રાય અલંગદે નામ કહેવાય,
પાર્શ્વ જિન નામથી કીધી કાય ચંગ રે;
નેમ વાચક બલીહારી અણાવી પ્રતિમા તારી,
યાદવ જરા ઉતારી કીધા બહુ રંગ રે;
તિવારે વાસીઉં ગામ શંખેશ્વર દીધુ નામ,
મહીમા જસ ઠામો ઠામ કીધા બહુ કમ રે;
રંગીલો રચીઓ આવાસ તીહા બેઠા શ્રી પાસ,
સર્વ જનની પોહત્તી આસ જપતા શ્રી પાસજી રે. —૪

## શ્રી વીર સ્વામિનો છંદ.

સેવો વીરને ચિતમા નિત્ય ધારો, અરિ ક્રોધને મનથી દૂર વારો; સન્તોષ વૃતિ ધરો ચીત્તમાહી, રાગ દ્વેષથી દૂર થાઓ ઉછાહી. ॥ ૧ ॥ પડયા મોહના પાસમા જેહ પ્રાણી, શુદ્ધ તત્વની વાત તેણે ન જાણી; મનુ જન્મ પામી વૃથા કા ગમો છો, જિન મારગ છંડી ભૂલા કા ભમો છો. ॥ ૨ ॥ અલોભી અમાની નિરાગી તજો છો, સલોભી-સમાની-સરાગી ભજો છો; હરિ હરાદિ અન્યથી શું રમો છો, નદી ગંગ મુકી ગલીમા પડો છો ॥ ૩ ॥ કોએ દેવ હાથે અસિ ચક્ર ધારા, કોએ દેવ ઘાલે ગલે રૂઢમાલા; કોએ દેવ ઉછંગે રાખી છે વામા, કોએ દેવ સાથે રમે વૃંદ રામા. ॥ ૪ ॥ કોએ દેવ જપે લઇ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જપ માલા, કોએ મંસ ભખી માહા વિકરાલા; કોએ જોગણી ભોગણી ભોગ રાગે, કોએ રૂદ્રણી છાગનો હોમ માગે. ॥ ૫ ॥ ઇસા દેવ દેવી તણી આસ રાખો, તદા મુક્તિના સુખને કિમ ચાખો; જદા લોભના થોકનો પાર નાવ્યો, તદા મધનો બિન્દુ એ મન ભાવ્યો. ॥ ૬ ॥ જેહ દેવલા આપણી આસ રાખે, તેહ પીંડને મનસુ લેય ચાખે; દીન હીનની ભીડ તે કિમ ભાંજે, ફુટો ઢોલ હોએ કહો કિમ વાજે ॥ ૭ ॥ અરે મૂઢ ભ્રાતા ભજો મોક્ષ દાતા, અલોભી પ્રભુને ભજો વિશ્વખ્યાતા; રત્ન ચિન્તામણી સરખો એહ સાચો, કલંકી કાચના ખંડસુ મત રાચો. ॥ ૮ ॥ મંદ બુધિ સુજેહ પ્રાણી કહે છે, સવિ ધર્મ એકત્વ ભૂલો ભમે છે; કિંહા સર્ષપાને કિંહા મેરૂ ધીરં, કિહા કાયરાને કિહા સૂરવીરં. ॥ ૯ ॥ કિહા સ્વર્ણ થાલં, કિહા કુંભ ખંડં, કિહા કોદરાને કિહા ક્ષીર મંડં; કિહા ક્ષાર સિંધુ–કિહા ક્ષાર નીરં, કિહા કામધેનુ–કિહા છાગ ક્ષીરં. ॥૧૦॥ કિહાં સત્ય વાચા–કિહા કુડ વાણી, કિહાં રંક પ્રિયા–કિહાં રાયરાણી; કિહાં નારકીને કિહાં દેવ ભોગી, કિહા ઇષ્ટ દેહી કિહાં કુષ્ટ રોગી. ॥ ૧૧ ॥ કિહાં કર્મ ઘાતી–કિહાં કર્મ ધારી, નમો વીર સ્વામિ ભજો અન્ય વારી; નિશિ સેનમા સ્વપ્નથી રાજ પામી, રાચે મંદ બુધિ ધરી જેહ સ્વામી. ॥ ૧૨ ॥ અસ્થિર સુખ સંસારમા મન માચે, તેજના મુઢમા શ્રેષ્ટ શું ઇષ્ટ સાચે; તજો મોહ માયા હરો દંભ રોસી, સજો પુન્ય પોસી ભજો જે અરોસી. ॥ ૧૩ ॥ ગતિ ચ્યાર સંસાર અસાર પામી, આયો આશ ધારી પ્રભુ પાય સ્વામી; તુંહી–તુંહી–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુંહી–પ્રભુ પરમ રાગી, ભવફેરની શ્રૃંખલા મોહ ભાગી. ॥ ૧૪ ॥
માનીઈ વીરજી અરજ છે એક મેરી, દીજીઈ દાસકું સેવના ચરણ તોરી; પુન્ય ઉદય હુઓ ગુરૂ આજ મેરો, વિવેકે લહ્યો મે પ્રભુ દર્શન તોરો. ॥ ૧૫ ॥

॥ ઇતિ–વીર સ્વામીનો છંદ સમાપ્ત ॥

—o-oo-o—

## શ્રી ચોવીશ જિનેશ્વરનો છંદ

### ચોપાઇ

આર્યા બ્રહ્મસુતા વાણી ગિર્વાણી, સુમતિ વિમલ આપો બ્રહ્માણી;
કમલ કમંડલ પુસ્તક પાણી, હું પ્રણમું જોડી જુગ પાણી.–૧

### દુહા

ચોવીસે જિનવર તણા, છંદ રચું ચોસાલ;
ભણતા શીવસુખ સંપજે, સુણતા મંગલ માલ. –૨

### । છંદ જાતિ સવૈયા ।

આદિ જિણંદ, નમે નરઇંદ, સપુનમ ચંદ, સમાન સુખં, સમામૃત કંદ ટાલે ભવફંદ, મરૂદેવીનંદ કરત સુખં; લગે જસપાય સુરીન્દ નિકાય, ભલા ગુણ ગાય, ભવિક જનં, કંચન કાય નહિજ સમાય, નમે સુખ થાય શ્રી આદિજિનં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ ૧ ॥ અજિત જિણંદ દયાલ–મયાલ- વિસાલ નયન, કૃપાલ જુગં, અનુપમ ગલ–મહામૃગચાલ સુભાલ સુજાનગ, બાહુ જુગં; મનુષ્યમેં વરાહ–મુનિસર સિંહ અબીહ નિરીહ ગયે મુગતિ, કહે નય ચિત્ત ધરી બહુ ભક્તિ નમે જિનનાથ મલી જુગતી ॥ ૨ ॥ કહે સંભવનાથ અનાથ કો નાથ, સુગતિકો સાથ મિલ્યો પ્રભુ મેરો, ભવોદધિપાજ ગરિબનિવાજ સબ્વે શીરતાજ નિવારત ફેરો; જિતારીકો જાત સુસેના માત નમે નરજાત મિલી બહુ ઘેરો, કહે નય શુદ્ધ ધરિ બહુ બુધ્ધ જિનાવર નાથ હું સેવક તેરો; ॥ ૩ ॥ અભિનદન સ્વામ લિયે જસ નામ સરે સવિકામ ભવિકતણો, વનિતા જસ ગામ નિવાસ કો ઠામ, કરે ગુણ ગ્રામ નરિંદ ઘણો; મુનીશ્વર રૂપ અનુપમ ભૂપ અકલ સ્વરૂપ, જિનંદ તણો, કહે નય ખેમ ધરી બહુ પ્રેમ નમે નર પાવન સુખ ઘણો. ॥ ૪ ॥ મેઘ નરિંદ મલાર વિરાજિત સોવન વાન સમાનતનુ, ચંદ સુચંદ વદન સુહાવત રૂપવિગર્જિત કામતનું; કર્મકી કોડી સવે દુઃખ છોડી, નમે કરજોડી કરિ ભક્તિ, વંશ ઇક્ષ્વાકુ વિભૂષણ સાહિબ સુમતિ જિનંદગએ મુક્તિ. ॥ ૫ ॥ હંસ પાદ તુલ્ય રંગ રતિ અર્ધ રાગ રંગ અઢિસે ધનુષચંગ, દેહકો પ્રમાણ હે, ઉગતો દિણંદ રંગ લાલકેસુ ફુલરંગ, રૂપ હે અનંગ ભંગ અંગ કેરો વાન હે; ગંગ કો તરંગ રંગ દેવ નાથહિ અભંગ જ્ઞાનકો વિસાલ રંગ, શુધ્ધ જાકો ધ્યાન હે, નિવારીએ કલેશ સંગ પદ્મ પ્રભ સ્વામિ ધીંગ, દિજિએ સુમતિ સંગ પદ્મ કેરો જાણ હે. ॥ ૬ ॥ જિણંદ સુપાસ તણા ગુણ રાસ ગાવે ભવિ ભાસ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આણંદ ઘણે ગમે ભવિ પાસ મહિમા નિવાસ, પૂરે સવિ આસ કુમતિ હણે; ચીંહુ દિસે વાસ સુગંધ સુવાસ ઉસાસ નિઃસાસ જિનેન્દ્ર તણો, કહે નયખાસ મુનીન્દ્ર સુપાસ તણો જસવાસ સદૈવ ભણો. ॥ ૭ ॥ ચન્દ્ર ચન્દ્રિકા સમાન રૂપ રૌલસે સમાન, દોઢસો ધનુષમાન, દેહકો પ્રમાણ હે, ચન્દ્ર પ્રભુ સ્વામી નામ લીજીએ પ્રભાત જામ, પામીયે સુખ ઠામ ઠામ, ગામજ સમાનહે; મહાસેન અંગ જાત લક્ષ્મણાભિધાન માત, જગમાં સુજસખ્યાત, ચિહું દિસે થાત હે, કહે નય છોડી તાત ધ્યાઇએ જો દિનરાત, પામીયે તો સુખ સાત દુઃખ કોડી જાત હે. ॥ ૮ ॥ ધેલો દુધ ફેન પીંડ, ઉજલો કપુર ખંડ, અમૃત સરસ કુંડ શુધ્ધ જાકો તુંડ હે, સુવિધિ જિનંદ સંત, કીજીએ દુઃકર્મઅંત, શુભ ભક્તિ જાસદંત, શ્વેત જાકો વાન હે; કહે નય સુણો સંત, પુજીયે જો પુષ્પદંત, પામીયે તો સુખ સંત, શુધ્ધ જાકો ધ્યાન હે ॥ ૯ ॥ શીતલ શીતલવાણી ઘનાઘન, ચાહેત હે ભવિકોક કિશોરા, કાક દિણંદ પ્રજાસુ નરીંદ, વલી જિમ ચાહત ચંદ ચકોરા; વિધ ગયંદ સુચિ સૂરીંદ સતિ નિજકંત સુમેઘ મયુરા, કહે નય નેહ ઘરી ગુણ ગેહ; તથા હું ધ્યાવત સાહેબ મેરા ॥ ૧૦ ॥ વિષ્ણું ભૂપકો મલ્હાર, જગજંતુ સુખકાર, વંશકો શૃંગારહાર રૂપકો આગાર હે, છોડિ સવિ ચિત્તખાર, માન મોહકો વિકાર, કામ ક્રોધકો સંચાર, શર્વ વૈરી બાર હે; આદર્યો સંજમ ભાર પંચ મહાવ્રત ધાર, ઉતારે સંસારપાર, જ્ઞાનકો ભંડાર હે, ઇગ્યારમો જિણંદ સાર ખડગી જિવ ચિન્હધાર, કહે નય વારો

વાર, મોક્ષકો દાતાર હે. ॥ ૧૧ ॥ લાલ કેસુ ફુલ લાલ, રતિ અર્ધ રંગલાલ, ઉગતો જિણંદલાલ, લાલચોલ રંગ હે, કેસરીકી જીહલાલ, કેસરકો ઘોલ લાલ, ચુનડી કો રંગલાલ, લાલપાન રંગ હે; લાલ કીર ચંચૂ લાલ, હીંગલો પ્રવ લ લાલ, કોકિલાકી દ્રષ્ટિલાલ, લાલ ધર્મ રંગ હે, કહે નય તેમ લાલ, બારમો જિણંદ લાલ જયાદેવી માત લાલ, લાલ જાકો અંગ હે ॥૧૨॥ કૃત વર્મનરીંદ તણો ઈહનેહ નમત સુરેન્દ્ર પ્રમોદ ધરી, ગમે દુ:ખ દંદ દીયે સુખ વૃંદ જાકો પદ સોહત, ચિત્તધરી; વિમલ જિણંદ પ્રસન્ન વદન, જાકે શુભ મન્ન સુગંગપરી, નમે એક મન્ન કહે નય ધન્ય, નમો જિનરાજ જિણંદ સુપ્રીત ધરી ॥ ૧૩ ॥ અનંત જિણંદ દેવ દેવમાં દેવાધિદેવ, પૂજો ભવી નિતમેવ ધરી બહુ ભાવના, સુર નર સારે સેવ સુખ કીઉ સ્વામી હેવ, તુજ પાખે ઓર દેવ ન કરૂં હું સેવના; સિંહસેન અંગ જાત સુજસાભિધાન માત, જગમા સુજસખ્યાત ચીહું દિશે વ્યાપતો; કહે નય તાસ વાત, કીજીએ જો સુપ્રભાત નિત્ય હોઇ સુખ સાત, કિર્તિ કોડી આપતો. ॥ ૧૪ ॥ જાકે પ્રતાપ પરાજિત નિર્બલ, ભૂતલ થઇ ભમે ભાનુ આકાશે, સૌમ્ય વદન વિનિર્જિત અંતર શ્યામ શશી નવિ હોત પ્રકાસે; ભાનુ મહિપતિ બંસે કુસય બોધન દીપત ભાનુ પ્રકાસે, નમે નય નેહ ધરી નિતુ સાહિબ ધર્મ જિણંદ ત્રીજગ પ્રેકાશે. ॥૧૫॥ સોલમા જિણંદ નામે શાંતિ હોય ઠામો ઠામે, સિધ્ધિ હોય સર્વ કામે નામકે પ્રભાવથે; કંચન સમાન વાન ચાલીશ ધનુષ માન ચક્રવૃતિકો ભિધાન (ધાન) દીપતો તે સૂરથે; ચૌદ રયણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાન દીપતા નવનિધાન, કરત સૂરેન્દ્ર ગાન પુણ્ય કે પ્રભાવથે; કહતય જોડી હાથ, અબહુ થયો સનાથ પાઇઓ સૂમતી સાથ શાંતિનાથ કે દિદારથે; ॥ ૧૬ ॥ હે કુંથુ જિણંદ દયાલ મયાલ વિશાલ નયન, કૃપાલ યુગં ભવ ભીમ મહાર્ણવ પૂર અગાહ અથાગ ઉપાધિ સુનીર ઘણો; બહુ જન્મ જરા મરણા દિવિભાવ *નિમિસ ઘણાદિ કલેસ ઘણો; અબતારકતાર ક્રિયા કર સાહિબ* સેવક જાણી અછે અપણો. ॥ ૧૭ ॥ અરદેવ સુદેવ કરે નર સેવ સવે દુઃખ દોહગ દુર કરે, ઉપદેશ ઘનાઘના નીર ભરે ભવિ માન સમાન ભૂરીતરે; સુદર્શન નામ નરેસર અંગજ ભવ્ય મને પ્રભુ જાસ વસે, તસ સંકટ શોક વિયોગ કુયોગ દરિદ્ર કુસંગતિ ન આવત પાસે; ॥ ૧૮ ॥ નીલ કીર પંખી નીલ-નાગવલિ પત્ર નીલત તરૂવર રાજિનીલ, નીલ નીલદ્રા બહે, કાચકો સુગોલ નીલ ઇન્દ્ર નીલ રત્ન નીલ પત્ર નીલ ચાસહે; જમુના પ્રવાહ નીલ, ભંગરાજ પંખી નીલ જેહવો અશોક વૃક્ષ, નીલ નીલ રંગ હે, કહે નય તેમ નીલ રાગથે અતિવ નીલ, મલીનાથ દેવ નીલ જાકો અંગ નીલ હે; ॥૧૯॥ સુમિત્ર નરીંદ તણો વરનંદ સુચન્દ્ર વદન સોહાવતહે, મંદર ધીર સેવે નરહીર સુશામ શરીર બિરાજિત હે; કજ્જલવાંન સુક છપયાન કરે ગુણગાન નરીંદ ઘણો; મુનિસુવ્રત સ્વામી તણો અભિધાન લહે નય માન આણંદ ઘણો; ॥ ૨૦ ॥ અરીહંત સરૂપ અનુપમ રૂપકે સેવક દુઃખને દુર કરે, નિજ વાણી સુધારસ મેઘ જલે ભવી માનસ માન ભૂરી ભરે; નમિનાથ કો દર્શન સાર લહી કુંણ, વિષ્ણું મહેશ ધરે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોપરે, અબ માનવ મૂઢ લહિ કુણ સકર, છોડકે કંકણ હાથ ધરે; ॥ ૨૧ ॥ જાદવવંશ વિભૂષણ સાહિબ નેમિ જિણંદ મહા નંદ કારી, સમુદ્ર વિજય નરીંદ તણો સુત, ઉજ્વલ શંખ સુલક્ષણ ધારી; રાજુલનાર મુંકી નિરધાર ગયે ગિરનાર કલેશ નિવારી, કજ્ઝલ કાય શીવા દેવી માય, નમે નય પાય મહાવ્રત ધારી. ॥ ૨૨ ॥ પાર્શ્વનાથ અનાથકોસ નાથ ભયો, પ્રભુ દેખતથેન સવિ રોગ વિજોગ કુજોગ મહાદુઃખ દુરગએ પ્રભુ ધ્યાવતથે ॥ અશ્વસેન નરેશ સુપુત વિરાજિત ઘનાઘન વાન સમાનતનું નય સેવક વંછીત પૂરણ સાહિબ અભિનવ કામ કરિ રમનુ ॥ ૨૩ ॥ કમઢ કુલંઢ ઉલંઢ હટી હઠ ભંજન જાસ પ્રતાપ વિરાજે। ચંદન વાણી સુવામાનંદન પુરૂષાદાણી બિરૂદ જસ છાજે ॥ જસ નામ કે ધ્યાન થકો સવિ દોહગ, દારિદ્ર દુઃખ મહા ભય ભાંજે। નય સેવક વંછિત પૂરણ સાહિબ, અષ્ટ મહાસિદ્ધિ નિત્ય નીવાજે ॥ ૨૪ ॥ સિદ્ધારથ ભૂપ તણા પ્રતિરૂપ નમે નર ભૂપ, આનંદ ધરી। અચિંત્ય સ્વરૂપ અનુપમ રૂપકે લંછન સોહત જાસ હરી ॥ ત્રિશલા નંદન સમપ્રુમ કંદન લઘુપણે કંપિત મેરૂગિરિ। નમેનય ચંદ વદન વિરાજિત, વીર જિણંદ સુપ્રીત ધરી; ॥ ૨૫ ॥ ચોવીશ જિણંદ તણા ઇહ છંદ ભણે ભણિ વૃંદ, જે ભાવધરી। તસ રોગ વિયોગ કુજોગ ભોગ, સવિ દુઃખ દોહગ દુર ટલે ॥ તસ અંગણ ભાર, ન લાભે પાર, સુમતિ તો ખાર, હે ખાર કરે। કહેનય સાર, સુમંગલ ચાર ઘરે તસ સંપદ, ભૂરી ભરે ॥ ૨૬ ॥ સંવેગી સાધુ વિભૂષણ વંસવિરાજિત શ્રી નયવિમલ, જનાનંદકારી ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તસ સેવક સંજમ ધાર સુધીર કે, ધીર વિમલગણિ જયકારી ॥ તસ પાદાંબુજ ભૃંગ સમાન શ્રી નયવિમલ મહાવ્રતધારી, કહે એહ છંદ સુણો ભવિવૃંદ, કે ભાવ ધરીને, ભણો નરનારી ॥ ૨૭ ॥

॥ ઇતિ ચોવીશ જિનેશ્વરનો છંદ સમાપ્ત. ॥

## શ્રી જિનેશ્વરના ચોત્રીશ અતિશયનો છંદ.

શ્રી જિન પ્રણમુ જગદાધાર, ભવિજન તારણ જગહિત કાર; ચોત્રીશ અતિષયના ધણી, ભવિયણ સેવકનો તસ ધણી ॥ ૧ ॥ અદ્ભુત રૂપ પ્રભુ દેહ સુવાસ, રોગ પ્રસેવો મેલનો નાશ; સુગંધ કમલ જિમ શાસો શ્વાસ, માસ-રૂધિર ગૌ દુગ્ધ પ્રકાસ ॥ ૨ ॥ આહાર નિહાર ન દેખે કોઇ, જન્મ થકી એ ચ્યારે હોય; અગ્યારે અતિશય હવે જોય, ઘાતિ કર્મ હણ્યાથી હોય ॥ ૩ ॥ એક યોજનના ખેત્ર મોઝાર, મનુષ્યદેવ તીર્યંચ અપાર; કોડા કોડી મલે પણ તિહા, અવાધાન વિથાઈ જિહા ॥ ૪ ॥ આપ આપણે ભાષા સમજાય, જોયણ લગે સરખી સંભલાય; પૂઠેભા મંડલ હોએ સહી, જોયણ સવાસો ઇતજ નહી ॥ ૫ ॥ રોગ વૈર નહી તિહાવિ ચાર, અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ નિવાર; નહિરે દુકાલ તણી એરિત, આ પકટકપર કટક ન ભીત ॥ ૬ ॥ દેવતણા કીધા ઓગણીશ, સાંભલજો હવે ધરિય જગીશ; ધર્મ ચક્ર ચાલે આકાશ, ચામર દોય ઢલે સુવિલાસ ॥ ૭ ॥ સિંહાસન પાય પીઠ સમીપ, છત્ર ત્રણ શીર ઉપર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છીપ; ધર્મધ્વજા ઉંચી અતિસાર, પગ તલે કનક શ્રીકાર ॥૮॥
ત્રણગઢ દીપે ગુણ નીલા, ચ્યારે શરીર ચ્યારે મુખભલા;
અશોક વૃક્ષ તિહા સુખદાય, મારગે કાટા ઉંધા થાય ॥ ૯ ॥
વૃક્ષની ડાલ નમે બિહુ પાસ, દેવ દુન્દુભિવાજે આકાશ;
અનુકુલ વાયુ સદા તિહાવાય, પ્રદક્ષિણા પંખી દેઇ જાય.
॥ ૧૦ ॥ સુગંધ વર્ષાની વૃષ્ટિ અમૂલ, વિવિધ વર્ણ વર્ષે બહુ
પુલ; નખને કેશ ન વાધેરતી; અણુ હું તે સુર કોડજ છતી.
॥ ૧૧ ॥ છએ ઋતુના જે ફલપુલ, એક ઋતુમાં પ્રગટે અમૂલ;
જેહના એ અતિશય ચોત્રીશ, ચોસઠ ઇન્દ્ર નમે નિશદિશ ॥૧૨॥
તે જિન નામ જપુ સુભ ભાવ, ભવ સાયર છુટન્તા નાવ;
દોહગ દૂર્મતિ દૂરે જાય, મુનિમતિ લાભ નમે નિત પાય. ॥૧૩॥

॥ ઇતિ જિનેશ્વરના ચોત્રીશ અતિશયનો છંદ સમાપ્ત. ॥

## શ્રી પંચ પ્રભુ છંદ.

પંચ પરમેશ્વરા પરમ અલવેશ્વરા,
વિશ્વ વાધેસરા વિશ્વ વ્યાપી;
ભકત વત્સલ પ્રભુ, ભકતજન ઉદ્ધરી,
મુકિત પદ જે વર્યા કર્મ કાપી.-પંચ.-૧

વૃષભ અંકિત પ્રભુ ઋષભજિન વંદીએ,
નાભી મરૂદેવાનો નંદ નીકો;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભરતને બ્રાહ્મીના, તાત અવનિતળે,
મોહમદ ગંજણો મુકિત ટીકો.-પંચ.-૨

શાન્તિપદ આપવા શાંતિપદ થાપવા,
અદ્‌ભૂત કાંતિ પ્રભુ શાંતિ સાચો;
[1] મૃગાંક [2] પારાપત [3] શ્યેનથી ઉદ્ધરી,
જગતપતિ જે થયો જગત જાચો.-પંચ-૩

નેમિ બાવીશમા, શંખ લંછન નમુ,
સમુદ્ર વિજય [4] અંગજ [5] અનંગ;
જીતી; રાજકન્યા તજી સાધુ મારગ ભજી,
જીતી જેણે કરી જગ વિદિતી.-પંચ.-૪

પાર્શ્વ જિનરાજ અશ્વસેન કુલ ઉપજયો,
જનની વામા તણો જેહ જાયો;
આજ ખેટક પુરે કાર્ય સિધ્યા સવે,
ભીડભંજન પ્રભુ જેહ કહાયો.-પંચ.-૫

વીર મહાવીર સર્વ વીર શીરોમણી,
રણવટ મોહ ભટ નામ મોડી;
મુક્તિગઢ ગ્રાસીયો જગત ઉપાસીયો,
તેહ નિત્ય વંદીએ હાથ જોડી.-પંચ.-૬

માતને તાત અવદાત એ જિન તણા,
ગામને ગોત્ર પ્રભુ નામ થુણતા;

---

૧ મૃગલાંછન, ૨ પારેવો, ૩ સિંચણો, ૪ પુત્ર, ૫ કામદેવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદય વાચક વદે, ઉદય પદ પામીએ,
ભાવે જિનરાજની કીર્તિ ભણતા.-પંચ.-૭

## શ્રી ગૌતમાષ્ટક છંદ.

વીર જિણેસર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશ દિશ; જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ॥ ૧ ॥ ગૌતમ નામે ગિરિવર ચઢે, મન વાંછિત હેલા સંપજે ॥ ૨ ॥ ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ; જે વૈરી વિરૂઆ વંકડા, તસનામે નાવે ઢુંકડા; ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગોતમના કરૂં વખાણ. ॥ ૩ ॥ ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય; ગૌતમ જિન શાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર. ॥ ૪ ॥ શાલ દાલ સુરહા ઘૃત ગોલ, મન વંછિત કાપડ તંબોલ; ઘરે સુઘરણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનિત. ॥ ૫ ॥ ગૌતમ ઉદયો અવિચલ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ; મોટા મંદિર મેરૂં સમાન, ગૌતમ નામે સફલ વિહાણ. ॥ ૬ ॥ ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પહોચે વંછીત કોડ; મહિયલ માને મહોટા રાય, જો તુઠે ગૌતમના પાય. ॥ ૭ ॥ ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મલે; ગૌતમ નામે નિર્મલ જ્ઞાન, ગૌતમ નામે વાધેવાન; પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુણ છે બહુ; કહે લાવણ્ય સમય કરજોડ, ગૌતમ તુઠે સંપત્તિ કોડ. ॥ ૯ ॥

॥ ઇતિ ગૌતમાષ્ટક છંદ સમાપ્ત. ॥

## શ્રી ગૌતમ સ્વામીનો છંદ.

### રાગ પ્રભાતિ.

માત પૃથ્વી સુત પ્રાત ઉઠી નમો,
ગણધર ગૌતમ નામ ગેલે
પ્રહસમે પ્રેમશું જેહ ધ્યાતા સદા,
ચઢતી કળા હોય વંશ વેલે.–મા.–૧

વસુ ભૂતિ નંદન વિશ્વજન વંદન,
દુરિત નિકંદન નામ જેહનું;
અભેદ બુધ્ધે કરી ભવિજન જે ભજે,
પૂર્ણ પહોચે સહી ભાગ્ય તેહનુ.–મા.–૨

સુરમણિ જેહ ચિંતામણિ સુરતરૂં,
કામિત પૂરણ કામધેનુ;
એહ ગૌતમ તણું ધ્યાન હૃદયે ધરો,
જેહ થકી અધિક નહી મહાત્મ્ય કેહનુ.– મા.– ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાન બલ તેજને સકલ સુખ સંપદા,
ગૌતમ નામથી સિદ્ધિ પામે;
અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમા,
સુર નર જેહને શીશ નામે.—મા.—૪

[1] પ્રણવ આદે ધરી માયા [2] બીજે કરી,
શ્રી મુખે ગૌતમ નામ ધ્યાયે;
કોડી મનકામના સફલ વેગે ફલે,
વિઘન વેરી સવે દૂર જાવે.—મા.—૫

દુષ્ટ દૂરે ટળે સ્વજન મેળો મળે,
આધિ ઉપાધિ ને વ્યાધિ નાસે;
ભૂતના પ્રેતના જોર ભાંજે વળી,
ગૌતમ નામ જપતા ઉલ્લાસે—મા.—૬

તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ,
પનરશે ત્રણને દિખ્ખ દીધી;
અઠમને પારણે તાપસ કારણે,
ક્ષીર લબ્ધે કરી અખુટ કીધી.—મા.—૭

વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા,
વરસ વળી ત્રીશ કરી વીર સેવા;
બાર વરસા લગે કેવલ ભોગવ્યું,
ભકિત જેહની કરે નિત્ય દેવા.—મા.—૮

---

[1] ઓંકાર, [2] હ્રીંકાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહિયલ ગૌતમ ગોત્ર મહિમા નિધિ,
ગુણનિધિ ઋદ્ધિ ને સિદ્ધિ દાઇ;
ઉદય જસ નામથી અધિક લીલા લહે,
સુજસ સૌભાગ્ય દોલત સવાઇ.-મા.-૯

## શ્રી ગૌતમ સ્વામીનો છંદ.

જયો જયો ગૌતમ ગણધાર, મ્હોટી લબ્ધિ તણો ભંડાર;
સમરે વાંછિત સુખ દાતાર, જયો જયો ગૌતમ ગણધાર.-૧

વીર વજીર વડો અણગાર, ચૌદ હજાર મુનિ શિરદાર;
જપતા નામ હોય જયકાર, જયો જયો ગૌતમ ગણધાર.-૨

ગયગમણી [૧] રમણી જગસાર, પુત્ર કલત્ર સર્જ્જન પરિવાર;
આવે કનક કોડિ વિસ્તાર, જયો જયો ગૌતમ ગણધાર.-૩

ઘેર ઘોડા પાયક [૨] નહિ પાર, સુંખાસન પાલખી ઉદાર;
વૈરી વિકટ થાય વિસરાલ, જયો જયો ગૌતમ ગણધાર.-૪

પ્રહઉઠી જપીએ ગણધાર, ઋદ્ધિ સિદ્ધિ કમલા [૩] દાતાર;
રૂપ રેખ મયણ અવતાર, જયો જયો ગૌતમ ગણધાર -૫

કવિ રૂપચંદ ગણિ કેરો શિષ્ય, ગૌતમ ગુરૂ પ્રણમે નિશદીશ;
કહે ચંદ એ સમતાગાર, જયો જયો ગૌતમ ગણધાર.-૬

---

૧ હાથીના જેવી ગતિવાળી, ૨ પાળા-પગે ચાલનાર, ૩ લક્ષ્મી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ત્રેસઠ શલાકાનો છંદ.

પ્રહસમે પ્રણમું સરસ્વતી માય, વળી સદ્‌ગુરૂને લાગું પાય; ત્રેસઠ શલાકાના કહું નામ; નામ જપંતા સીઝે કામ. ॥ ૧ ॥ પ્રથમ ચોવીશ તીર્થંકર જાણ, તેહ તણું હું કરીશ પ્રણામ; ઋષભ અજિતને સંભવ સ્વામ, ચોથા અભિનંદન અભિરામ. ॥ ૨ ॥ સુમતિ પદ્મપ્રભુ પુરે આશ, સુપાર્શ્વચન્દ્ર પ્રભુ દે સુખવાસ; સુવિધિ શીતલને શ્રેયાંસનાથ, એહ છે સાચા શીવપુર સાથ ॥ ૩ ॥ વાસુપૂજ્ય જિન વિમલ અનંત, ધર્મ શાંતિ કુંથું અરિહંત; અર મલ્લિ મુનિસુવ્રત સ્વામ, એહથી લહિએ મુક્તિ સુઠામ. ॥ ૪ ॥ નમિનાથ નેમીશ્વર દેવ, જસ સુર નર નિત સારે સેવ; પાર્શ્વનાથ મહાવીર પ્રસિધ્ધ, તૂઠા આપે અવિચલ રૂધ્ધ. ॥ ૫ ॥ હવે નામ ચક્રવર્તી તણા, બાર ચક્રિ જે શાસ્ત્રે ભણ્યા; પહેલો ચક્રી ભરત નરેશ, સુખે સાધ્યા જેણે ખટ ખંડ દેશ. ॥ ૬ ॥ બીજે સગર નામે ભૂપાલ ત્રીજે માધવરાય સુવિશાલ; ચોથો કહીએ સનતકુમાર, દેવ પદવી પામ્યા છે સાર ॥૭॥ શાંતિ કુંથુ અર ત્રણે રાય, તીર્થંકર પણ પદ કહેવાય; સુભંગ આઠમો ચક્રી થયો; અતિ લોભે કરી નરકે ગયો ॥ ૮ ॥ મહા પદ્મરાય બુધ્ધિનિધાન, હરિષેણ દશમો રાજન; અગ્યારમો જય નામ નરેશ, બારમો બ્રહ્મદત્ત ચક્રેશ. ॥ ૯ ॥ એ બારે ચક્રીશર કહ્યા, સૂત્ર સિધ્ધાન્ત થકી મે લહ્યા; હવે વાસુદેવ કહુ નવ નામ; ત્રણ ખંડ જીણે જીત્યા ઠામ. ॥ ૧૦ ॥ વીરજીત પ્રથમ ત્રિપૃષ્ઠ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજો નૃપ જાણો દ્વિપૃષ્ઠ; સ્વયંભૂ પુરૂષોત્તમ મહારાય, પુરૂષસિંહ પુરૂષ પુંડરીકરાય. ॥ ૧૧ ॥ અચલ વિયજ ભદ્ર સુપ્રભ ભૂપ, સુદર્શન આનંદ નંદન રૂપ ॥ ૧૨ ॥ પદ્મ રામ એ નવ બલદેવ, પ્રતિશત્રુ નવ પ્રતિ વાસુદેવ; અશ્વગ્રીવ તારક રાજેન્દ્ર, મેરક મધુનિશુંભ બલેન્દ્ર ॥ ૧૩ ॥ પ્રહ્લાદને રાવણ જરાસંઘ, જીત્યા ચક્ર બલે તસ સંઘ; ત્રેસઠ સંખ્યા પદવી કહી, માતા એકસઠ ગ્રંથે લહી ॥ ૧૪ ॥ પિતા બાવન ને સાઠ શરીર, ઓગણસાઠ જીવ મહાધીર; પંચ વર્ણ તીર્થંકર જાણ, ચક્રી સોવન વાન વખાણ. ॥ ૧૫ ॥ વાસુદેવ નવ સામલ વાન, ઉજ્જ્વલતનુ બલદેવ પ્રધાન; તીર્થંકર મુક્તિપદ વર્યા, આઠ ચક્રી સાથે સંચર્યા. ॥ ૧૬ ॥ બલદેવ આઠ વલી તેહની સાથ શિવપદ લીધો હાથો હાથ; મઘવા સનતકુમાર સુરલોક, ત્રીજે સુખ વિલસે ગત શોક. ॥ ૧૭ ॥ નવમો બલદેવ બ્રહ્મનિવાસ, વાસુદેવ સહુ અધોગતિ વાસ; અષ્ટમો બારમો ચક્રી સાથ, પ્રતિ વાસુદેવ સમા નરનાથ. ॥ ૧૮ ॥ સુરનર સુખ શાતા ભોગવી, નારકી દુઃખ વ્યથા અનુભવી; અનુક્રમે કર્મ સૈન્ય જય કરી, નર વર ચતુરંગી સુખવરી. ॥ ૧૯ ॥ સદગુરૂ જોગે ક્ષાયિક ભાવ, દર્શન જ્ઞાન ભવો દધિ નાવ; આરોહી શીવ મંદિર વસે, અનંત ચતુષ્ટય તવ ઉલ્લસે. ॥ ૨૦ ॥ લહેશે અક્ષય પદ નિરવાણ સિદ્ધ સવે મુજ દ્યો કલ્યાણ; ઉત્તમ નામ જપો નરનાર સરૂપચન્દ્ર લહે જય જયકાર. ॥ ૨૧ ॥

॥ ઇતિ ત્રેસઠ શલાકાનો છંદ સમાપ્ત. ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી સોલ સતીનો છંદ.

આદિનાથ આદે જિનવર વંદી, સફલ મનોરથ કીજીએ; પ્રભાતે ઉઠી મંગલિક કામે, સોળ સતીના નામ લીજીએ. ॥૧॥ બાલ કુમારી જગ હિતકારી, બ્રાહ્મી ભરતની બહેનડીએ; ઘટ ઘટ વ્યાપક અક્ષર રૂપે, સોળ સતી માહે જે વડીએ. ॥ ૨ ॥ બાહુબલ ભગિની સતીય શીરોમણી, સુંદરી નામે ઋષભ સુતાએ; અંક સ્વરૂપી ત્રિભુવન માહે, જેહ અનુપમ ગુણ જુતાએ ॥ ૩ ॥ ચંદનબાલા બાલપણાથી, શીયલ વતી શુદ્ધ શ્રાવિકાએ; અડદના બાકુલા વીર પ્રતિલાભ્યા કેવલ લહી વ્રત ભાવિકાએ. ॥ ૪ ॥ ઉંગ્રસેન ધૂઆ ધારિણી નંદિની, રાજીમતી નેમ વલ્લભાએ; જોબન વેશે કામને જીત્યો, સંજમ લઇ દેવ દુલ્લભાએ. ॥ ૫ ॥ પંચ ભરતારી પાંડવ નારી, દ્રુપદ તનયા વખાણીએ; એકસોં આઠે ચીર પૂરાણા, શીયલ મહિમા તસ જાણીએ એ. ॥ ૬ ॥ દશરથ નૃપની નારી નિરૂપમ, કૌશલ્યા કુલચન્દ્રિકાએ; શીયળ સલુણી રામજનેતા, પુણ્ય તણી પર નાલિકાએ. ॥ ૭ ॥ કૌશાંબિક ઠામે સતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજીઓએ; તસ ઘર ઘરણી મૃગાવતી સતી, સુરભુવને જશ ગાજીઓએ. ॥ ૮ ॥ સુલસા સાચી શીયલે ન કાચી, રાચી નહી વિષયા રસેએ; મુખડું જોતા પાપ પલાયે, નામ લેતા મન ઉલ્લસેએ ॥ ૯ ॥ રામ રઘુવંશી તેહની કામિની, જનકસુતા સીતા સતીએ; જગ સહુ જાણે ધીજ કરંતા, અનલ શીયલ થયો શીયલથીએ. ॥ ૧૦ ॥ કાચે તાંતણે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાલણી બાંધી, કુવાથકી જલ કાઢીયુએ; કલંક ઉતારવા સતીય સુભદ્રાએ, ચંપાબાર ઉઘાડીયુએ. ॥ ૧૧ ॥ સુર નર વંદિત શીયલ અખંડિત, શિવા શીવપદ ગામિનીએ; જેહને નામે નિર્મલ થઇએ, બલિહારી તસ નામનીએ. ॥ ૧૨ ॥ હસ્તી–નાપુર પાંડુરાયની, કુંતા નામે કામિનીએ; પાંડવમાતા દશે દશાર્ણની, બેન પતિવ્રતા પદ્મિનીએ. ॥ ૧૩ ॥ શીયલવતી નામે શીલવ્રત ધારિણી, ત્રિવિધે તેહને વંદિએએ; નામ જપંતા પાતક જાયે, દરિસણ દુરિત નિકંદીએએ. ॥ ૧૪ ॥ નિષધા નગરી નલહ નરીંદની, દમયંતી તસગેહિનીએ; સંકટ પડતાં શીયલજ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહનીએ. ॥ ૧૫ ॥ અનંગ અજીતા જગજન પૂજિતા, પુષ્પ ચૂલાને પ્રભાવતીએ; વિશ્વ-વિખ્યાતા કામિતદાતા, સોળમીસતી પદ્માવતીએ. ॥ ૧૬ ॥ વીરે ભાખી શાસ્ત્રે સાખી, ઉદય રત્ન ભાખે મુદાએ; વહાણું વાતાં જે નર ભણાશે, તે લહેશે સુખ સંપદાએ. ॥ ૧૭ ॥

॥ ઇતિ સોળ સતીનો છંદ સમાપ્ત. ॥

## શ્રી માણિભદ્રજીનો છંદ.

સરસ વચન દ્યો સરસ્વતિ પૂજું ગુરૂકે પાય;
ગુણ માણિકનાં ગાવતાં સેવકને સુખ થાય. –૧
માણિભદ્રને પામીયો સુરતરૂ જેહવો સાંમ;
રોગ શોગ દૂરે હરે નમું ચરણ સિર નામ. –૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તું પારસ તું પોરસો કામ કુંભ સુખકાર;
સાહેબ વરદાઇ સદા આતમનો આધાર. —૩

તુંહી ચિંતામણિ રતન ચીત્રાવેલ વિચાર;
માણક સાહેબ માહરે દોલતરો દાતાર, ૪

દેવ ઘણા દુનિયાનમે સુતા કરે સનમાન;
માણિભદ્ર મોટો મર્દ દિયે દેસ દીવાણ. —૫

## અડયલ છંદ.

દીપંતો જગમાહે દીપે પીસુણ તાણા દલ તુંહીજ જીપે;
આઠે ભયથી તુંહીજ તુંહી ઉગારે નંઘા કરતા શત્રુ નિવારે. —૬

ગજમુખ દેવમહા ઉપગારી એરાવણ જિણરે અસવારી;
માણિ ભદ્ર મોટો મહારાજ વાજે સદા છત્રીસે વાજા. —૭

હેમવિમલ સૂરિ સાહાઇ ક્ષેત્રપાલ જિણે કાઢયો જાઇ;
તેણી વેલા માણિક તું ઉઠયો ભૈરવને ગુરજાસું કુટયો. —૮

માનોજી માણિક વચન હમારો થેં છોડો હું ચાકર થારો;
માણિભદ્રજી વાચા માનિ કાલો ગોરો કીધો કાનિ; —૯

પાટ ભગત પણ વાચા પાલી વલતિ સામગ્રી સહૂવાલી;
જાલમ માણિક બાંહિ ઝાલ્યો, દેસ અઢાર જદી અજુ વાલ્યો.—૧૦

કુમતિ રોગ કરે નિકંદન માણિભદ્ર તપગચ્છ કેરો મંડણ;
ધ્યાન ધરી એકે મન ધારે સઘલા કારજ માણિક સારે. —૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોલ સરે રાખે દરબારે વસુધા અધિકી લાજ વધારે;
આઠમ ચૌદસ જે આરાધે સઘલા જાપ દીવાલી સાધે. –૧૨

માણિ ભદ્ર પૂજીજે મોટો તિણુરે કદીએ ન આવે તોટો;
ભાવ કરી જે તુઝને ભેટે માણિક જિણુરા દાલિદ્ર મેટે. –૧૩

ધન અખુટ બહુ ધનપાવે, માણિક તતખીણ રોગ ગમાવે;
સેવકને તું બાહિં સાહિં મહિમા થાઈ જગ સહૂ માહિં.–૧૪

જો મુજને સેવક કરી જાણો માણિ ભદ્ર મુજ વિનતિ માનો;
દીલ ભરી દરીસણ મુજને દીજે કૃપા કરી સેવકને સુખ કીજે.–૧૫

## દુહો

તું વાસી ગુજરાતકો નવખંડે તુજ નામ;
મગરવાડે મોટો મરદ કવિયા [ના] સારે કામ. –૧૬

સેવકને તું શીખવે નાયક નામ નરેસ;
જિણ વિધ હું પૂજા કરૂં હુકમ પ્રમાણે હમેશ –૧૭

કરો અગાડી કવિઅણા માણિભદ્ર મા–બાપ;
દીલભરી દરિશણ દીજીએ સેવક ટાલ સંતાપ. –૧૮

માણિભદ્ર મહારાજ શું ઉદો કરે અરજ;
મુલમંત્ર મોય દીજીએ રાખો માહરી લાજ. –૧૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અડયલ છંદ.

વસુધામાં મારી લાજ વધારો નાત ગોત્રમે કુજસ નીવારે ;
દુઃખ દારિદ્ર તુ હરિજે દૂરે પુત્ર તણી વાંછિત તું પુરે –૨૦

સેતાનીને તું સમજાવે અવનિપતિ પણ ચરણે આવે;
વિઘન અનંતા રાજનીવારે માણિભદ્ર સુજ શત્રુનિવારે. –૨૧

સઘલા નર નારી વસ થાઈં ડાકિણી શાકિણી નાશી જાઈ;
ભુત પ્રેત તુજ નામે ભાગે સિંહ–ચોર કદીઈં નવી લાગે –૨૨

મોટા દાનવ તુંહી મરોડે તાવ તે જારા તુંહી ત્રોડે....;
હરી હર દેવ ઘણાઈં હોઈ કલીમે તુમ સરીખો નહી કોઈ –૨૩

ભાવે અડસઠ તિરથ ભેટો ભાવે માણિભદ્રને ભેટો;
સુરપતિ મ્હારી અરજ સુણીજે કવિઅણને તતખીણ સુખી કીજે.–૨૪

તાહરી પાર ન પામે કોઇ જાલમવીરરી જગમા જોઈ;
ઘો વાંછિત માણક વરદાઇ સેવકને ગહગટ્ટ સવાઇ. –૨૫

## કલસ

ગુણ ગાયા ગહગટ્ટ અન્ન ધન કપડાં આવે,
ગુણ ગાયા ગહગટ્ટ પ્રગટ ઘરે સંપદા પાવે;
ગુણ ગાયા ગહગટ્ટ રાજમાન મોજ દેવરાવે,
ગુણગાયા ગહગટ્ટ લોક સહૂ પૂજા લાવે.–૨૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુખ કુશલ આસા સફલ ઉદય કુશલ ઈણી પરે કહે;
ગુણ માણિ કરા ગાવતા લાખ લાખ રીઝાં તે લહે. —૨૭

॥ ઈતિશ્રી માણિભદ્રજીનો છંદ સંપૂર્ણ. ॥

## શ્રી મણિભદ્રજીકા છંદ

શ્રી મણિભદ્ર સદા સમરો,
ઉર બીચમે ધ્યાન અખંડ ધરો;
જપિયા જય જયકાર કરો
ભજિયાં સહુ નિત્ય ભંડાર ભરો.—૧

જે કુશલ કરે નામજ લિયાં,
આનંદ કરે દેવ આશ કીયા;
સૌભાગ્ય વધે જગ સહસ્સ ગુણો,
દિલ સેવ્યાદે પ્રભુ જસ દુગુણો.—૨

અરિયણ સહુ અલગા ભાગે,
વિરુઆ વૈરી જન પાય લાગે;
સંકટ શોક વિયોગ હરે,
ઉણ વેલા આપ સહાય કરે.—૩

ભૂત ભયંકર સહુ ભાંગે,
જક્ષ યોગણી સાયણી નહી લાગે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાય ચૌરાશી જાય અલગી,
લક્ષ્મી સહુ આય મિલે વેગી.—૪

ગુડ પાપડિયા ગુરૂવાર દીને,
લાપસિયા લાડુ શુદ્ધ મને;
ધૂપ દીપ નૈવેદ્ય ધરો
આઠમ દિન પૂજા અવશ્ય કરો.—૫

જેહને દિન પ્રતિ જાપ સદા,
તસ સુપનાંતર મે પ્રત્યક્ષ કદા;
જપિયાં સહુ જાપે આપદા,
કોઊિમણા ઘર રહે ન કદા.—૬

મુહમદ સારૂં તુમે જશ કરિયો,
ગુણ સાયર જિસો તુમે ગુણ ભરયો;
શ્રી દીનાનાથ અબ દયા કરો,
શિર ઉપર હાથ દિયો સખરો.—૭

ભવિયણ જે ભાવે ભજસે,
કારજ સિદ્ધિ આપણી કરશે;
પૂજ્યાં પુત્ર વધે દુગણા,
કિણી બાતે કહિ રહે નહી ઉણા.—૮

શ્રી મણિભદ્ર મનમે ધ્યાવો,
સુખ સમ્પતિ સહુ વેગે પાવો;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લક્ષ્મી કીર્તિ વર આપ લહે,
શિવ કીર્તિ મુનિ એમ સુજસ કહે -૯

॥ ઇતિ મણિભદ્રજીકા છંદ સમાપ્ત. ॥

## શ્રી શનિશ્ચરજીનો છંદ

### ચોપાઈની દેશી

સરસ્વતીજી સુમતિ દ્યો સદા,
કુચ્છિત વિઘ્ન ન આવે કદા;
નગર ઉજ્જયની વિક્રમ રાય,
સભા ભરી ત્યાં ચરચા થાય.-૧

જોતિ વિદ નવ લક્ષ પ્રમાણ,
નવ ગ્રહના તે કરે વખાણ;
શનિશ્ચરની જયા આવી વાત,
એક કહે સાંભળજો ભ્રાત.-૨

શનિ સન્મુખ જો હોયે એક,
પ્રાણી સુખ તો પામે અનેક;
દ્રષ્ટિથી દુઃખ પામે ઘણું,
બલ સબલુ શનિશ્ચર તણું.-૩

વિક્રમ શું બોલે જયોતિષી,
શનિક્રુર સાંભલ ભૂપતિ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જયારે એ સુત જનમ્યો માય,
નિલ વર્ણ તનુ જલકી કાય.-૪
નિજ દ્રષ્ટિ પદ સામી જાય,
પગ રહિત:તે પંગુલ થાય;
નિજ લોચન પેખ્યો સારથી,
હોય પંગુલ તે પેખાણ થકી -૫
છાયા સુતનો શુણ વિચાર,
વિક્રમ વીર તું ઉર ઉતાર;
રવિ નંદનની શુણજે વાત,
કુષ્ઠિ કીધો સુરત તાત.-૬
પિપ્પલાદ નગરી અભિરામ,
માનતુંગ મુનિસર નામ;
લંકધણી દશ કન્ધર જોય,
શનિશ્ચર તેને નડિયો સોય.-૭
દેશ મુકીને નાશી જાય,
તોપણ પોતે પાછલ થાય;
રાજા વિક્રમ બોલે વાત,
શનિ રાંક શું કરે ઉત્પાત -૮
આ અવસર છે શનિશ્ચરયચ્છ,
અવધી જ્ઞાને જુવે તચ્છ;
જોતા મુજ વિક્રમ અવગણે,
વેગે આવી રાયને ભણે-૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂપ ભયંકર છે વિકરાલ,
લોહ મુગ્ધર કર મુકી જાલ;
કોપે ચઢયો નિલંબર દેવ,
વિક્રમ શું બોલ્યો તતખેવ.–૧૦
સાંભલ રાજા મારૂ કામ,
હુ રૂઢયો ટાલુ તુજ ઠામ;
બીન્યો વિક્રમ બોલે વાણ,
ખમજ્યો જે બોલ્યુ અજાણ.–૧૧
પુજી પ્રણમીને લાગ્યો પાય,
સંતોષ્યો નિજ થાનક જાય;
પણ શંકા મન મધ્યે થાય,
બહુ કાલે શની બેઠો રાય.–૧૨
નિશદીન બીહિતો જેને નામ;
તે લાગ્યો મુજ શત્રુ શ્યામ;
તેડી મંત્રીને આપ્યું રાજ,
હુ જાઉં પરદેશે આજ.–૧૩
સોંપી રાજ ગયો પરદેશ,
ચંપા નગરી કર્યો પ્રવેશ;
શ્રી પતિને હાટે જઈ ઠર્યો,
દ્રષ્ટિથી નવ બેસી રહ્યો–૧૪
શેઠ હાટે છે વસ્તુ અનેક,
થોડી વારે વેચી રહી છેક;

ભાગ્ય વંત નર જાણી પેર,
જમવા કારણ લાવ્યો ઘેર -૧૫
ભોજન ભક્તિ ભલી સાચવે,
સુખ શય્યાયે સુવા પાઠવે;
પાસે ભીંત સછોહીત ઠામ,
સારસ હંસને મોર ચિત્રામ.-૧૬
દંત ધાવન કરે ત્યાં રાય,
શ્રીપતીને મન ઉલટ થાય;
મર્દનિયા તેડાવ્યા મે,લ,
સુગંધીમય લાવ્યો તેલ -૧૭
ઉષ્ણોદક ત્યા આણ્યું નીર,
તેણે નવરાવ્યું રાય શરીર;
આપ્યુ વસ્ત્ર લુવા અંગ,
નિજ તનુ લુવે રાય શરીર.-૧૮
જુવે રાજા ત્યા કૌતુક ધરી,
નાહી તત્ર શ્રીપતી કુંવરી;
હાર ખીટીએ મુકયો જાય,
તે અવસર શાની જુવે ઠામ.-૧૯
મુજ વિલોકી વિક્રમ રાય,
ચંપા નગરી બેઠો થાય;
સુખ શય્યાએ બેઠો સુખ કરી,
તો પરાક્રમ દેખાડું ફરી.-૨૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાની સંચર્યો હંસ મોઝાર,
ચિત્ર સજીવન ચોર્યો હાર;
તે દેખીને બીન્યો રાય,
કલંક શંકથી નાશી જાય –૨૧

શ્રીપતી બેઠો જમવા કાજ,
બેટી ગઇ રમવાને સાજ;
અવસર દેખી વિક્રમ રાય,
ચરણ ચલાવી ચંચલ જાય.–૨૨

પુત્રી પ્રેમ કરે શણગાર,
નવ દેખે એકાવલહાર;
શ્રીપતી જુવે ઘણું ખપ કરી,
રાય જાણ્યો તવ જાલ્યો ફરી.–૨૩

કરવાલી પુઠે બાંધીયો,
ચોર ગણી વાલો ગાંઠીયો;
રાયજને શ્રીપતી પુછિયું,
એજ તસ્કર તેણે કીજીયું.–૨૪

ચોર ગણીને છેદ્યા હાથ,
ચઉટે પડિયા નવ નર નાથ;
તેલી એક જાણી પેર,
કાંડુ ગ્રહીને લાવ્યો ઘેર.–૨૫

કાષ્ટ તણા કર જોડવે,
પછી બેઠો ઘાણી ફેરવે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખાય ખોલ ને તેલ રોટલા,
રાગ કરે છત્રીસે ભલા -૨૬
દુઃખ વિસર્યું નિજ ઘરતણું,
મલાર મધુરે ગાયે ઘણું;
નર પુત્રી પતી મંદીર પાસ,
સુણી સુર જોવાથૈ આશ.-૨૭
તે ત્યાંથી દાસિને કહે,
ઘાંચી ઘર જે પુરૂષ રહે;
વેગે તેને તેડી લાવ,
ઘાંચી ઘર સાજાયે ધાવ.-૨૮
મનોરમા નર બોલાવિયો,
રાય બેટીએ આદર દીયો;
તેડાવ્યા છે તમને ઘરે,
દુતી વિક્રમ શું ઉચરે.-૨૯
ઘાંચી કહે તેડી જાવ તમો,
તુજ વચને મુકુછુ અમો;
પાછો મોકલજો મોરઠામ,
ત્યા લગી કરશું એનુંકામ.-૩૦
સારૂં કહીને લાવી મેહેલ,
શની ઉતરીયો તેની પહેલ;
અદભૂત રૂપ દેખી અતિ ભલું,
વચન કહે તવ વરવાતણું.-૩૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહે વિક્રમ કર મારે નથી,
નહી પરણું હું તો તેહથી;
ચંડી મંત્ર કુંવરીએ સાધિયો,
શોવન માગીને કર લીયો.–૩૨

મુજને એ વર આપો માય,
જેથી કર તેના સંધાય;
હોય દિવ્યાનું ભાવે વાચ,
નવ પલ્લવ કર આવ્યા સાચ.–૩૩

છાનો પરણ્યો વિક્રમરાય,
કેટલે કાલે જાણ્યુ માય;
પ્રગટ પરણાવી તવ પુત્રીકા,
શ્રી પતી હાટે પડયા ત્યા થકા.–૩૪

નરપતિને ત્યા પ્રણમી પાય,
શ્રીપતી નિજ ઘર લૈને જાય;
અશન પાન કરી રાજા સુએ,
શેઠ સહિત નૃપ મિત્રજ જુવે.–૩૫

વાલ્યા વરરાજ સાડા સાત,
અવલોકે શની નૃપની વાત;
આવી હંસ મધ્યે સંક્રમી,
હાર ખીંટીએ મુકયો નમી.–૩૬

તત્ક્ષણ શનીશ્વર પ્રગટ થાય,
વર માગો તમે વિક્રમ રાય;

બહુ દુઃખ દીધુ તુજને રાય,
શની રાંક શુ કરશે કાય -૩૭

રવી સૂત કરે રાય પ્રશંસ,
ધન્ય ધન્ય રાજા તારો હંસ;
જો તુ તુઠયો મુજને સહી,
તુજ મુજ વાત કહીતે રહી.-૩૮

દવા દશમો થાવર વાંકડો,
રાજા રાંક કીધો બાપડો;
અઢી સંવત્સર મસ્તક રહે
અઢી નાભી જોતિષીયા કહે.-૩૯

અઢી સંવત્સર ચરણે વાસ,
હોય શનિશ્ચર ત્રીજે ત્રાસ;
એમ શનિશ્ચર સાડાં સાત,
પનોતી પરખી સાક્ષાત.-૪૦

જેને હોય શની બારમો,
જન્મદ્વિતીય ચોથો આઠમો;
એહ કથા સાંભલશે જેહ,
નિજ રાશી ફલ પામે તેહ.-૪૧

તેને તમો પીડો નહી કદા,
એ વર આપો શની સર્વદા;
વર દેઇ શની થાનક વહ્યો,
હરખી રાય ઉજ્જયની ગયો.-૪૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાલ્યો ચતુરંગી સેના કરી,
આવ્યો જ્યાં ઉજ્જૈયની પુરી;
નિજ ભુવને વિક્રમ આવિયો,
હરખી લોકો વધાવો દીયો.–૪૩

સિદ્ધસેન ગુરૂ વચને કરી,
લહ્યો ધર્મ સમકીત આદરી;
મહાકાલ તીરથ ઉધ્ધરી,
પર દુઃખ ટાલક દાનેશ્વરી.–૪૪

સુખે સમાધે પાલે રાજ,
કરે ઉપકાર નવ સારે કાજ;
નીરયાવલી ઉપાંગે કહ્યો,
એકાવતારી શનિશ્ચર લહ્યો.–૪૫

એહ કથા છે શનિશ્ચર તણી,
પીડા ન કરે ચોપાઈ સુણી;
સુખ સંપતી તે સઘલી રહે,
પંડિત લલિત સાગરજી કહે –૪૬

## દોહરા.

છાયા નંદન જગ જયો, રવિસુત શામલ માન;
કોટી કવિત કરી હું સ્તવું, તુજ ગુણ કેતાં માન.–૪૭

હવે તું સુજમાયા કરી, દોલત દેજે દેવ;
પાંડવ પ્રભુ જયમતે, કર્યાં મંત્ર ભણી તતખેવ.–૪૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજો બલિયો તુજ થકી, કવણુ કહું કલિયુગ:
અરડક મદ્દત્ર મુછાલજે, જે તુજ નમશે જુગ.–૪૯

## છંદ રાગ

તુજને પ્રતક્ષ નમે મુછાલા,
જેને હાથ સબલ દલ પાલા;
તુજસમ અવર હઠી કુણુ કહીએ,
નવખંડે તુજ નામજ લહિયે –૫૦

ગ્રહઘણુ વ્યંતર તારાચંદ,
સમરે દેવ ને દાનવ ઇન્દ;
સમરે સબલા રાયારાણું,
જક્ષ રાક્ષ કીન્નર ઉભરાણા.–૫૧

કોઇ નહી કલીયુગ તુજ તોલે,
તુજગુણુ મોટા મહીપતિ બોલે;
જો રૂઠયો જાણે જમ કાલ,
કરે પૃથ્વી ઉથલ પાતાલ.–૫૨

બેઠો રાશે તવ થાયે ચન્ડ,
ગિરિવર મંડે ખંડો ખંડ;
જો વકર્યો જાણે યમ દંડ,
તુઠયો દે પંચામૃત મંડ –૫૩

જે તુજનામ લેયંતા જાગે,
વૈરીદલ પ્રગટે પદ ભાગે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિક્રમ વીર માન તું મોડે,
જોગી જંગલ તે કર જોડે.—૫૪
તુ બાલે જાલે ને પછાડે,
ધારે સારે ને સંહારે;
તુજ પડઘા થરથર કંપાવે,
ભકિત વિના શુ રૂદ્ધિ પાવે.—૫૫
ક્રૂર દ્રષ્ટિથી જ્યાતુ ભાલે,
તાપે જોતા તુ પરજાલે;
ભૂત પ્રેત ખેચર ચામુંડ,
કોપ્યો દેવતે શીર દંડ —૫૬
કાલોકાલ મહા વિકરાલ,
કાંતે આપ હાથે કરવાલ;
તું હુંકાર કરતો હીંડે,
બલીયો એ તો તેવણ મંડે.—૫૭
તુજ આસનથી પડે પુકાર,
દુર ગયો તવ જય જયકાર;
મોતી માણુકને ભંડાર,
તું મોટાવે ગજ અસવાર.—૫૮
લટક લટક બે પગ લંઘાવે,
મહેં શનિશ્ચર નામ કહાવે;
જલથલ ગિરિવર ગુહિર વન સાથે,
તું સમરથ સાહિબ જગ હાથે. ૫૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવલ નારી નવલ ભરથાર,
કુરોડ દિક જશ નામ ઉદાર;
કાને કુંડલ કંઠે હાર,
જીહવા જેવી યમતરં વારં.-૬૦

તુજ ગુણ ગંગા રંગ તરંગ,
શ્યામ વર્ણ સોહે તુજ અંગ;
ધરૂં ધ્યાન થઇ એક તરંગ,
પુર મનોરથ મુજ ઉતંગ.-૬૧

## કલશ—છપય છંદ.

મંત્ર ધરૂ ઓંકાર, શનીશ્ચર રાય શું જાણે;
ઐઁ હ્રીં ક્રૌં ઉચ્ચારે, મંત્ર જપે જન ધારી ધ્યાને;
લલિત સાગરની વાત, વિચારો સૌજન સાથે;
કરશો નિત્ય પાઠ, આઠ પદારથ હાથે; -૬૨
પામો પ્રેમે મંત્રથી વિનતડી ચીતે આણીએ;
રૂધ્ધિ વૃધ્ધિ સેજે સદા, વલી વલી શનિ વખાણીએ;-૬૩

ઈતિ શનિશ્ચર છંદ સંપૂર્ણ.

## શનીશ્ચરનો છંદ

### ચોપાઇ

સરસ્વતી સ્વામિણી મતિ દો સદા, અલિય વિઘન મુજ નાવે કદા; નયરી ઉજેણી વિક્રમ રાય, પુરી સભાને બેઠો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય ॥ ૧ ॥ જ્યોષિયા સભા માહે જાણ, નવ ગ્રહના કરે વખાણ; એક કહે શનીસર અતિક્રૂર, દેખાડે પ્રાણી બહુ રૌર ॥ ૨ ॥ નિચ દ્રષ્ટિ પોતે પાંગલો, પિતા સારથી તમે સાંભલો; રાજા વિક્રમ તવ બોલ્યા ઇસું, એ રાંક બાપડે ચાલે કિશું. ॥ ૩ ॥ એણ અવસર શનીસર છે જત્થ, અવધિજ્ઞાને જોવે તત્થ; જોતે વિક્રમ મુજ અવગણ્યો, વેગે આવી રાય પ્રતે ભણ્યો. ॥ ૪ ॥ સાંભલ રાજા માહરૂં કામ, હુ રૂઠો તસ ટાલુ ઠામ; બીહતો બોલે વિક્રમ વાણ, ખમજો જે બોલ્યો અનાણ. ॥ ૫ ॥ પૂજે પ્રણમે શનીસર પાય, સંતોષ્યો નિજ થાનક જાય; પણ શંકા મનમાહે પેઠ, થોડે કાલે શનીસર બેઠ. ॥ ૬ ॥ નિશદીન બીહતો જેહને નામ, તે જાગો મુજ શનીસર સ્વામ; તેડી મંત્રી આપ્યું રાજ, મે જાવું પરદેશે આજ. ॥ ૭ ॥ સોપી રાજ ગયો પરદેશ, ચંપા નગરી કરે પ્રવેશ; શ્રીપતિને હાટે જઇ બેઠ, તવ તસ નયને અમીય પયેઠ. ॥ ૮ ॥ સેઠ હાટ છે વસ્તુ અનેક, થોડી વેલા વેચે છેક; ભાગ્યવંત નર જાણ્યો જામ; જિમવાને ઘરે લાવે તામ. ॥ ૯ ॥ ભોજન ભકિત ભલી સાચવે, સુખ સય્યા સુવા પાઠવે; પાસે ભીત સંછોહીત ઠાંમ, સાર હંસને મોર ચિત્રામ. ॥ ૧૦ ॥ જોવે રાજા કોતક ધરી, નાહે તવ શ્રીપતિની કુઅરી; હાર ગોડલે મેલે જામ, એણ અવસર શની જોવે તામ. ॥ ૧૧ ॥ મુજ ઉવેખે વિક્રમરાય, પોહતો ચંપા નગરી ઠાય; સુખ શય્યા સુતો રંગ ભરી; પ્રાક્રમ દેખાડુ ખપ કરી. ॥ ૧૨ ॥ સની સંક્રમ્યો હંસ મજાર, ચણી હારને બેઠો ઠાર, તે દેખીને બીહનો રાય;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલંક ભાણી તવ નાઠો જાય. ॥ ૧૩ ॥ પુત્રી નાહી કરે શણગાર. નવિધિષે એકાવલહાર; શ્રીપતિ જોવે ઘણો ખપ કરી, રાય તણે કર આણ્યો ધરી; ॥ ૧૪ ॥ ચોર જાણી છેદ્યા બે હાથ, ચોહટે પડીઓ તવ નર નાથ; ઘાંછી એક દીઠો જિસે, તલી હાથ ઘર આણ્યો તિસે. ॥ ૧૫ ॥ કાષ્ટ તણા કર જોડવે, બેઠો તિહા ઘાણી ફેરવે; ખાએ ખોર ને તેલ રોટલા, રંગ બત્રીસે કરે અતિ ભલા. ॥ ૧૬ ॥ દુઃખ વિસારિયો નિજ ઘર તણો, સરલે સાદે ગાએ ઘણું; નરપતિ પૂત્રી મંદિર પાસ, સુણી સાદ જોવા થઈ આસ. ॥ ૧૭ ॥ તવ તિહા દાસીને કહે, ઘાંછી ઘર જે પુરૂષજ રહે; વેગે તેહને તેડી આવ, ઘાંચી ઘર તવ જાએ ધાવ. ॥ ૧૮ ॥ તેહ પુરૂષ લાવે સાપાસ. તવ ઉતરીયો શનીસર તાસ અદ્ભુત રૂપ દેખે અતિઘણું વચન કહે તે વરવાતણું. ॥ ૧૯ ॥ વિક્રમ કહે કર માહરે નથી, નવિ પરણા એમે તેહથી: આંગે ચંડીકાએ વરદિયો, સોવન મય કર માંગીલિયો. ॥ ૨૦ ॥ છાનો પરણ્યો વિક્રમરાય, કેતે કાલે જાણ્યું માય; પ્રગટ પરણાવી પૂત્રીકા, શ્રીપંતિ ઇષ્ટિ પામ્યા તિહા થકા. ॥ ૨૧ ॥ નરપતિના પ્રણમે તવપાય, શ્રીપતિ નિજઘર લઈ જાય; આસન કરી રાય શય્યા સુએ, શેઠ સહિત નૃપ ચિત્ર તવ જુએ. ॥ ૨૨ ॥ બોલ્યા વરસ સાડા સાત, અવલોકે શની નરપતિ વાત; આવી હંસ મધ્યે સંક્રમી, હાર ગોડલે પાછો મેલ્યો વમી. ॥ ૨૩ ॥ તતખીણ શનીસર પરગટ થાય, વરમાંગો તમે વિક્રમરાય; જો તું તુઠો મુજને સહી, તુંજ મુંજ વાત કરે જે રહી. ॥ ૨૪ ॥ તેહને તું પીડે નહી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદા, એ વર આલો શનીસર મુદા; વર દેઈ શની સ્થાનિક થયો, હરખ્યો રાય ઉજેણી ગયો. ॥ ૨૫ ॥ ચાલ્યો ચતુરંગી સેના કરી, આવ્યો જિહા ઉજેણી પૂરી; નિજ ભૂવને વિક્રમ આવીયે, અણીલ લોક વધાવો દીયો. ॥ ૨૬ ॥ સિદ્ધસેન ગુરૂ વચને કરી, લહ્યો ધર્મ સમકિત આદરી; મહાકાલ તીર્થ ઉધરી, પરદુઃખ ભંજન દાનેસરી. ॥ ૨૭ ॥ અઢી વરસ શની મસ્તક રહે, અઢી નાભ ઓતપીયા કહે; અઢી વરસ શની ચરણે વાસ, હું એ શનીસર નિત્તે તાસ. ॥ ૨૮ ॥ જન્મ દ્વિતીય ચોથો આઠમો, બારમો શનીસર વડો; એહ કથા સાંભલસે જેહ, કુંભ રાસ ફલ પામે તેહ ॥ ૨૯ ॥ સુખે સમાધે પાલે રાજ, લહી સમકિત નર સારે કાજ; નિરયાવલી ઉપાંગે કહ્યો, એકાવતારી શનીસર કહ્યો. ॥ ૩૦ ॥ એહ કથા છે શનીસર તણી, પીડા ન કરે ચોપાઈ ભણી; સુખ સંપત્તિ તે સઘલા લહે, પંડિત લલિત સાગર એમ કહે. ॥ ૩૧ ॥

॥ ઇતિ શનીસર દેવનો છંદ સમાપ્ત ॥

## શનીશ્ચરનો છંદ.

છાયા નંદન જગ જયો, રવિ સૂત સામલવાન; કોડ કવિત કરી હું સ્તવુ, તુજ ગુણ કહેતા માન. ॥ ૧ ॥ વલિ તું મુજ મયા કરી, દોલત દેજે દેવ; પાંડવ પ્રભજિમતે કિયા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંત્ર ધરો તતખેવ; ॥ ૨ ॥ બીજો બલીઓ તુજ થકી, અવર કહું કલિયુગ; અરડકમલ મુછાલો હે, તુંજ નમે પરતખ્ખ.॥ ૩ ॥

છંદ.

પરતખ્ખ તુજ નમે મુછાલા, જેહને સાત સબલ દલ પાલા; તુજ સમો અવર હઠી કુણ કહીએ, નવ ખંડે તુજ નામજ લહીએ. ॥ ૪ ॥ ગ્રહ ગણ વ્યંતર તારાચંદ, સમરે દેવ દાનવ ઇન્દ; સમરે સબલા રાહુ રાણા જક્ષ રખ્ખ કિંનર ઓર ભાણા ॥ ૫ ॥ કોએ નહી કલિયુગ તુજ તોલે, તુજ ગુણ મોટા મહીપતિ બોલે; જો રૂઠો જાણે જમકાલ; કરે પૃથ્વી ઉથલપાતાલ. ॥ ૬ ॥ બેઠો રાસ તવ થાએ ચંડ, ગૃહગણ મંડે ખંડ ખંડ, જો વક્રીયો જાણે જિમ દંડ; તું તુષ્ટોહે પંચામૃત મંડ ॥ ૭ ॥ જે તુંજ નામ લયંતો જાગે, વૈરી દલ પરગટ પાએ લાગે; વિક્રમ વીરમાન તે મોડયા, જોગી જંગમ તે કર જોડયા. ॥ ૮ ॥ તું બાલે જાલેને પછાડે; ધારે વારેને સંધારે; તુજ પડખે થર હર કંપાવે, ભકિત વિના કહો કોણ ઋધ્દિ પાવે. ॥ ૯ ॥ ક્રૂર દ્રષ્ટિ જિહ્ તું ભાલે, તાપે સો જોયણ પર જાલે; ભુત- પ્રેત- ખેચર ચામંડ, કોપ્યો દેવ દીઇ શીર દંડ. ॥ ૧૦ ॥ કાલો કાલ કરે વિકરાલ, કાંધે સાત હાથ કરવાલ; હું હું કાર કરતો હિંડે, વલી તું તુજ ગુણ નવિ મંડે ॥ ૧૧ ॥ તુંજ આસનથી પડે પોકાર, દુર ગયો તવ જે જે કાર; મોતિ માન કરે ભંડાર, તું તુઠો દે ગજ અસવાર. ॥ ૧૨ ॥ લટક લટક બિહુ પગ લટકાવે, મહર્દ્દ શનિસર નામ કહાવે; જલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થલ જંગલ બહુ ગીરિ વરઆથે, તું સાહેબ સમરથ તુજ ગાથે. ।। ૧૩ ।। નબલિ નારી નબલ ભરતાર. દોદાદિક દસ નામ ઉદાર; કાને કુંડલ કંઠે હાર, જિભ્યા જાણે જિમ તરવાર ।। ૧૪ ।। તુંજ ગુણ ગંગા રંગતુંરંગ, ધરૂં ધ્યાન હીયડે એકંગ; સ્યામ વરણ સોહે તુજ અંગ, પુર મનોરથ મુજ ઉતંગ ।। ૧૫ ।।

## કલશ

મંત્ર ધરી ॐકાર શનીસર રાય સુજાણહ, ૐ ઐં ક્રીં અક્ષર સાર મંત્ર જપીઇ નિરધારહ; એણ મંત્રે ઉત્કટ ધરી વિનતડી અવધારી, ઋધ્ધિ વૃધ્ધિ સહેજે સદા વલી વલી શની વખાણુઇ. ।। ૧૬ ।।

।। ઇતિ શનિસરનો છંદ સમાપ્ત. ।।

# સરસ્વતી માતાનો છંદ.

સરસવચન સમતા મન આણી, ॐકાર ધૂર પેહલો જાણી; આલસ અલગો દૂરે છંડી, ત્રિસલા નંદન આદે મંડી. ।। ૧ ।। સરસ્વતી સરસ વચન હું માગું, તારો કવિત કરી હું પાય લાગું; તુજ ગુણ માંડયો ઉદ્યમ આણી, ખજુરડે મંડા તું જાણી. ।। ૨ ।। હરખે ધ્યાન ધરૂ પ્રભાતે, બ્રોણી-વાચા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિધી રાતે; તવ મન માંન્યો ચિન્તા ચૂકી, પાય લાગું હું આલસ મુકી. ।। ૩ ।। તારા ગુણ પુરા કુણ કહેશે, તુંજ તુઠે મુજ મતિગહ્ડ ગહ્હસે; બાલુડો જિમ બોલે કાલા, તે માતાને લાગે વાલા. ।। ૪ ।। તું ગજ ગમણી ચંદા વયણી, કટી-તટી લંકી સીંહ લહે; અંગ સુરંગી રૂપ અનોપમ, તણું વખાણી કોણ કહે. ।। ૫ ।। તુઅસુર અવારી જેહને પરતખ્ખ, સોહણે આવી વાત કહે; તિણ વાતે ત્રાઠો જાહે એનાંઠો, ઝાલ પણું જગ કિહાર હે. ।। ૬ ।। તું શક્તિ રૂપ માંડી નવિ સલકે. ચામર છત્ર શીર પર જલકે; ઝંગ મગર જ્યોતિ વિરાજે, તાહરા કવિતક્યાતે છાજે. ।। ૭ ।। હંસપતીનિ માડીઓલી, જાણે બેઠી હીરા ટોલી; જિહા જાણે અમીની ગોલી, તિલક કર્યું કસ્તુરી ઘોલી. ।। ૮ ।। કાને કુંડલ ઝાલઝમાલા, રાખ (ષ) ડીઇં ઓપે તે બાલા; સિંહાસન સોહે સુવિશાલા, મુકતાફલની કરી જપમાલા. ।। ૯ ।। નક ફુલી નાકે તે રૂડી, કરઝલકેસો નાની ચૂડી; દક્ષણ ફાલી અંગ વિરાજે, જે-જે બોલે તે તુજ છાજે. ।। ૧૦ ।। તાહરી વેણી ઈવાસંગ હસીઓ, તે પાતાલે જઈ નઇ વસિઓ; શશી-રવિ મંડલ કુંડલ જાણું, તાહરૂં તેજ જેણે ન ખમાણું. ।। ૧૧ ।। રમત ક્રિડા કરતી ચાલી, ધ્યાન ધરે પદ્માસન વાલી; પાયુ ઝાંઝર ઘુઘર ઘમકે, દેવ કુસુમ પહેર્યા તે મહકે. ।। ૧૨ ।। ચાર ભૂજા ચંચલ ચતુરંગી, મુખે આરોગે પાન સુરંગી; કંચણ કસે કંચુઓ નવરંગી, સોહે ગોરવરણે જીમ ગંગી. ।। ૧૩ ।। તું બ્રહ્મ સ્વરૂપી પુસ્તક વાંચે, ગગન ફરે તું હસ્તક મંડલ; વિણા વજાવે રંગ રમે. ।। ૧૪ ।। જે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઢોઠા મૂરખ કો એ ન લેતા, તુજ નામાક્ષર ધ્યાન ધરે; તેવડા કવીશ્વર કલિયુગ માહે, ખ(પ)ડી ઉછાલ કવિત કરે. ॥ ૧૫ ॥ વીર ભુવન પાછલ છે દેહરી, ભમતી માહે દેતી ફેરી; મે દીઠિતિહા ઉભી હેરી, તુ અગારી નવિન વેરી. ॥ ૧૬ ॥ હેમાચારજ તે પણ કિદ્ધી, કલિદાસને તુંહીજ તુઠી; અનુભૂતિ સન્યાસી લાધી, મુનિ લાવણ્ય સમય તું સાધી. ॥ ૧૭ ॥ વૃદ્ધ વાદિ દુકર પણ આવી, કુંમારપાલ રાજા મનભાવી; મૂરખ જટને કીઓ તમાસો, બલભદ્ર સૂરી મુખ વાસો. ॥ ૧૮ ॥ અભય દેવને સોહણે રાતે, મલિયા ગર જાણી પ્રભાતે; વર્ધમાન સૂરિપણ સિધ્ધો, સૂરિ જિણેશરને વર દિધો. ॥ ૧૯ ॥ માઘ કવિશ્વરને મનમાની, ધનપાલથી નરહિ છાંની; રાજા ભોજ ભલી ભમાડી, સુર-નર-વિદ્યા ધરે રમાડી. ॥ ૨૦ ॥ તેજ રૂપ ચાલે ચમકંતી, મહીયલ દીસે તુંહીજ ભમતી; તાહરી લીલા કોએ ન પાલે, ત્રિણ ભવને એકે લહી ચાલે. ॥ ૨૧ ॥ સુતા કવિને તુંહી જગાડે, મંત્રાક્ષર પણ તુંહી દેખાડે; કામ રૂંપ કાલિ તું દેવી, અંગે રૂપ ઘણુ તું સેવી. ॥ ૨૨ ॥ વનરૂપ ધરે બ્રહ્માણી, આદિ ભવાની તું જગ જાણી; બ્રહ્મ સુતા તું બ્રહ્મ વખાણી, તું જગદંબા તું ગુણ ખાણી. ॥ ૨૩ ॥ જવાલામુખી તું જોગ નિવાલી, તું ભૈરવ તું ત્રિપુરાવાલી; અલવે ઉભી તું અંગવાલી, નાટિક છંદ વજાવે તાલી. ॥ ૨૪ ॥ છપ્પન્ન કોડ ચામંડા આઇ, નગર કોટ તુંહીજ મહિમાઇ; શાસન દેવી તું સુખદાઇ, તું પદ્મા તુંહીજ વરદાઇ. ॥ ૨૫ ॥ તું ભારતી-તું ભગવની, આદિ કુમારી-તું ગણસતી; તું વારાહી તુંહીજ ચંડી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આદિ બ્રહ્મપણ તુંહીજ મંડી ॥ ૨૬ ॥ તુંજ વિણ નાણુ પણ ન વિચાલે, લક્ષ્મીને શીર તુંહીજ માલે; હરિહર બ્રહ્મ અવર જે કોઇ, તાહરી સેવ કરે સહુ કોઇ. ॥ ૨૭ ॥ દેશ દેશાંતર કાંએ ભમીજે, અડસઠ તીરથ તુંજ ગુણ નમિજે; મન વંછિત દાતા મતવાલી, સેવક સાર કરો સંભાલી. ॥ ૨૮ ॥ ઘણું કિશું કહું વાલી વાલી, વાકી વેલા તું રખવાલી; તું ચાલતી ચતુરા રાણી, લીલા લીંબાની ધણીયાલી; ॥ ૨૯ ॥ તું ચપલા તું ભૈરવ દેવી, ખોડીયાર પણ તું સમરેવી; વાણી વર માગું વરદાઇ, તું આવડ તું માવડ આઇ. ॥ ૩૦ ॥ દેવી મે તુંજ પરતખ્ખ દીઠિ, મે જાણ્યું મુજને તુઠી; વાત કરે તું પર તખ્ખ છેઠી, તારે તંદૂલ ભિતર પેઠી. ॥ ૩૧ ॥ તુંજ નામે છલ વ્યંતર નાસે, ભેરવડાયણ ન રહે પાસે; વિષમદંતિ વિષમ જ્વર નાસે, તું સબલી સબલા સુંછાજે. ॥ ૩૨ ॥ કવિતા કોડિ ગમે તુ જોઇ; તાહરો પાર ન પામ્યો કોઇ; આજ શકિત છેઠી તું સોહે, તુંજ દીઠે ત્રિભુવન મન મોહે. ॥ ૩૩ ॥

## કલશ

સુલલિત સરસ શાકર સમી, અધિક અનોપમ જાણી;
વિનય કુશલ પંડિત તણી, કરિ સેવ મે લાધી વાણી;
કવિ શાન્તિકુશલ ઉલટ ધરી, નિજ હિયડે આણી;
કિઉ છંદ મનરંગ ૐસમરી સારદા વખાણી. --૩૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તવ બોલી સારદા મે વર દીધો માહરી;
લીલ કરે તું આજ આસા ફલસે તાહરી. —૩૫

॥ ઇતિ-સારદા સરસ્વતી માતાનો છંદ સમાપ્ત. ॥

## શ્રી સરસ્વતી માતાનો છંદ.

### દુહા.

સકલ સિધ્ધિ દાતારં, પાર્શ્વંનત્વાસ્તવમહં;
વરદા-સારદાદેવી, સુખ સૌભાગ્ય કારિણી. —૧

### છંદ-અડીયલ.

સરસ્વતી-ભગવતી જગ વિખ્યાતા, આદિ ભવાની કવિ જનમાતા; સારદ સ્વામીની તુજ પાય લાગું, દોય કર જોડી હિત બુધ્ધિ માગું. ॥ ૧ ॥ હસ્તક મંડલ પુસ્તક સોહે, એક કર કમલ વિમલ મન મોહે; એક કર વિણા વાજે ઝીંણા, નાદે ચતુર વિચખ્યણ લીણા. ॥ ૨ ॥ હંસવાહની હરખે કરી ધ્યાવું, રાત દિવસ તોરા ગુણ ગાવું; હું તુજ સુત સેવક કહેવાવું, તિણ કારણ મતિ નિરમલ પાવું. ॥ ૩ ॥ કાશ્મીર મુખ્ય દેશની રાણી, હરિહર બ્રહ્માએહ વખાણી; જગદંબા તું વિશ્વ-ગૌરાણી, ત્રિભૂવન કીરતિ તુંજ ગવાણી. ॥ ૪ ॥ બ્રહ્માણી રૂદ્રાણી રાણી, નિરવાણી ભાષા સુભ વાણી; મુગતિ બીજની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુંહી નિસાણી, તું ત્રિપુરા ભારતી વર વાણી. ॥ ૫ ॥ ધૂર થકી તું બાલ કુમારી, તુ ચામૂડા ચોસઠ નારી; આદિ શક્તિ આરાસણ બેઠી, પ્રગટ પણે સો નયણે દીઠી. ॥ ૬ ॥ તું તારા ત્રિપુરા હર સિદ્ધિ, અજાહરી તું પોહવીયર સિદ્ધિ; જવાલામુખી ત્રણ જગતની માતા, ભરૂ અચ્ચિ તું વિશ્વ વિખ્યાતા. ॥ ૭ ॥ સોલ સતીમા કમલા વિમલા, વાઘેશ્વરી તોરા ગુણ સગલા; તું મહાસતી ગુણવંતી ગંગા, શાસનદેવી તું ચતુરંગા. ॥ ૮ ॥ તું પોમાઇ તું સ્વદેવી, તું ચક્રેશ્વરી સુર નર સેવી; બ્રહ્મસુતા તું દુર્ગાગોરી, અહનિશિ આસ કરૂં હું તોરી. ॥ ૯ ॥ જલ-થલ-જંગલ-વસે કૈલાસા, ગિરિ કંદર પૂર પાટણ વાસા; સ્વર્ગ મૃત્યુ-પાતાલે જાણું, ગુણ કેતા એક જીભે વખાણું ॥ ૧૦ ॥ ગૌર્વર્ણ તનુ તેજ અપારા, જાણે પુનમ શશિ આકારા; શ્વેત વસ્ત્ર પેહર્યા શણગારા, મહકે મૃગ મદન ઘનસારા. ॥ ૧૧ ॥ નીલ વટટીલી તેજ વિસાલા, ઓપે આરીસા દોચો ગાલા; અધુર બિન્દુ રસના વલી હિરા, નાશા દીપ શિખા સમ કિરા; ॥ ૧૨ ॥ નાકે મોતિ મનોહર ઝલકે, અધર ઉપર રકત વર્ણ સોભે; મૃગ લોચનમય ઝાંઝર ઝમકે, સુણતા ચતુર તણા ચિત ચમકે. ॥ ૧૩ ॥ અણીયાલી આંજી આખડલી; ભમુહક બાણ સમ વાકડલી; મસ્તક રૂડી મણિ રાખડલી; તુમકર હીરેજડીત મુદરલી. ॥ ૧૪ ॥ મુખ નિર્મલ સારદ શશિ દીપે, કાને કુંડલ રવિ શશીજીપે; ઉન્નત્ત પયોધર માતા, કંચૂક કસીયા નીલા રાતા. ॥ ૧૫ ॥ ઉર ઓપે મુકતા ફલ હારા, તારાની પેઠે તેજ અપારા; બાજુ બંધ માદલિયા બાંહે, તે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોવાને સૂરી નર ચાહે. ॥ ૧૬ ॥ કટિ મેખલ-ખલકે કર ચૂડી, રત્ન જડીત સોવન મય રૂંડી; ચરણે ઘુઘર ઘમ-ઘમ ઘમકે, ઝાંઝર ઝમક-ઝમક રણકે. ॥ ૧૭ ॥ હસ્ત-ચરણ અલતા સમવાન, જંઘા જુગલી કેલ સમાન; અલી કજ્જલ શીર વેણીલંબી, હરિલંકી કટી વિપુલનીતંબી,. ॥ ૧૮ ॥ હંસ ગામિની ચાલે મલયં (પં)તી, મુખ બોલે સદા અમીય જરંતી; નવ જોબન ગુણવંતી બાલા, કદલી દલતનુ અતિ સુક-માલા. ॥ ૧૯ ॥ ત્રિલોચના તું બહુ ઠકરાઇ, વારૂં વિચક્ષણ અતિ ચતુરાઇ; નહિ કોએ જાણપણુ, તુજ આગે-દૈત્યઅરિ જીત્યા તે ભૂજ બલ. ॥ ૨૦ ॥ સૂર પણે પણ તું પર ચંડી. રાય-રાણા તુજ આણ ન ખંડી; વિદ્યા પર્વત સઘલે મંડી; તાહરી હુંડી કિણહી ન ખંડી. ॥ ૨૧ ॥ કલિક ન બોલુ કહીઇ માયા, તીન ભવન સહી તે નિપાયા; તું સાચી ત્રિહુ જગની માયા, સૂર-નર-કિંનર-તુંજ ગુણ ગાયા. ॥ ૨૨ ॥ તાહરૂ તેજ તપે ત્રિભૂવને, હરિ હર-બ્રહ્મા સહુ તુજ માને; માઇ અક્ષરજે બાવન્નં, તેનિપાયા તુજ ગધન્નં. ॥ ૨૩ ॥ ભરહભેદ પિંગલની વાણિ, શાસ્ત્ર સકલને વેદ પુરાણી; નાદ ભેદ ગીતની ખાણી, પરકટ કિધા તે સુભ જાણી ॥ ૨૪ ॥ કામિત પૂરણ સુરતરૂ સરખી, વિદ્યાદાન આપે તું હરખી; પર ઉપગારણ મે તુજ પરખી, તુંહિ સદા મુખ અમૃત વરષી ॥ ૨૫ ॥ જગ સહુ બેઠો ખોલે તાહરે, જીવ સકલની આશા પૂરે; અલિય વિઘન તેહના નિત ચૂરે, તિણ કારણ વસી તું મન મોરે. ॥ ૨૬ ॥ જો તું સ્વામીનિ સુપ્રસન જાણે, તો કવિ ભાવ ભલેરો આણે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાવ્ય કવિત ગાયા ગીત વખાણે; રાજસભા માહે બોલી જાણે. ॥ ૨૭ ॥ સારદમાતા જેહને તુઠી, અવિરલ વાણિ લઈ તિણે મિઠી; માતાજી સાહ મુજવ ભાલ્યુ, તેહ તણું દુઃખ દારિદ્ર ટાળ્યું ॥ ૨૮ ॥ જે જડ મૂઢ મત્તિ બુદ્ધિ હીણાં, તે તે કીધા નિપુણ પ્રવિણા; જે મુંગા વાચા નવિ બોલે, તે-તે કીધા સૂર ગુરૂ તોલે. ॥ ૨૯ ॥ નિર્ધનને વલિ તે ધન દીધા, તસવલી કીધા મોહી પ્રસિદ્ધા; રાજ-રમણીક સુખ ભોગવિલાસા; તે આપ્યા સુભ થાનક વાસા. ॥ ૩૦ ॥ તાહરા ગુણનો પાર ન જાણું, ગુણ કેતા એક જીભ વખાણુ; સરણાગત વત્સલ્લ તું કેહ વાણી, મે જાણી ત્રિભૂવન ઠકુરાણી. ॥ ૩૧ ॥ આઈ આસ કરૂ દીનરાત, શુદ્ધ વટ કરજે સહી મોરિમાત; અખુટ ખજાનો તારો કહિએ, સમુદ્ર પરે તુજ પાર ન લહિએ. ॥ ૩૨ ॥ માતા સાર કરો સેવકની, તુમવિણ કોણ ભીડ ભાંગે મનની; આસ ધરિ આવ્યો તુમ ચરણે, તુ જગ સાચી દીન ઉદ્ધરણે. ॥ ૩૩ ॥ વલતિ બોલી માતા વયણે, જો તું આવ્યો મારે ચરણે; હું તુઠી સહી કરી માને, મન કંપિત સંદેહ મઆણે. ॥ ૩૪ ॥ તુંજ ભગતિમે સાચી જાણી, તુંજ ઉપર મે કરૂણા આણી; અહોનિશ કરશું તોરી સાર, એ પ્રી છે પરમારથ સાર ॥ ૩૫ ॥ વલિ આવિ માતા સૂત પાસે, હેત આણિ શુભ વાણિ પ્રકાશે; તુંડે હઇડે કાએ વિમાસે, હું આવિ વસિ તુજ મુખવાસે. ॥ ૩૬ ॥ માત વચન પામ્યો ઉહલાસ, મે આણ્યો છે તુમ વિશ્વાસ; હવે સહી સફલ ફલી મુજ આશ; હું તુજ ચરણ કમલનો દાસ. ॥ ૩૭ ॥ તારો મહિમા મોટો જગમા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તું તુઠિ સકલ ઋદ્ધિ દે ક્ષણમા; દેવી અવર નહિ તુજ તોલે, ગુણ કેતા કવિયણ મુખ બોલે. ॥ ૩૮ ॥ પ્રણવ અક્ષર વલિ માયા બીજં, શ્રિયૈ નમો કરિ હેજં; હ્રીઁ કલીયં મહામંત્રતેજં, વાગવાદિનિ નિત સ્મરીજે. ॥ ૩૯ ॥ ભગવતી ભાવે તુજ નમિજે, અષ્ટ મહાસિદ્ધિ સગલિ લીજે; મંત્ર સહિત એક ચીત્ત ગણી જે, ભણતા ગણતા લિલ કરીજે. ॥ ૪૦ ॥ સંવત ચંદ્રકલા અતિ ઉજ્વલ્લ, સાયર જે આસું સુદિ નિર્મલ; પુનમસુર ગુરૂવાર ઉદારા, ભગવતી છંદ રચ્યો જયકારા ॥ ૪૧ ॥ સારદ નામ જપો જગ જાણું, સારદ ગુણ ગાઉં સુ વિહાણું; સારદ આપે બુદ્ધિ વિનાણં, સારદ નામે ક્રોડ કલ્યાણં. ॥ ૪૨ ॥

## કલશ

ઇહ બહુ ભકિત ભરેણં, અડીયલ છંદેણં;
સંથુઆ દેવી ભગવઇ, તુમ પસાએણ હોઈ તિસયા સંઘ કલ્યાણં.–૪૩

॥ ઇતિ સરસ્વતી માતાનો છંદ સમાપ્ત. ॥

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ.

સરસ વદન સુખકારં, સાર મુકતા વલિ ઉરિહારં;
ત્રિભુવન તારણ તરણ અવતારં સો ગાઈજે પાસ કુમારં.– ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાસ શંખેશ્વર પરતા પૂરિ, સમર્યા ધરણિંદ હોઈ હજુરી;
ઘણ મગ કંચગ કુર કપૂરં નામિ પામિઉં ગાઈસૂરં. – ૨

## (છંદગી)

તો ઉગ્ગંતં સૂરં નામ નૂરં, પાસ સમરથ પત્થીયં,
લખ લાલ મોલ કલ્યાણ કુંડલ, લોલ લહકતિ ઇત્થીયં;
ચમકંત ચંપક વર્ણ રામા, કુમરિ નાગ નાગેશ્વરં,
નવ નિધિ આવે ચઢત દાવે, સ્વામી નામિ શંખેશ્વરં. – ૩

મહકંત મહમહ વાસ છુટે, સરસ સુવાસ સુગંધીયં,
લહકંત લહલહ ચીર પચ કણ, કોર રયણે બંધીયં;
રમકંતી રમઝમ પાય ને ઉર, સખર જોત વાલ્હેશ્વરં.–નવ – ૪

સુવિની બાલ રસાલ વાણી, દેહ કોમલ સુંદરી,
દ્રવ્ય કોડી લક્ષ્મી લહય માનવ, મિત્ર વિત સુમંદરા;
હીસંત હયવર મત્ત ગયવર, સરસ ભોગ ભોગેશ્વરં.–નવ.– ૫

વ્યાકરણ વદે વખાન વાણી, વદ વદ સહુ કો કહે,
વિદ્યા વિનોદી વિવિધ હુન્નર, પાસ સમરણ તે લહે;
દેહી સનૂરા છાજ પૂરા, પ્રસિદ્ધ રાજ રાજેશ્વરં.–નવ.– ૬

તું અજબ અકબર ઇલાહિ તુહી, બષે કર્દન તુ સહી,
મહબૂબ બુજરક મર્દ તો સાબં, ગૂહજો હોવય મહી;
જસુ જાઇ ધ્યાઇ અનામિ પોથિ, તુજ દાવિ સુરેશ્વરં.–નવ.– ૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિલવજો ખુંસી આલ હાજર, ફજર પૂજા જા રવિ,
દીવાબ હુબીયા શ્રી વચ્છ મહલ, શુદ્ધ નાટક નર રચિ;
ચંબેલ વેલ જાસુલ માફિક, નેક વખત સેવેશ્વરં.–નવ.– ૮

હલુવા હલુચી સેવ સકકર, ખુબ ખર્દન જયા મિલે,
જરદો જપા ગસ પેદડયા, માજર દપટ કા જલહલે;
ખસબુય અંગે સદા પહિને, સબલ તેજ સુરેશ્વરં.–નવ.– ૯

સોંઈલિમ કબુલક તે બલાજી, નામ તેરો જસ રખ્યા,
મીઆ મુસાફર સઈદ કાફક, રાહુ રયની તું સખા;
હરરોજ ખિજમત ગાર તેરા, બખત બડ તાપેશ્વરં.–નવ.–૧૦

તુંહી માદર પિદર મેરો, બિન બિરાદર તું ધરા,
અજીજ બંદા ખલક તેરા, ભાગ્ય મેરા અબ ખુલ્યા;
દિદાર સાહેબ ચશ્મ રોશન, નમતિ સાહિ દલેશ્વરં.–નવ.–૧૧

ગુન અલે લાવકસ અદીલેજ, બાંગે રજુ કછુ બકયા,
તર દોશ્ર જકાંતસ મીન કામન, પાસ દરગહમે તકયા;
કયુ વાત દારિદ્ર દફેતિ સિકયા, ધ્યાવતાં ધ્યાનેશ્વરં.–નવ –૧૨

(કલશ)

સ્વામી નામિ સંપતિ, કીર્તિ જસ વાધેઈ સધર,
સ્વામી નામિ સંપતિ, મતિ નિર્મલ મુખ મધર;
સ્વામી નામિ સંપતિ, રતિ રામતિ લીલાવર,
સ્વામી નામિ સંપતિ, જતિ દરસણ સમ તરવર;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રિધરાજ સાહ યથાપુણ્યસુ ઘરં, સુણનર જિણસેવા અકલ,
શ્રીપાસ આસંનય પ્રમોદ ભણિ, સુપાવિ મન વંછિત સકલ.–૧૩

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજિન છંદ.

જય જય નાયક પાર્શ્વજિનં,
પ્રણિતા ખિલ માનવ દેવ ઘનં;
શંખેશ્વર મંડણ સ્વામી જયો,
તુજ દરિશન દેખી આનંદ ભયો.– ૧

અશ્વસેન કુલાંબર ભાનુ નિભં,
નવ હસ્ત શરીર હરિ પ્રતિભં;
ધરણેન્દ્ર સુસેવિત પાયયુગં,
ભર ભાસુર કાંતિ સદા સુભગં.– ૨

નિજ રૂપ વિનિર્જિત રંભપતિ,
વદના ઘતિ શારદ સોમનિભં;
નયનામ્બુજ દીપ્તિ વિશાલતરા,
તિલકુસુમ નાસા પ્રવરા.– ૩

રસના અમૃતકંદ સમાન સદા,
દસનાલિ અણારકલિ સુખદા;
અધરાસણ વિદ્રુમ રંગ ઘનં,
જય શંખપુરાભિધ પાર્શ્વજિનં.– ૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અતિ ચારૂં મુકટ મસ્તક દીપે,
કાને કુંડલ રવિશશી જિપે;
તુજ મહિમા મહિમંડલ ગાજે,
નિત્ય પંચ શબ્દ વાજાં વાજે.- ૫

સુરનર કિંન્નર વિદ્યાધર આવે,
નર નારી તોરા ગુણ ગાવે;
તુજ સેવે ચોસઠ ઈન્દ્ર સદા,
તુજ નામે નાવે કષ્ટ કદા.- ૬

જે પૂજે તુજને ભાવ ઘણે,
નવ નિધિ થાઈં ઘર તેહ તણે;
અડવડીયા તું આધાર કહ્યો,
સમરથ સાહિબમેં આજ લહ્યો.- ૭

દુઃખીયા સુખ દાયક તું દાખે,
અસરણ સરણને તું રાખે;
તુજ નામે સંકટ વિકટ ટલે,
વિછડીયા વહાલા આવી મલે.- ૮

નટ વટ લંપટ દૂરે નાશે,
તુંજ નામે ચોર ચરડ ત્રાસે;
રણ રાઉલ તુજ નામ થકી,
સઘલે આગલ તુજ સેવ થકી.- ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યક્ષ રાક્ષસ કિન્નર ઉરગા,
કરી કેસરી દાવાનલ વિહિંગા;
વધ બંધન ભય સઘલા જાયે,
જે એક મના તુજને ધ્યાયે -૧૦

ભૂત પ્રેત પિશાચ છલીન શકે,
જગદીશ તવાભિધ જાપ થકે;
મોટા જોટિંગ રહે દૂરે,
દૈત્યાદિકનો તું મદ ચૂરે.-૧૧

શાયણ ડાયણ જાઈં હટડી,
ભગવંત ભયાપહ ભજન થકી;
કપટી તુજ નામ લીયા કંપે,
દુર્જન મુખથી જી જી જંપે -૧૨

માની મછરાલા મોહ મોડે,
તે પિણ આગલથી કર જોડે;
દુર્મુખ દુષ્ટાદિક તુંહિ દમે,
તુજ નામે મોટા મ્લેછ નમે.-૧૩

તુજ ધ્યાને માને નૃપ સબલા,
તુજ જસ ઉજવલ જિમ ચંદ્રકલા;
તુજ નામે આવે ઋધિ ઘણી,
જય જય જગદીશ્વર ત્રિજગ ધણી.-૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિન્તામણિ કામ ગવી પામે,
હય ગય રથ પાયક તુજ નામે;
જનપદ ઠકુરાઇ તું આપે,
દુર્ગતિ જનનો દારિદ્ર કાપે.-૧૫

નિર્ધનને તું ધનવંત કરે,
તુંહી કોઠાર ભંડાર ભરે;
ઘર પુત્ર કલત્ર પરિવાર ઘણો,
તે સહુ મહિમા તુમ્હ નામ તણો.-૧૬

મણિ માણિક મોતી રતન જડયા,
સોવન ભૂષણ બહુ સુઘડ ઘડયા;
વલી પેહેરણ નવરંગ વેશ ઘણા,
તુજ નામે ન રહે કાઇ મણા.-૧૭

વયરી વિરૂઓ નવિ તાક સકે,
વલી ચાડ ચુગલ મનથી ચમકે;
છલ છિદ્ર કદા કેહનો ન લગે,
જિનરાજ સદા તુજ જોર જગે.-૧૮

ડર ઠાકુર સહુ થરહર થરકે,
પાખંડિ પણ નવી કો નવી ફરકે;
લુટાંક તિકે નાસી જાયે,
મારગ જપતા જય જય થાયે.-૧૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જડ મૂર્ખ જે મતિહીણવલી,
અજ્ઞાન તિમિર દુઃખ દુર ટલે;
તુજ સમરણથી ડાહ્યા થાયે,
પંડિત પદ પામી અતિ પૂજાયે.–૨૦

ખસ ખાસ ખયન પીડા નાશે,
દુર્બલ મુખ દીન પણો ભાસે;
ગડ ગુંમડ કષ્ટ જિકે સબલા,
તુજ નામે રોગ જાયે સઘલા –૨૧

ગહિલા ગુંગા બધિરાજ જીકે,
તુજ ધ્યાને ગતિ દુઃખ જાઇ તીકે;
તનુ કાંતિ કલા સવિશેષ વધે,
તુજ સમરણ સોવન સિધિ સધે –૨૨

કરી કેશરી અહિ રણ બંધ સયા,
જલ જલણ જલોદર અષ્ટ ભયા;
રાંગણિ પમુહા ભય જાય ટલી,
તુજ નામે પામે રંગ રલી.–૨૩

ૐ હ્રીં અર્હં શ્રી પાર્શ્વ નમો,
નમિઊણ જપંતા દુષ્ટ દમો;
ચિન્તામણિ મંત્ર જીએ ધ્યાયૈ,
તિહા ઘર દીન દિન દોલતિ થાયે –૨૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રિકરણ સુધે જે આરાધૈ,
તસ કીરત જગમાહે વાધે;
વલી કાંમિત કામ સવે સાધૈ,
સમહિમ ચિંતામણી તુજ લાધે–૨૫

મદ મચ્છર મનથી દૂર તજૈ,
ભગવંત ભલી પરે જેહ ભજૈ;
તસ ઘર કમલા કલ્લોલ કરે,
વલી રાજ રમણી બહુ લીલ વરે.–૨૬

ભયવારક તારક તું ત્રાતા,
સજ્જન જન તું ગતિ મતિ દાતા;
માત તાત સહોદર તું સ્વામી,
શીવદાયક નાયક હિત કામી.–૨૭

કરૂણાકર ઠાકુર તું ગુરૂમોરૂં,
નિશ વાસર નામ જપું હું તોરો;
સેવક સ્યુ પરમ કૃપા કરી જે,
વાલેશર વંછિત ફલ દીજે.–૨૮

જિનરાજ સદા જય જયકારી,
તુજ મૂરતિ અતિ મોહનગારી;
ગુર્જર જનપદ માહે રાજે,
ત્રીભુવન ઠકુરાઇ તુજ છાજે.–૨૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇમ ભાવ ભલે જિનવર ગાયો,
વામાસૂત દેખી સુખ પાયો;
રવિ–મુનિ–શશી સંવત્સર રંગે,
વિજયદેવ સૂરિ માહિ સુખ સંગે.–૩૦

જય શંખેશ્વરા પાર્શ્વજીન વિભો,
સકલાર્થ સમિહિત દેવ પ્રભો;
બુધિ–હર્ષ–રૂચી જપાય સદા,
ભવ લબ્ધિ રૂચી સુખ થાય સદા –૩૧

## (કલશ)

ઇત્થં સ્તુતઃ સકલ કલાકામિત સિધ્ધિદાતા,
જક્ષાધિરાજ મદમત્ત શંખપુરાધિરાજ;
સશ્રીક હર્ષ–રૂચી–પંકજ સુપ્રસાદ,
શિષ્યેણ લબ્ધિ રૂચીનાતિ મુહા પ્રણતું.–૩૨

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ.

પ્રણવ પ્રણવ પ્રહુ પય કમલ, માયા બીજ મહંત; નમો નાહ નિકલંકતર, ભય ભંજણ ભગવંત. ॥ ૧ ॥ સુરપતિ નરપતિ સૂરિવર, જપઇ જાપ જગિ જાસ; તિહુયણ પતિ ત્રેવીશમા, પુહવિ શ્રી શંખેશ્વર પાસ. ॥ ૨ ॥ દેવતરૂવર દીપતો,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધેનુસૂરા તું ધન્ય; દરિસણ તોરો પેખીઇ, પોતઇં બહુલા પુણ્ય. ॥ ૩ ॥ દીઠા દેવી દેવગણ, શ્રવણે સુણીયા સોઇ; ભવ દુઃખ ભંજન ભૂયણે. કલિ ન દીઠો કોઇ. ॥ ૪ ॥ થાનક આયો પણ થકા, પૂજાવઇ નિજ પંડ; પ્રારથીયા પૂરે નહી, એકો બોલ અખંડ. ॥ ૫ ॥ કલિયુગ માહે કેટલા, આડંબર અસમાન પરતા પૂરેવા પછી, થોભ ન શકે થાન. ॥ ૬ ॥ ઝુકયા દેવિ મઠ ઘણા, જેહ જપંતા જાપ; દિન દિન અધિકો પેખીઇ પાસ તણો પરતાપ. ॥ ૭ ॥ પૂરવ દક્ષિણ પેખીઇં, પશ્ચિમ ઉત્તર પંથ; પરમેસર પૂરઇં પ્રગટ, કામિનીસા કંથ. ॥ ૮ ॥ સ્વર્ગ મૃત્યુ પાતાલ સરી, વસુધા વિવિધ પ્રકાર; તુ સરિખો રવિ ચક્ર તલિં, સુર ન કો સંસાર. ॥ ૯ ॥ ધરણીધર પદમાધણી, નર વ્યંતર નાગેન્દ્ર; સેવ કરી શંખેશ્વરા, ચાવા ચોસઠ ઈન્દ્ર. ॥ ૧૦ ॥ દિન દિન મહિમા દીપતો, ભૂરિ તેજ થિર ભાણ; ક્રમી ક્રમી ચડતી કલા, વાચા કેતા વખાણ. ॥ ૧૧ ॥

## છંદ.

વાચીઈ કેતા વખાણ, આસમાન તુજ આણ; પાયાલિ અધિક પૂર, નર લોક નિત નૂર. ॥ ૧૨ ॥ એહણા પૂરંતી આસ, વસાવિઓ વસ વાસ; પૂજંતા જિણંદ પાસ, ઉત્તંગ અતિ આવાસ. ॥ ૧૩ ॥ તારૂણી અનંત તેજ, હેલિ ગેલિ આવઇ હેજ; બાઝંતી માતંગ બાર, હયવરા હોઇ હસાર. ॥ ૧૪ ॥ પ્રણમે સુભટ સાથ, હેક જોડી ઉભા હાથ; ઠામ ઠામ ગુણ ઘાટ; ભણંતિ ચારણ ભાટ. ॥ ૧૫ ॥ સુગુરૂ સુણંતી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાન, દીજંતી અનેક દાંન; છત્રધરિ ધરે છત્ર, પમણી ન ચે પાત્ર. ॥ ૧૬ ॥ નિસાણ નફેરી નદ્, સારિગમ તાન સદ્ય; ગાયણ નાટક ગીત, સુચવિં શુદ્ધ સંગીત. ॥ ૧૭ ॥ ભોગવઇં ભલા સુભેદ, વાણી મંત્ર શુદ્ધ વેદ; મંત્ર યંત્ર મન મેલ, કમલા કરંતિ કેલ ॥ ૧૮ ॥ પાસનામિ પુણ્ય પૂર, ચાડ જન્ન ચક ચૂર; બંધવા કરંતિ બેલ, વાધિ સુતકેરી વેલ ॥ ૧૯ ॥ હાક હેક હાલ ચાલ, નટ વિટ નાસે નાલ; જેથી તેથી જસ જંગ, રાજ તેજી ઋદ્ધિ રંગ. ॥ ૨૦ ॥ પામીઈ ભોગ ભલે પ્રેમ, ખાજિઇ પીજીઇં હેમખેમ; અનંત ઋદ્ધિ અપાર, પામંતી કવણ પાર. ॥ ૨૧ ॥ પાસ દેવ તો પ્રમાણ, માનવ એતા મંડાણ, પામીઇં પસાય પાય, ઋદ્ધિચકવર્ત્તીરાય. ॥ ૨૨ ॥ ઇહ લોક ઇતા અવાજ, કેતા પરભવ કાજ; સુરપતિ સુખ સેજ, તુજ નામે રંભ તેજ. ॥ ૨૩ ॥ કરંતી મંગલ કોડિ, દેવ દેવી પાણિ જોડી; નામ તોરો જગનાથ, શીવપુર પંથ સાથ ॥ ૨૪ ॥ અવર કેતા આવાસ, પંચમી ગતિ પ્રકાસ; પેખીઇ પુરા પુરાણ, જગપતિ તું જુવાણ. ॥ ૨૫ ॥ અકલ અલખ ઇસિ, જોતરૂપ જગદીશ; આદમ અંબા અજીત, અનેક એક અતીત. ॥ ૨૬ ॥ હંસ હુકહુ જુવાર, પાર નહી તોરો પાર; અપર અરૂપ રૂપ, ભાતિ ભાતિ તુંહી ભૂપ. ॥ ૨૭ ॥ ધ્યાન જ્ઞાન એક ધીર, મીરા સહી તુંહી મીર; પાર તુંય પાર બ્રહ્મા, માનવ ન જાણિ મમ્મ. ॥ ૨૮ ॥ આદિ ને અનાદિ અંત, કેતા રૂપ તું કહંત; બ્રહ્મા વિષ્ણું તું વખાણું, યોગ રૂપ યોધ જાણ. ॥ ૨૯ ॥ જેથી તેથી જપઇ જાપ, આદિ રૂપ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપો આપ; શકતી તુજ સનાથ, મેરૂધર છત્ર માથ. ॥ ૩૦ ॥
શંખેશ્વરો પાસ સત્ત, નાહે નામ તુજ નત્ત; અઢાર પવન
આસ, વસી તુચ પાય વાસ. ॥ ૩૧ ॥ આદમી ન જાણી
આદિ, પામીઇ ગુરૂ પ્રસાદિ; શાસન ચંદ સુસ્વામી, કીધા
બિંબ સિદ્ધ કામિ. ॥ ૩૨ ॥ વીતરાગ તું વિખ્યાત, વિવરીય
ન જાણું વાત; દેવલોક બાર દેવ, સુરપતિ કીધી સેવ. ॥ ૩૩ ॥
માનવલોક મંડાણ, શ્રાવક મિત્ર સુજાણ; તવન્ના જિણંદ તેજ,
હરી તાસ જપીઈ હેજ. ॥ ૩૪ ॥ સાગર કેતા સધીર, વસીઓ
વાસ વડવીર; પોમાવય લીધ પાયલ, સેવ કરે સુવિશાલ.
॥ ૩૫ ॥ એહવિ એહથી અવાજ, કાહુ જરા સિંધુ કાજ;
ડાહડા યાદવ દોઇ; પર પરઇં યુદ્ધ જોઇ. ॥ ૩૬ ॥ ખેત્ર વટ
રણ ખેધ, બાલબંધ કોડિ વેધ; જરા સિંધ જરા જોર, મુકે
જરબંધ મોર ॥ ૩૭ ॥ હરિ ચીત્ત કીધી હામ ધરાધીપ
આવી તામ; દેવદેવી બિંબદત્ત, જપે જાપ જદુપત. ॥ ૩૮ ॥
પૂજીયા પરગટ પાસ, અંગી હરી પુગી આસ; સકલ સેન
સચેત, નાખીયો જરા ન ચેત. ॥ ૩૯ ॥ નરિંદ સાખીઓ
નામ, વાસુદેવ વાસુ ઠામ; થાયના તિત્થયર થોભ, સુર.
કીધી સોભ. ॥ ૪૦ ॥ વસિઓ જિણવાસ, એક એક પૂરઇ
આસ; અતુલી બલ અભંગ, જીતલા અનેક જંગ. ॥ ૪૧ ॥
આવંતા અસંખનર, યાત્રાકાજ જગગુરૂ; સતર ભેદે સનાત્ર,
વિધુર વિધુ વિખ્યાત ॥ ૪૨ ॥ અગર ધૂપ સુવાસ, રમણી
ખેલંતી રાસ; અશ્વસેન રાય અંસ, વામેય વિશુદ્ધ વંસ. ॥ ૪૩ ॥
કમઠ હઠ કઠોર, જીત્યો જગજીહ જોર; પન્નંગ કીદ્ધ પાયાલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરપતિ સુવિશાલ. ॥ ૪૪ ॥ તાહરા પારિ તિલોય, કહિય ન સકી કોય; નિકલંક કીધા નાહ, પવિત્ર ગંગ પ્રવાહ. ॥ ૪૫ ॥ અસુરા થકી ઉગાર, નેહ ભરી નિજ નાર; અસંખ આસુર સુર, નાગ લોક નારી નૂર. ॥ ૪૬ ॥ દાવટે સંસાર દુઃખ, આપીઇ અનંત સુખ; જાદવા ઉતારી જર, નમો નાહ નિકલંક નર. ॥ ૪૭ ॥ કામના માનવ કાજ, અધિક પૂરંતિ આજ, કેતા દત્તિ કેતા દામ, કેતા કિત્તિ કેતા કામ ॥ ૪૮ ॥ કેતા નાર કેતા નેહ, કેતા દીહ હીણા દેહ; કાટંતિ કુટ્ટ કામ; વાંઝણી તણા વિરામ. ॥ ૪૯ ॥ સંપદા સંતાન સિદ્ધિ, નામ મંત્ર નવનિદ્ધિ; વિકરાલ ખિતવાલ, જોગિણીતણા જંજાલ. ॥ ૫૦ ॥ વિંતરા વિનાણ વંક, શાકણી શકત સંક; ખાસ સાસ ખિન્ન વિકટ શૂલ; કંઠ દોસ કન્નશૂલ ॥ ૫૧ ॥ સીસ રોગ જવર સાત, ચોરાશી વાત; હરસ અજીુર હામ, નવ સત પંચ નામ. ॥ ૫૨ ॥ વ્યાપારઇ વિકટ વ્યાધિ, સ્વામી તું કરી સમાધી; તાહરા કેતા તરંગ, એક એકથી અભંગ. ॥ ૫૩ ॥ ગિરિ ગિરિ પુર ગામ, નગર દુરંગ નામ; થાપના અનેક ઠોડ, પાસ રૂપ ખેત્ર પોડ. ॥ ૫૪ ॥ રાય ધણ પુર રાયઓ, સામલઉ સામી સવાઓ; મારૂઓ રાઉ મહંત, ભાંજિ ભીડિ ભગવંત. ॥ ૫૫ ॥ સધર ગુડી સરૂપ, અભંગ આણ અનુપ; છિણવટ છત્રધાર, સેવક-તણો સાધાર. ॥ ૫૬ ॥ કિમ પામી પાર કોય, જો ધાણુઈ જેસલ જોય; એકલ્લ મલ્લ અભંગ, જાગિ ફલ વધે જંગ. ॥૫૭॥ જાલોર તિમિર જોય, સિદ્ધ વરકાણી જોય; ભીનમાલ ધન ભલા, જિરાઉલિ જયમાલા. ॥ ૫૮ ॥ પાટણિ પ્રસિદ્ધિ પીઢ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીપંત જિણંદ દીઠ; અહમદપુરી અગાધિ, લોડણ સબલ લાજ. ॥ ૫૯ ॥ થંભણ પ્રસિધ્ધ ઠામ, નવ ખંડ જાસુ નામ; અંતરિક નિ અજાર, વિવિધ પાસ વિહાર ॥ ૬૦ ॥ શંખેશ્વર પાસ સિધ્ધ, પીઠિં પીઠિં તું પ્રસિધ્ધ; કીરતિ કેતી કહાય, કહીય ન જાણુ કાય. ॥ ૬૧ ॥ સામિ તું સંસારિ સતિ, મુજ અપિ દેવ મતિ; નાથ તું અનાથ નાથ સેવકા સબલ સાથ. ॥ ૬૨ ॥ પાસ સામિ આસ પૂરી, ચંડ રિપું રોગ ચૂરી; વિઘન વિડારી વારિ, સેવકા સામિ સાધારી. ॥ ૬૩ ॥ લાભઇ તુજ નામિ લીલ, મુનિ જપઇં મુનિશીલ; દેવમઇ પ્રત્યક્ષ દીઠ, આંખી તો અમી પઇઠ. ॥ ૬૪ ॥

## (કલશ)

પીઠ પીઠ પરા, ધણી કાસીધરા, સેવકા સન્દરા ભગતાં ભયહરા; અખીઇં અમ્મરા, જેણિ જીતી જરા, અપ્ય અપ્યંપરા પાસ ગોડી પુરા નાથ નાકોડરા, મજ્જ મંડોવરા, જાગી જાલોરરા, ધન્ન ભીલીધરા; સ્વામી તું સીધરા, પીઠ પંચાસરા, નાહ નારિંગપુર પાસ થંભણ પુરા; ઉદ્ધરે આપરા, નાથ નારી નરા, પાપમેટેપરા. કીધ જે કમ્મરા; ધ્યાન ધમેધરા કમ્મ અંકુરરા, જાગી આજેહરા, પૂજીએ તું પુરા; ભુરી લચ્છી ભરા, જાઇ પાપ જરા, નાથભેટે નરા, વંસિ કાસવરા; ઓત્રમાં ઝી ખરા, નમો નિભઇ નરા, સેવ તું શંકરા, કરજોડે કરા; સેવ તોરી સુરા, સામુ હાયંસરા, પાણિ જોડે પરા, વાવિઇં વિંતરા; વદઇ કાશી વરા, સુત સમત્થ આસસેણેરા, મહાનાથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુનિ શીલરા; તેણઇ સામિ તવા ગુણ તાહરા, સકલદેવ શંખેશ્વરા. ॥ ૬૫ ॥

## શ્રી પંચાંગુલી દેવી છંદ.

ભગવતી ભારતી પાય નમી, પંચાંગુલી પ્રણમેવ;
સમરંતા સંપતી હોઇ, સુખ માહામાય તવ દેય.— ૧

શ્રી મંદીર મંગલ કરણ, જસ નામે સુખ થાય;
જસ સેવી આ દેવી મય, પંચાંગુલી ધન માય.— ૨

સ્વામિની સેવક ઉપરે, મયા કરો માહામાય;
નિત્ય પંચાંલુ પ્રણમીએ, સુખ સંપતી ઘર થાય - ૩

## અથ છંદ.

ૐકારહ સોભે હ્રીં સોભે શ્રી સુખ ધનવંત;
આધારજ માઇ તુંમ હ્રીમાઇ પ્રતંગિરિસોભંત. — ૧

પંચાંગુલી માતા જગતા ધાતા સુખ સંપતિ વિલસંત;
પંચાંગુલી નામે ક્રિયા પામે સપ્રભાતી પ્રણમંત. — ૨

સાચા મન શુદ્ધિં નેહ સુબુદ્ધિ દે પંચામૃત હોમ;
ગુગલ ઉખેવે કણવીર દેવે જપે જાપ લખ ભોમ. — ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંચાંગુલી માતી ગજગતિ ચાલે પિલિશત્રુ કંદ;
તુંજ પુજે ઇન્દા સૂર નર ચંદા આનંદા હોવે વૃન્દ. – ૪

કાલા ધોલા ક્ષેત્ર પાલા મતવાલા ઘુમંત;
પંચાંગુલી દેવી સુરનર સેવી માનવ મનમોહંત, – ૫

માતા તે મય ગલ તે વશિકરણી લોહદંડ મોડંત;
ચોસઠિ કામણ કદી ન વિહિડે રણ મધ્યે જયંત. – ૬

તુ રાયલ મધ્યે રાણા મધ્યે શત્રુ કંદ નીકંદ;
જે ડાયણ સાયણ અરીઅ નિશાચર ભૂત દોષ છે હંત. – ૭

પિશાચ મધ્યે રાક્ષસ મધ્યે પંચાંગુલી પસરંત;
ચોરાશી ચેડા દૂર નીવારે ઝોટંગા પટકંત. – ૮

પંચાંગુલીઆઇ બહુ ધન દાઇ દુઃખ દોહગ સોહંત;
નરનારી પ્રિતે સેવે હેતે નેહ ધરી દ્રષ્ટિ જોવંત. – ૯

વીણા રસ બાજે મહીમા ગાજે હોવે નાટિક રંગ;
તંતી તલ તાલા ભૈરવશાલા ચાલા કરતલ ચંગ. –૧૦

ડાક હુડ મડમકે વાજે ઠમકે ઘુઘરડી ઘમકંત;
ધૈ આ ધૈઆ સાદલ વાજે માદલ સરણાઇ સોભંત –૧૧

ઢોલ ઢમકંતા હાસ હસંતા ક્ષેત્રપાલ બલવંત;
રમે નીત રાસે કલા અભ્યાસે ક્ષેત્રપાલ ખેલંત. –૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોહન મછરાલા મદ મતવાલા પંચાંગુલી સોભંત;
ચરણા ચતુરંગી પાદુકચંગી પંચરંગી ઉપમંત. —૧૩

ઘુઘરડી ઘમકે ચાલે ઠમકે અઢાર ભૂજા ચતુરંગ;
સોવન ચુડી દિસે રૂડી હેમ વરણ જસ અંગ. —૧૪

આનન અતિ ઉંચે–ઘરીપરિજોયે અધર પ્રવાલી રંગ;
તુંજ કાને કુંડલ રવી શસી સોભે વેણી વાસ ભૂજંગ. -૧૫

નાસા જસ નિર્મલ ભાલવિરાજે મયણ તણો જે મંગ;
લોચન અણીઆલા લાલવિસાલા નિરખંતા હોવે ચંગ. -૧૬

પંચાંગુલી નયણા અમૃત વયણા શત્રુ સંત;
ભગતાને દેવી સુરનર સેવી મોહનવેલી મહંત. —૧૭

જસ ઉર પર ઓપે કુચ દોય દીપે મેરૂ શીખર ગિરિશૃગ;
કટી સીહ વીરાજે ત્રિવલી છાજે નાભિ મંડલ જસ અંગ. —૧૮

પ્રતંગી મંદીર દીસે સુન્દર જંઘાકદલી સ્થંભ;
સુન્દર છબીસોહે સુરનર મોહે રૂડી રૂપે રંભ. —૧૯

ગૌધમ દલ પીંડિ સોવન મંડી પંચાંગુલી સ્થાપંત;
તું પ્રીતિ પ્રીતિ ષટ્ રસ હેતે લાડ લડાવે કંત. —૨૦

માયા સુખ સિદ્ધિ આપે રૂદ્ધિ વૃદ્ધિ જસ જયકાર;
મન શુદ્ધિ સમરી આવે અમરી પંચાંગુલી આધાર. —૨૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સેવકને સ્થાપી સંપતી આપી મન વંછિત સુખસંત;
પ્રીયા મમ પરણી ત્રીયા વસીકરણી સંપતિ નીત તુરત –૨૨

## કલશ

નમો પંચાંગુલી દેવી સેવકને સુખ આપે,
નમો પંચાંગુલી દેવી સેવકના દુઃખ કાપે;
નમો પંચાંગુલી દેવી લછી ઘર બેઠા આપે,
નમો પંચાંગુલી દેવી નામે ભવનિધિ પાવે. –૨૩

મન વચ કાયા થીર કરી ત્રણ કાલ સમરો સદા,
પ્રત્યંગેરી પ્રસાદથી પામો અવિચલ સંપદા. –૨૪

ઇતિશ્રી પંચાંગુલી દેવી છંદ સંપૂર્ણ

## શ્રાવક કરણી છંદ

શ્રાવક તું ઉઠ પ્રભાત, ચાર ઘડિ લે પિછલી રાત;
મનમા સમરે શ્રી નવકાર, જિમ પામે ભવ સાયર પાર. – ૧

કવણ દેવ કવણ ગુરૂ ધર્મ, કવણ અમારો છે કુલ કર્મ;
કવણ અમારો છે વ્યવસાય, એહવું ચીન્તવજે મનમાય. – ૨

સામાયિક લિજે મન શુધ્ધ, ધર્મની હઇડે ધરજે બુધ્ધ;
પડિકમણો કરે રયણી તણુ, પાતિક આલોવજે આપણુ. – ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાયા શકિત કરો પચ્ચખાણ, શુધ્ધ પાલો જિનવરની આણ;
ભણજો ગણજો સ્તવન સજ્ઝાય, જિણ હુંતિ નિસ્તારો થાય. – ૪

ચિન્તવજે નિત ચઉદ નીમ, પાલો જીવ દયા તિહા સીમ;
ચોવિસથો પરભાતે કરે, અનંત ચોવિશી ધ્યાનજ ધરે. – ૫

પોસાલે ગુરૂ વંદન જાય, સુંણજે વ્યાખ્યાન સદા ચીત લાય;
નિર્દુષણ જે સુજતો આહાર, સાધુને દિજે સુવિચાર – ૬

પાચ પ્રકારે પૂજા કરે, અષ્ટ પ્રકારે હઇડે ધરે;
સત્તર ભેદી એકવીશી જાણ, અષ્ટોતરી વલી પૂજા વખાણ. – ૭

સાહમિવછલ કરજે ઘણા, સગપણ મોટા સામી તણા;
દુખીયા હીણા દીણા દેખ, કરજે તાસ દયા સુવિશેષ. – ૮

ઘર સારૂ નિત દીજીએ દાન, મકરે મોટા શું અભિમાન;
ગુરૂને મુખ લીજે આખડી, ધરમ ન મેલો એક ઘડી. – ૯

વારૂ શુધ્ધ કરો વ્યાપાર...., ઓછા અધિકાનો પરિહાર;
મ ભરીશ કોઇની કુડી સાખ, કુડા કથન મુખે મત ભાખ. –૧૦

અનંતકાય કહ્યા બત્રીશ, ભણ્યા અભક્ષ વલી બાવિશ;
અભક્ષણ નવિ કીજે કિમે કાચા કોલા ફલમત જીમો. –૧૧

રાત્રિ ભોજનમાં છે બહુ દોષ, એમ જાણી કીજે સન્તોષ;
સાજી–સાબુ લોહને ગલી, મધ માખણ મત વેચો વલી.–૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વલિ મકર જો રંગણુપાસ, દુષણ ઘણા કહ્યા છે તાસ;
પાણી ગલજો બે-બેવાર, અણગણુ પીધા દોષ અપાર. -૧૩

જીવાણીના કરો જતન. પાતિક ટાલી કરજો પુન્ય;
છાણા ઇન્ધન ચુલો જોય, વાવર જે જિમ પાય ન હોય -૧૪

ઘૃતની પરે વાપરજે નીર, અણગલ નીરે મ ધોજે ચીર;
બારે વ્રત શુધ્ધા પાલજે, અતિચાર સઘલા ટાલજે. -૧૫

કહિયા પનરે કર્માદાન, પાપ તણિ પર હરજો ખાણ;
શીસ મલેજો અનરથ દંડ, મિથ્યા મલે ન ધોજે પીંડ. -૧૬

સમકિત શુદ્ધ હૃદય રાખજે, બોલ વિચારી સત્ય ભાખજે;
ઉત્તમ ઠામે ખરચો વિત્ત, પર ઉપકાર ધરે શુભ ચીત્ત. -૧૭

તેલ-છાસ-ઘૃત-દુધને-દહી, ઉઘાડા મત મેલો સહી;
પાચે તીથિ મ કરજો આરંભ, પાલો શીલ ત્યજો મન દંભ. -૧૮

દિન ઘડી ચાર છતે ચોવિહાર, ચારે આહાર તણો પરિહાર;
ચારે સરણ કરિ દ્રઢ હોય, એસાગારી અણસણ જોય. -૧૯

શત્રુંજયને શ્રી ગીરનાર, આબૂ અષ્ટાપદ વલીસાર;
સમેત શિખર સંભારૂ નામ, પાચે તીરથ કરૂ પ્રણામ. -૨૦

શ્રાવકની કરણી છે એહ, જેહથી લહીએ ભવનો છેહ;
આઠે કરમ કરિ પાતલા, પાપ તણા છુટે આમલા. -૨૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વારૂ લહીએ અમર વિમાન, અનુક્રમે લહીએ શીવપદ ઠામ;
કહે જિન હર્ષ ઘણે સસનેહ, કરણી દુખ હરણ છે એહ. −૨૨

॥ ઇતિ શ્રાવક કરણી છંદ સમાપ્ત ॥

## શ્રી જ્ઞાનબોધ છંદ.

ભગવતી ભારતી ચરણ નમેવ, સદ્ગુરુ ગુરૂ નામ સદા સમરેવ; બોલીશ ચોપાઇ એ આ ચાર, જોઇ લેજો જાણ વિચાર. ॥ ૧ ॥ પંડિત તે જે નાણે ગર્વ, જ્ઞાની તે જે જાણે સર્વ; તપસી તે જે ન કરે ક્રોધ; કર્મ આઠ જીતે તે જોધ. ॥ ૨ ॥ ઉત્તમ તે જે બોલે ન્યાય, ધરમી તે જે મન નિરમાય; ઠાકુર તે જે પાલે વાચ, સદ્ગુરુ ગુરૂ તે જે બોલે સાચ. ॥ ૩ ॥ ગિરૂઓ તે જે ગુણે આગલો, સ્ત્રી–પરિહાર કરે તે ભલો; મેલો તે જે નિંદા કરે, પાપી તે હિંસ્યા આદરે. ॥ ૪ ॥ મૂરતિ તે જે જિનવર તણી, મત તે જે ઉપજે આપણી; કીરતિ તે જે બીજે સુણી, પદવી તો તીર્થંકર તણી ॥ ૫ ॥ લબ્ધે તો ગોતમ ગણધાર, બુધે અધિકો અભય કુમાર; શ્રાવક તે જે લહે નવતત્ત્વ, કાયર તે જે મુકે સત્વ. ॥ ૬ ॥ મંત્ર ધરો જે શ્રી નવકાર, દેવ ખરો જે મુકિત દાતાર; સમકિત તે જે સુધુ ગમે, મિથ્યાત્વી જે ભુલો ભમે. ॥ ૭ ॥ મોટો તે જાણે પર પીડ, ધનવંત તે જે ભાંજે ભીડ; મન વશ આણે તે બલવંત, આળસ મુકે તે પુન્યવંત. ॥ ૮ ॥ કામી નર તે કહીએ અંધ, મોહજાલ તે મોટો બંધ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દારિદ્રી તે ધર્મ હીણ, દુરગતિ માહે રહે તે દીણ. ॥ ૯ ॥ આગમ તે જે બોલે દયા, મુનિવર તે જે પાલે ક્રિયા; સંતોષી તે સુખીયા થયા, દુઃખીયા તે જે લોભે ગ્રહ્યા. ॥ ૧૦ ॥ નારી તે જે હોઇ સતી, દરશન તે જે ઓઘો મુહપત્તિ; રાગ દ્વેષ ટાલે તે યતિ, સુધુ જાણે તે જિન મતિ. ॥ ૧૧ ॥ કાયા તે જે શીલ પવિત્ર, માયા રહિત હોએ તે મિત્ર; વડપણ પાલે તેહિજ પુત્ર, ધર્મહાણિ કરે તેજ શત્રુ. ॥ ૧૨ ॥ વૈરાગી જે વિરમે રાગ, તારુતે ભવ તરે અથાગ; છાગ હણીને મંડે યાગ, રૌરવ નરક ઇણો તે માગ. ॥ ૧૩ ॥ દેહમાંહિ જિમ સારી જીહ, ધરમ થાશે તે લેખે દીહ; રસમાહિં ઉપશમ રસ લીહ, સ્થુલભદ્ર મુનિવરમા સિંહ ॥ ૧૪ ॥ સાચો તપ તે જિનવર નામ, જોગી તે જે જીતે કામ; ન્યાયવંત કહીએ શ્રીરામ, જિન પ્રાસાદ હો એ તે ગ્રામ. ॥ ૧૫ ॥ એહ બોલ બોલ્યા મેખરા સારા નથી એહથી ઉપરુરા; કહે પંડિત લક્ષ્મી કલોલ, ધરમ-રંગ મન ધરજો ચોલ. ॥ ૧૬ ॥

॥ ઇતિ-જ્ઞાનબોધ છંદ સમાપ્ત ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી જ્વર (તાવ) નો છંદ.

## દોહા

નમો આનંદ પુર નગર, અજયપાલ રાજન; માતા અજયા જનમિયો, જ્વર તું કૃપા નિધાન. ॥ ૧ ॥ સાત રૂપ શકિત હુવો, કરતા ખેલ જગત; નામ ધરાવે જુજુવા, પસરયો તું ઇત્ત ઉત્ત. ॥ ૨ ॥ એકાંતરો બેયાંતરો, ત્રઇયો ચોથો તાગ; શીત ઉષ્ણ વિષમ જ્વરો, એ સાતે તુજ નામ. ॥ ૩ ॥

## છંદ.

એ સાતે તુજ નામ સુરંગા, જપતાં પૂરે કોડિ ઉમંગા; તે નામ્યા જે જાલિમ જુગા, જગમા વ્યાપી તુજ જસ ગંગા. ॥ ૪ ॥ તુજ આગે ભૂપતિ સબ રંકા, ત્રિભુવનમા વાજે તુંજ ડંકા; માને નહિ તું કેહની શંકા, તુઠયો આપે સોવન ટંકા. ॥ ૫ ॥ સાધક સિદ્ધતણા મદ મોડે, અસુર સુરા તુજ આગલ દોડે; દુટ્ઠ ધીટ્ઠના કંધર તોડે, નમી ચાલે તેહને તું છોડે. ॥ ૬ ॥ આવંતો થરહર કંપાવે, ડાહ્યાને જીમ તિમ બહકાવે; પહિલો તું કેડમાથી આવે, સાવ શિખર પણ શીત ન આવે ॥ ૭ ॥ હોં હીં હું હું કાર કરાવે, પાંસલિયા હાડા કકડાવે; ઉનાળે પણ અમલ જગાવે, તાપે પહિરણમા સુતરાવે. ॥ ૮ ॥ આસો–કાર્તિકમા તુજ જોરો, હઠયો ન માને દાગો દોરો; દેશ વિદેશ પડાવે સોરો, કરે સબલ તુ તાતો તોરો. ॥ ૯ ॥ તું હાથીના હાડા ભંજે, પાપીને તાડે કર પંજે; ભકિત વત્સલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવે જો રંજે, તો સેવકને કોય ન ગંજે. ।। ૧૦ ।। ફોડક તોડક ડમરૂ ડાકં, સુરપતિ સરિખા માને હાંક; ધમકે ધુંસડ ધાસડ ધાકં, ચઢતો ચાલે ચંચલ ચાકં. ।। ૧૧ ।। પિશુન પછાડણ નહી કો તોથી, તુજ જસ બોલ્યો જાય ન કોથી; શી અણખીલ કરો એ થોથી, મહેર કરી અલગા રહો મોથી. ।। ૧૨ ।। ભકત થકી એવડી કાં ખેડો, અવલ અમીના છાંટા રેડો; લાખા ભકતનો એ નિવેડો, મહારાજ મૂકો મુજ કેડો. ।। ૧૩ ।। લાજ વશોમા અજ્યા રાણી, ગુરૂ તણા માનો ગુણ ખાણી; ઘરે સિધાવો કરુણા આણી, કહું છું નાકે લીટી તાણી. ।। ૧૪ ।। મંત્ર સહિત એ છંદ જે પઢશે, તેહને તાવ કદી નવ ચઢશે; કાંતિ કળા દેહ નિરોગ, લહેશે લક્ષ્મીનો લીલા ભોગ. ।। ૧૫ ।।

## કલશ.

ૐનમો ધરિ આદિ બીજં, ગુરુનામ વદી જે; આનંદ પુર અવનીશ, અજયપાલ આખીજે; અજ્યા જાત અઢાર, વાંછિયે સાતે બેટા; જપતા એહિજ જાપ, ભકત શું ન કરે મેહા; ઉતરે ચઢયો અંગ, પલમે તુજ વયણે મુદા; કહે કાંતિ રોગ નાવે કદી, સાર મંત્ર ગ્રહિયે સદા ।। ૧૬ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ છંદ સાત વાર, ચૌદ વાર અથવા એકવિશ વાર સાંભલે અથવા ગણે તો તાવ જતો રહે.

॥ ઇતિ જવર (તાવ) નો છંદ સમાપ્ત ॥

## જીવ દયાનો છંદ.

સકલ તીર્થંકર કરૂ પ્રણામ, સદગુરૂ કેરૂ સમરૂં નામ; સારદ વાણી આપો સાર પભણુ જીવદયા સુવિચાર. ॥ ૧ ॥ જીવ દયા પાલો સહુ કોઇ, જીવ દયા વિણ મુકિત ન હોઇ; જીવ દયા જિન શાસન ભાણી, જીવ દયા જિનની ધર્મ તાણી. ॥ ૨ ॥ આપ સમાન તે સઘલા જીવ, લેખવીઇ મન શુદ્ધ સદીવ; આપણ દુહવ્યા નવી હિંડીંઇ, તો કિમ બીજાને દુહવીંઇ. ॥ ૩ ॥ અણગલે જલે નવિ અંઘોલીઇ, વસ્ત્રાદિક પણ નવિ બોલીઇ; અણગલ પાણી નવી પીજીએ, ગલણો પણ એહવું લીજીએ. ॥ ૪ ॥ પોહલપણે તે અંગુલ બીશ, લાંબેપણે તે અંગુલ ત્રીશ; અતિ કાઠો બેવડો વાલીએ, એહવે ગરણે જલ ગાલીએ. ॥ ૫ ॥ ગલતા ઝાલક નવી નાખીએ, બહુ પરે જતન કરી રાખીએ; જેહ પાણિ જિહાથી આણીએ; તે પાણિ પાછું ત્યાં નાખીએ. ॥ ૬ ॥ સંખારો તે મત સુકવો, ખારૂ મિઠુ મત ભેલવો; એમ સાચવો થઇ સાવધાન, જેમ પામો તમો દેવ વિમાન. ॥ ૭ ॥ ફાગણ પુઠે તિલ વ્યાપાર, પુન્ય-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વન્ત ન કરે નિરાધાર; ઘાણીનું છે પાપ અનંત, એમ જાણીને વરજો સંત ॥ ૮ ॥ મુઢપણે જું નવિ મારીએ, કાંકસીનો સારણ વારીએ; લિંખ ફોડવી નવિ ધારીએ, ઠણકો દેતા ભવ હારીએ. ॥ ૯ ॥ દીવા માહે પડે પતંગ. દીવે ઢાકણુ મુકો ચંગ; વલિ ચોમાસે અતિશય જાલવો, એણીપરે દોષ સરવે ટાલવો. ॥ ૧૦ ॥ સોલ પોહર ઉપર લ્યો દહી, વરજ્યો તે માંનવ ભવ લહી; તે માહે જીવ ઉપજે સહી, વરજો તે માનવ ભવ લહી. ॥ ૧૧ ॥ માખણ બે ઘડીમા તાવ, તે પૂઠે જીવ રાશી ભાવ; માખણ ખાવા આખડી કરો સદ્દહણા સુધી મન ધરો. ॥ ૧૨ ॥ ઈન્ધણ સોધિને વાવરો, વનસ્પતિ છેદન મ કરો; માણસ ચોપદનો વ્યવસાય, કરતા પાપનું સંચય થાય ॥ ૧૩ ॥ મિણ-લુંણ-મહુડા-વિષગલી, મણશીલ લાખતે વર્જોવલી; પોહિસ ચમર મોતિ શંખ દંત, આગરે જઈ નવો હરે સંત. ॥ ૧૪ ॥ રાત્રી ભોજનવારો સઉ, તેમાહ જ છે પાપ જ બહુ; ભોજન માહે જો કીડિ ખાય, તે મતહીણો મૂરખ થાય ॥ ૧૫ ॥ જું આવે જલોદર થય, કોલીયા વડે કૃષ્ટ કહેવાય; માખી વમન કરાવે સહી, એહ વાત વૈદકમા કહી. ॥ ૧૬ ॥ હવે નિસુણો માર્કંડ પુરાણ, ભોજન જલ રાત્રે અપ્રમાણ; રાત્રે અગ્નિ હોત્ર નવિ કરે, પિંડ દાન પણ નવિ આદરે. ॥ ૧૭ ॥ સ્નાન કરવો પણ રાત્રે નહી, દેવ પૂજા નવિ રાત્રે કહી; સૂર્ય શાખે સરવે શુભ કરમ, જાણો શાસ્ત્ર તણો એ મર્મ. ॥ ૧૮ ॥ સાંબર-સુઅર-ઘુઅડ-કાગ-ઠાકર વિંછીને વલી નાગ; રાત્રી ભોજનથી એ અવતાર; શીવ શાસ્ત્રમાએ સો વિચાર. ॥ ૧૯ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવાણુ સો ભવે પરદારા ભોગ, એટલુ રાત્રી ભોજન દોષ; પંખી જનાવર કહીએ જે રાત્રે ચણ કરતા નવિ તેહ. ॥૨૦॥ પડે પતંગ પ્રમુખ બહુ, જીવ દીયાતે જે કરતા રીવ; જિનવર વચન વિચારે જેહ; જાણ ન ખાઇએ રાત્રીએ તેહ ॥ ૨૧ ॥ બોહલા કેરો મોટો પાપ, અનંત કાયનો ટાલો પાપ; અભક્ષ્ય ખાવાને લીઓ પચ્ચખાણ, શ્રાવકનો કુલ કરો પ્રમાણ. ॥ ૨૨ ॥ મધ માખણને મદિરા નામ ચ્યારે વિગઈ નાવે કામ; વલી વિષ ઘોલિને પીજીએ, પણ એ ચારને નવિ લિજીએ. ॥ ૨૩ ॥ માછી તેલી અને તેરમો, કસાઈ અંત વ્યાપારજ વમો; મ પોસો શ્વાન-કુકકુટ મંજાર, જીવ ઘણાનો કરે સંમહાર. ॥૨૪॥ શલ્યા ધાન મ ભરહો દલો, અન્ન સોધિને વાવરો ભલો; ચન્દરવા બાંધો નવ ઠામ; જીવ દયાના કરો એમ કામ. ॥ ૨૫ ॥ જીવ દયાના છે બહુ ભેદ જુવો સિદ્ધાન્ત પુરાણને વેદ; દયાવંત લે સુખ સંતાન, અનુક્રમે પાલે દેવ વિમાન. ॥ ૨૬ ॥ તપગચ્છ નાયક વિજે દેવ સૂરીન્દ, તસ પાટે વિજે સિંહ મુણંદ; વાચક ભાણચંદ શિષ્યસાર-વિવેકચંદ કહે એહ વિચાર. ॥ ૨૭ ॥

॥ ઇતિ-જીવ દયાનો છંદ સમાપ્ત ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી દેશાન્તરી છંદ.

## દુહા

સુવચન આપો સારદા, મયા કરી મુજ માય; જો તું પ્રસન્ન સુવચન તણી, મણા ન હોવે કાય. ॥ ૧ ॥ કાલિદાસ સરખા કીયા, રંક થકી કવિરાજ મેહર કરી માતા મુને, નિજ સુજાણ નિવાજ. ॥ ૨ ॥ ત્રેવિશમા જિનવર તણા, ગુણ ગાવા મન ગાઢ દાખશું, છંદ દેશાન્તરી ચાહ પ્રમાણે ચાઢ. ॥ ૩ ॥ દેશકેતાઇક દાખિયા, કવિ મુખ સુણીયા કેઇ; શાસ્ત્ર થકી કેઈ, સંગ્રહ્યા પભણુ સુછંદ તેઈ ॥ ૪ ॥ જન્મ પરણુ જુગત, ભાખી નવ નવ ભત્ત; મત્ત કોઇ જુઠી માનજો, સઘલીહી છે સત્ત ॥ ૫ ॥ ત્રિહુ દિશને ડોઉદધિ તટે, ઉતર પંથ અપાર દેશ ઘણા; તિણ દીસે મહિયણ સમુદ્ર મજાર ॥ ૬ ॥ મુહ (પુહ) વિજેતી પસરે પવન, અર્ક કરે ઉજાસ; નિજ નિજ ભાષા નારિ-નર, જાપ જપે સવજાસ. ॥ ૭ ॥

## છંદ.

જિહા જાપ જપંતા ધ્યાન ધરંતા સોલહ વિદ્યા સાધંતા, હોઈ વિદ્યાધારી તે નર-નારી અંબર ચારી ઉડંતા; રૂપાચલ વાસી મંત્ર અભ્યાસી, લીલ વિલાસી સુવિચારં ॥ ૧ ॥ તિણ દેશ મુજારં પાસ કુમારં જપે ઉદારં જયકારં. ॥ ૮ ॥ જિહા મેરૂ ગિરંદા પાસ ભમંદા સુરજ ચંદા રાત દિણં, દસ વિધ સુર વૃક્ષં પૂરે સુખં નહિ જિહા દુઃખં; સુખ ઘણં નર નારી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીરતિ યુગલ ઉપ્પતી--અકરમ ભૂમિ અવતારં ॥ તિણ દેશ ॥૯॥ જિહા ચૌરાશી લખં પૂર્વ વરષં સદા મનુષં આયુષં, છે પંચ ધનુષં દેહા દષં પંચાવિ દેહે પરતખ્ખં; જંબૂખંડ ધાઇ દ્વીપ અઢાઇ પૂખર અરધે સુવિસ્તારં ॥ તિણ દેશ. ॥ ૧૦ ॥ જિહા નર અશ્વ મુખં દેહી મનુષં અશ્વ દેહી નર એક મુખં, રહે રૂડી રૂખં પ્રિયા પુરૂષં સરખા સરખે દ્વે સુખં; કેલાહિ માલે વાસ નિહાલે ઇહા કિન્નર આકારં ॥ તિણ દેશ. ॥ ૧૧ ॥ જિહા નર નવ ગજા સબલ સકજા ધજા ધારી ધમ ચાલી, હલ સિંહા સેતી ખેડતા ખેતી હદ સકતી હેડે હાલી; ચઢકે હરી રથેનાગાનથે ભીડે ભારથ સુજ સારં ॥ તિણ દેશ. ॥ ૧૨ ॥ જિહા અન્ન પાણી છંડે ધરણા મંડે જાએ વન ખંડે લોક વસે નપીઇથણ બાલં કષ્ઠ કરાલં કર વરસાલં ઘન વરસે; બાલક બોલંતા જિહા જનમંતા, દંત સમંતા મુખ દ્વારં. તિણ દેશ૦ ॥ ૧૩ ॥ જિહા નર એક ટંગા રૂપ અનંગા, કુહિ કુરંગા જેમ વહે; સુવે ન બેસે પડે ન પેસે રાત દિવસ ખડા રહે, જલ પૌન આહારી નહી મન્નધારી નહિ હે દ્વારે નિહારં ॥ તિણ દેશ૦ ॥ ૧૪ ॥ જિહા નર નારી નગન્નં લંબ શ્રવન્નં કપડા થાનક જીહા કન્નં એક ઉપર પોઢે એકજ ઓઢે ગોઠે પર ઘલ ઘન ધન્નં, બોલે સત્ય વાચા શીલે સાચા જાચા જુજે જુજારં ॥ તિણ દેશ૦ ॥ ૧૫ ॥ જિહા કુમાર કુમારી ભણતા ભારી મઠ ધારી ગુરૂ સંઘાતે રહેતા દિન રાતે વરસે જાતે નિજ નિજ-વાતા મલિજાતે દેશ ધાકડ કુડીયા શ્રવણે સુણી યા સગર્ભ ત્રિયા વર ભરતારં ॥ તિણ દેશ૦ ॥ ૧૬ ॥ જિણ દેશ જુગતી ગોરખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જતી શ્રાપ સંતાપે સર્જતી, મલમૂલ દ્વારે લિંગાસારે મુકીમારે વિલપંતી; મેદાન વિછૂટે એહી હઠે ભૂછઠો દીસે આચારં. ॥ તિણેદશ. ॥ ૧૭ ॥ જિહા ઉચે આસન બેસે સિહાસન કામણ હાલ હુકમ કરે નર હોઇ ગુલામ કરેગ્રહ કામ સાલ સલામ ડંડ ધરે કરેવાલંદવ કરમારેટ કર સ્રીયારાજે અધિકારં. ॥ તિણદેશ. ॥ ૧૮ ॥ જિંહા માસં માસં એહતમાસં કામરૂ કામ ક્ષાવાસં છિલજોનિખલલકેરતતલકે પૂજત તકેલે વાસં હસાસખટ કંડા કડ મકંહણ આહકેહ કારં. ॥ તિણદેશ. ॥ ૧૯ ॥ કરતા બહુક જઝપાલે પરજરાજે રાજં કપિરાણં કપહી કોટ વાલંકણ રખવાલં કપહી દાંણિદીવાનં લંગુરાલારં ફોજા દારં જોધાણે નખ હથિયારં. ॥ તિણદેશ. ॥ ૨૦ ॥ જિહા ચઢીકે હુડ બંધે સબલે વંધે ગિરીસર સંધે જાય રહે પલગ્રહે પહેલે ખલ ઉથલે પહિ સમજલે સોનગૃહે દોએ ચૂચા ભલભક્ષી જાય ઉચક્ષી ભારંડ મુકે દધિપારં. ॥ તિણદેશ. ॥ ૨૧ ॥ જિહા જાપા હોવે નારી ન સોવે ઘટ ધોવે ઘરકામ કરે, લિપે વલી મંડે પીસે ખંડે ઘટ મંડે શીર નીરં ભરે; નરપડ દેખે પવન નચખે તિખખણ ભખખે તિણવારં. ॥ તિણદેશ. ॥ ૨૨ ॥ થિર અબાસુ ધેટ્રી બેટા બેટી સ્રી પેટા આઠ જાણે નિરોગણ નારી સબલી સારી ભણે અંગ ભારી સોલ ભણે ચોપદગજ ભક્ષી સુડા પંક્ષીહ બસી મનુષ્ય અણપારં. ॥ તિણદેશ. ॥ ૨૩ ॥ સવ રસ ચડ વચે અંગ અરચે મુચેનર તસુ વિચાલ, શીર મુંડે વાલં બંધે પાલ થિર ધરીજે ત્રાંબા થાલં ચૂણી લેજો કગ્ગં વિહંસ વિહગ્ગં સગ્ગં પ્રાપ્ત સંસારં. ॥ તિણદેશ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ ૨૪ ॥ જિહા ઉડણા ગડણા જલણા વિહણા ભગણા
વનહુમજાર માનવત્રિય મરણે કારજ કરણે વરણા વરણે વિચારં.
॥ તિણદેશ. ॥ ૨૫ ॥ જિહામેલે મિલંતે જંગ જુડંતે પંથ
ભુલંતે પુંચ્છિ જે ડગતા શીર દઢી છૂઢા છૂઢી (બુઢા–બુઢી)
કઢી તિહા એકઠા કીજે લીજે તે લારં સંબલ સારં આમિ
ષોરા આધારં ॥ તિણદેશ. ॥ ૨૬ ॥ જિહામણો મોતિ
મસ્તક હોતી એહાદંતી દીપંતિ કોકીલ કામણ હંસાગામણ
દામણદેહી ઉપતી ભદ્રજાતીમયં ગલ પઉમણ અવલદીપે સંઘલ
સત્કારં. ॥ તિણદેશ. ॥ ૨૭ ॥ કન્યા વિવાહે મંડપમાહે
અધિક ઉચ્છાહે લોક મિલે માહાસોભા મંડે ઘણે ઘમંડે
આલસ છંડે હે છલે પરણે પંચ પુરૂષં નારી નિરખં લખીજે
હેમ દુપલારં. ॥ તિણદેશ. ॥ ૨૮ । બરજોન ભજઝં રહે
નિલજઝં કરવા કજઝંદ્વેષકં થણ નાખે ખંચે ધાવે ખંચે બંચે
પુઠે બાલકં કસકંચૂ પાઠે ગુરૂ જાણ દીઠે કર કાંકસી શીર ધારં
॥ તિણદેશ. ॥ ૨૯ ॥ જિહા સાતે વારં સાત ભરતારં
વિંદકુમારિ ધૂર એવરે જહિ પરણ્યો જોઇ તિણ દિન સોઇ
ઘરણી હોઇ રહીતા સધરે તંબોલ કપૂરં તેલ સિન્દૂરં કરે
મહેમા અતિ મનોહરં. ॥ તિણદેશ. ॥ ૩૦ ॥ જિહાકાલા
કિવિલાકિર કિરિયાલાગી લાવિ છુપખાલા મીઠા (ઠા) થી
મોટા ખરાજ ખોટા છોટાપણ જાણે છાલા જિહા કંટક ઝાડે
પાણહ ફાટે છાંટે વિષહો વેહારં. ॥ તિણદેશ. ॥ ૩૧ ॥ જિહા
પેસપાતાલં પડતે પાલં દિલહેમાલંશી આલં નિકલેઉન્હાલં બ
લકેખાલં નદીયા નાલં વરસાલં ખેડતા નર બેઠી ઉચ્ચસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સેતી ઉપજે ધાન અંબારં. ॥ તિણદેશ. ॥ ૩૨ ॥ જિહા મુસા
મુછાલા રહે રસાલા જલણ જ્વાલા વિચાલં વલી મુંછા વાલં
વસ્ત્ર વિસાલં પાવક લે પખાલં તસુબલે વર મંતે માહાગરમં
મરે સોલગે જલધારં ॥ તિણ દેશ૦ ॥ ૩૩ ॥ જલ માણસ
જાલે ધાણે ઘાલે જીહી પિલી જે જલયંત્ર ષટ્માસ પ્રમાણં
ફુગ્ને ઘાણં છુટે પ્રાણ એણ મંત્ર તસ હાડ રત્નં બંધ શ્રવન્નં
તરે જલનિધિ આતારં ॥ તિણ દેશ૦ ॥ ૩૪ ॥ સુરહી દહી
દુધં કહી અશુદ્ધં મહા વિરૂધં અભક્ષં ઘૃત કરે ગર્મ ચોપડે
ચર્મ પડે નર્મ પગરખ્ખં તિહાહિ દૂહં દાએ હા છંદા સદા
નાલેરા ઘૃત બારં ॥ તિણ દેશ૦ ॥ ૩૫ ॥ ભારંડ દો મુખી
વાખી મનુષિતીન ચલણ એક તનં દોએ ચૂંચા ચંચલ તિન
ગોગલ ચલે મયં ગલ ઉડે ગગનં વનીતા વખાણં બિમણે પ્રાણં
સંખ્યાગં ખગ્ગ શીરદારં ॥ તિણ દેશ૦ ॥ ૩૬ ॥ શીણગારે
સારી રાજકુમારી કરે અસવારી તિહાજાવે કુઆસિર આવે વેસ
બોલાવે ધનિ કન્યા પૂઠે ધાવે રહે પૂઠાર લકે થાહા થલકે
જલકે પાર દલે જારં ॥ તિણ દેશ૦ ॥ ૩૭ ॥ જિહા ધાસ
વરન્નં અખર સોવન્નં વન્ને રન્ને ઉત્પન્નં વહેતા ગૌવગ્ગં ચ
રવાસગ્ગં વદન વિલગ્ગં સોવન્નં સંગ્રહી જે છાણ કરસે નાણં
કનક સજાણ કુમારં ॥ તિણ દેશ૦ ॥ ૩૮ ॥ જિહા તરવર
ચોહી શ્રી ફલ જેહા છે હાલગે આકાશં ફલ ફુબ્જેડા જાણે
કડિઆ તેડા પકકે નવ માસં ભુંઇ પડતા ભગ્ગા રહે નલગ્ગા
જંગા નર ગિરિ આકારં ॥ તિણ દેશ૦ ॥ ૩૯ ॥ મગધા
અંગ વંગં કાસ કુલંગં વછ–કુરૂ–કૌશલ–વૈરાટ જંગલ પંચાલં
કણ કુણાલં મલયં શિડં લતિ મલાટં વિદેહ વિદર્ભ સોરઠ સર્વ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ણંદ સારં વિચારં ॥ તિણ દેશ૦ ॥ ૪૦ ॥ કર્ણાટં ઘાટં ઘોડા ઘાટં ભોટં ઘોટં નેપાલં ચીણં મહા ચીણં હુર મજહુણં બબ્બર બપર બંગાલં કનડ તિલંગાણં કબ કુર સાણં બસ ખુરસાણં ગંધારં ॥ તિણ દેશ૦ ॥ ૪૧ ॥ કસમીરં કીરં વલી પરતીરં કિલ માખંતા પ્રતિપાલં રોમ સામ હુવાસં પર્વત પાસં જાલં ઘર કુંકણ જાલં ગુર્જર–ગુડ–ગંડક નવખંડ વાર મલાર મલબારં ॥ તિણ દેશ૦ ॥ ૪૨ ॥ મેવાડં માંડં વલી મારવાડં મછી મંદિર મેવાતં માલવ મરહટં જલ થલવટં વંદકસાણં કે સાતં આરમ બગસંપુલિદર પાસંગણી જે આહનગંધારં. ॥ તિણદેશ. ॥ ૪૩ ॥ કુસવર્ત્તિ સંધીરં સંઘ સુવીરં સુર સેનકે કય અર્ધ સાઢા પચવિશં આ રજદેશં સૂત્ર સિદ્ધાંતે પરસિદ્ધં ઉત્તમ નર જન્મં કર્માકર્મં ધર્માધર્મં નિરધરં. ॥ તિણદેશ. ॥ ૪૪ ॥ ઇમદેશ અપારં નવ આચરં આરજકે અનારજં નવ નવ મુખભાષા નવ નવ શાખા સલજ કેઇ નીલજં આણે નવ નવ ભેખં અછે અલેખં પાતિક પુન્યં પરિહાર ॥ તિણદેશ ॥ ૪૫ ॥

## કલશ

જપે સહુ કોએ જગદીશ ઇણત્રણ ભુવન અખંડિત, અભ્દુત રૂપ અનુપ મુકુટ કુલમણીયે મંડિત; ધરે આણ સહુ ધરાઓ દધિ મજદ્વીપ જિતાઇ, સ્વર્ગ મૃત્યુ પાતાલ વર કીર્તિ સુહાઇ, વર લછી વલભ સુતન પૂરણ પ્રભુ વૈકુંઠ પુરી, પ્રાગ્જેની પાસકવિરાજ એમ સ્તવિયો છંદ દેશાન્તરી. ॥ ૪૬ ॥

॥ ઇતિ દેશાન્તરી છંદ સમાપ્ત. ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## —: પ્રાપ્તિ સ્થાન :—

**શેઠ ઇશ્વરલાલ મૂલચંદ**

ઠે. ફીકાભટ્ટની પોલ મુ. **અમદાવાદ**

**મહેતા નાગરદાસ પ્રાગજી** ઠે. દોશીવાડાની પોલ

મુ. **અમદાવાદ**

**માસ્તર મોતીલાલ જગજીવન** ઠે. શેઠ હેમાભાઇની

ધર્મશાલા ઉપરકોટ મુ. **જુનાગઢ** (કાઠિયાવાડ)

**શાહ અમૃત[illegible] જગજીવન**

ઠે. [illegible] જગજીવન-દીવાન ચોક

[illegible] **જુનાગઢ** (કાઠિયાવાડ)

Serving JinShasan
014812
gyanmandir@kobatirth.org

દોશી પ્રીન્ટીંગ પ્રેસ-જૂનાગઢ

श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org